૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 40 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 February 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

સોમવાર, ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘પ્રયાગરાજ તરફની ચાર ટ્રેનો, બેનાં સરખાં નામ’ નાસભાગનું નિમિત્ત

**પ્રયાગરાજ કુંભ જતી ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૪ પર રાહ જોઈ રહી હતી. આ દરમિયાન ત્યાં પહેલેથી જ મોટી ભીડ હાજર હતી, અને અન્ય મુસાફરો પણ ત્યાં પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા**

નવી દિલ્હીઃ નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ થયેલી નાસભાગમાં નવ મહિલા, ચાર પુરુષ અને પાંચ બાળક સહિત ૧૮ લોકોનાં મોત અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે આ ઘટનાની તપાસ કરી સત્તાવાર નિવેદન જાહેર કર્યું છે. દિલ્હી પોલીસે કહ્યું કે, બે ટ્રેનના એકસરખા નામ હોવાથી મુસાફરો મૂંઝવણમાં મુકાયા હતા, જેના કારણે નાસભાગ થઈ. ‘પ્રયાગરાજ’ નામથી બે ટ્રેનો હતી. એક પ્રયાગરાજ એક્સપ્રેસ અને બીજી પ્રયાગરાજ સ્પેશિયલ.

દિલ્હી પોલીસે કહ્યું કે, પ્રયાગરાજ તરફ ચાર ટ્રેનો જવાની હોવાથી રેલવે સ્ટેશન પર ભારે ભીડ હતી. પ્લેટફોર્મ નંબર-૧૪ પર પ્રયાગરાજ એક્સપ્રેસ ઊભી હતી. આ દરમિયાન પ્લેટફોર્મ નંબર-૧૬ પર પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેન આવવાની જાહેરાત થયા બાદ ભ્રમ ઊભો થયો હતો. જે મુસાફરો પ્લેટફોર્મ નંબર-૧૪ પર ન પહોંચી શક્યા, તેઓને ભ્રમ થયો કે, તેમની ટ્રેન પ્લેટફોર્મ નંબર-૧૬ પર આવી રહી છે, જેના કારણે નાસભાગની ઘટના બની. પરંતુ આ બંને ટ્રેનો જુદી જુદી હતી.

આ પહેલા એવા અહેવાલો સામે આવ્યા હતા કે, રેલવેએ કુંભ માટે ખાસ ટ્રેનની જાહેરાત કરી હતી, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. જ્યારે રેલવેએ ભારે ટિકિટ વેચાણ થતા, તેમણે ખાસ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો, પરંતુ ભીડને સંભાળવા માટે પૂરતી વ્યવસ્થા નહોતી. પ્રયાગરાજ કુંભ જતી ટ્રેન પ્લેટફોર્મ નંબર ૧૪ પર રાહ જોઈ રહી હતી. આ દરમિયાન ત્યાં પહેલેથી જ મોટી ભીડ હાજર હતી, અને અન્ય મુસાફરો પણ ત્યાં પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. રેલવેએ અચાનક પ્લેટફોર્મ નંબર ૧૬ પરથી એક ખાસ ટ્રેનની જાહેરાત કરી, જે મુસાફરો પહેલાથી જ પ્લેટફોર્મ ૧૪ પર જવાનો પ્રયાસ કરી રહ્યા હતા તેઓ હવે પ્લેટફોર્મ ૧૬ તરફ પણ દોડવા લાગ્યા,

(જુઓ પાનું ૨) ▸▸



**ભીડ ભરેલું રેલવે સ્ટેશનઃ** પ્રયાગરાજ મહાકુંભ જનારી ટ્રેન પકડવા માટે નવી દિલ્હીના સ્ટેશન પર ભારે ઘસારો થયો હતો. પરિણામે અંધાધૂંધી સર્જાઈ હતી અને શનિવારે રાતે થયેલી ભાગદોડમાં ૧૮ લોકોનાં મોત થયા હતા અને અનેક ઘાયલ થયા હતા. (એજન્સી)

## પીડિતોના પરિવારોને રેલવે ₹ ૧૦ લાખનું વળતર આપશે

નવી દિલ્હીઃ રેલવેએ રવિવારે નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. રેલવેએ જણાવ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૨.૫ લાખ રૂપિયા અને સામાન્ય ઇજાગ્રસ્તોને એક લાખ રૂપિયા આપવામાં આવશે. શનિવારે મોડી રાત્રે ખીચોખીચ ભરેલા રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં ઓછામાં ઓછા ૧૮ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. ભાગદોડ પહેલા મહાકુંભમાં ભાગ લેવા માટે પ્રયાગરાજ જતી ટ્રેનોમાં ચઢવા માટે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧૪ અને ૧૫ પર યાત્રીઓની ભારે ભીડ જમા થઇ હતી.■

**ભારત પર અમેરિકાએ વિંઝ્યો કોરડો**

## ૨.૨ કરોડ ડૉલરનું ફંડિંગ રદ

વૉશિંગ્ટનઃ અમેરિકાએ ભારત સહિત ઘણા દેશોને આપવામાં આવતા વિદેશી ભંડોળમાં ઘટાડો કર્યો છે. અમેરિકન ઉદ્યોગપતિ ઈલોન મસ્કની આગેવાની હેઠળના યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ ઓફિસ એ ભારતમાં વોટર ટર્નઆઉટ માટે આપવામાં આવતું ૨૨ મિલિયન ડૉલરનું ભંડોળ રદ કર્યું છે. બાંગ્લાદેશ અને અન્ય દેશોને આપવામાં આવતી સહાયમાં પણ કાપ મૂકવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના મુખ્ય નિર્ણય હેઠળ ઈલોન મસ્કે સરકારી ખર્ચ ઘટાડવાના પ્રયાસના ભાગરૂપે બજેટ કાપને પ્રાથમિકતા આપી છે. વડા ઈલોન મસ્કે વારંવાર જણાવ્યું છે કે ફેડરલ ખર્ચમાં નોંધપાત્ર કાપ નહીં કરવામાં આવે તો અમેરિકા નાદાર થઈ જશે. તેમણે ભારતની ચૂંટણીમાં મતદારોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે આવનારી ૨૧ મિલિયન ડૉલરની સહાયને રદ કરી દીધી છે.

ટ્રમ્પ અને વડા પ્રધાન મોદી વચ્ચે

(જુઓ પાનું ૨) ▸▸

## ૧૧૬ ગેરકાયદે વસાહતી ભારતીયોને લઈને અમેરિકન વિમાન પહોંચ્યું અમૃતસર

અમૃતસર/ચંડીગઢઃ ૧૧૬ ગેરકાયદે ભારતીય વસાહતીને લઈને અમેરિકાનું લશ્કરી વિમાન શનિવારે રાત્રે અમૃતસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવી પહોંચ્યું હતું , એવી માહિતી સત્તાવાર સાધનોએ આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર સી-૧૭ વિમાન અપેક્ષિત સમય રાતના દસ વાગ્યાને બદલે રાત્રે ૧૧-૩૫ કલાકે આવ્યું હતું. ગેરકાયદે વસાહતીઓ પરની તવાઈના ભાગરૂપે ટ્રમ્પ વહીવટીતંત્રે ભારતીયોના બીજા બેચને દેશપાર કર્યો હતો.

ઈમિગ્રેશન અને પાર્શ્વભૂમિની ચકાસણી બાદ પંજાબના વસાહતીઓને રવિવારે પોલીસ ગાડીમાં તેમના ઘરે લઈ જવામાં આવ્યા હતા.

પહેલા બેચના ભારતીયો પાંચ ફેબ્રુઆરીએ અમૃતસરમાં ઉતર્યા હતા. તેઓએ કહ્યું હતું કે તેમના કુટંબ માટે બહેતર જીવન મળે તેઓ અમેરિકા સ્થળાંતર કરવા માગતા હતા, પરંતુ અમને અમારા એજન્ટોએ છેતર્યા હતા. અમે અમેરિકન સરહદે પકડાયા અને અમને હાથકડી પહેરાવીને પાછા મોકલવામાં આવ્યા ત્યારે અમારા સ્વપ્ન ચકનાચૂર થયાં હતાં.

અગાઉ એવા અહેવાલો આવ્યા હતા કે પ્લેનમાં ૧૧૯ ભારતીયો છે, પરંતુ સુધારેલી યાદીમાં ૧૧૬ ગેરકાયદે વસાહતીઓનાં નામ હતા.

નવા બેચમાં ૬૫ પંજાબના, ૩૩ હરિયાણાના, આઠ ગુજરાતના, ઉત્તર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાન દરેકના બે અને હિમાચલ પ્રદેશ અને

(જુઓ પાનું ૨) ▸▸

## આજે દિલ્હી ભાજપના ધારાસભ્યોની બેઠક, નવા મુખ્ય પ્રધાન અંગે લેવાશે નિર્ણય

નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્ય પ્રધાન કોણ હશે તેનો નિર્ણય આજે લેવામાં આવી શકે છે. નવા મુખ્ય પ્રધાનની પસંદગી માટે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ધારાસભ્યોની આજે બપોરે બેઠક યોજાશે. આ બેઠકમાં ગૃહના નેતાની પસંદગી કરવામાં આવશે અને દિલ્હીના આગામી મુખ્ય પ્રધાનનું નામ નક્કી કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શપથ ગ્રહણ સમારોહ ૧૯ કે ૨૦ ફેબ્રુઆરીએ દિલ્હીમાં યોજાઈ શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપના ૪૮ ધારાસભ્યોમાંથી ૧૫ ના નામ પસંદ કરવામાં આવ્યા છે, જેમાંથી નવ નામ શોર્ટલિસ્ટ કરવામાં આવશે. આમાંથી મુખ્ય પ્રધાન, પ્રધાન અને સ્પીકરના નામ નક્કી કરવામાં આવશે.

નોંધનીય છે કે રેખા ગુપ્તા, પ્રવેશ વર્મા, મોહન સિંહ બિષ્ટ, વિજેન્દ્ર ગુપ્તા, સતીશ ઉપાધ્યાય, આશિષ સૂદ, શિખા રાય અને પવન શર્માના નામ મુખ્ય પ્રધાનની રેસમાં છે. જોકે આ ફક્ત અટકળો છે, વડા પ્રધાન મોદી અને અમિત શાહ રાજસ્થાન અને મધ્યપ્રદેશની જેમ દિલ્હીમાં પણ સરપ્રાઇઝ આપી શકે છે.

ઉત્તર પશ્ચિમ દિલ્હીના ભાજપના સાંસદ યોગેન્દ્ર ચંદોલિયાએ કહ્યું હતું કે નવા મુખ્ય પ્રધાનની પસંદગી

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં ૧૦ વર્ષમાં બૅન્કો સાથે ₹ ૨૪,૮૮૦ કરોડની ઠગાઈ

### ૬૧ બૅન્કો સાથે છેતરપિંડીના ૩૩,૫૧૮ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આર્થિક ગુનાઓ સામાન્ય માણસોથી લઈ બૅન્કો માટે પણ મોટી ચિંતાનો વિષય બન્યા છે. રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયામાં થયેલી એક આરટીઆઈના જવાબમાં ગુજરાતની બૅન્કો સાથે છેતરપિડીની ચોંકાવનારી માહિતી બહાર આવી હતી. મળતી વિગતો મુજબ ગુજરાતમાં ૧૦ વર્ષમાં બૅન્કો સાથે ૨૪,૮૮૦ કરોડ રૂપિયાની ઠગાઈ થઈ છે. આરબીઆઈએ જણાવ્યું હતું કે, ૨૦૧૫-૧૬થી ૨૦૨૪-૨૫ (ડિસેમ્બર સુધી) દરમિયાન રાજ્યની ૬૧ બૅન્કો સાથે ઠગાઈના ૩૩,૫૧૮ કેસ નોંધાયા હતા. આ કેસોમાં ૧૦ વર્ષ દરમિયાન માત્ર ૯ ટકા એટલે કે માત્ર ૨૨૫૮ કરોડ રૂપિયા રિકવર થયા છે.

સરકારી બૅન્કોમાં ૨૦૪૫૨ કરોડ (૮૨ ટકા) અને ખાનગી બૅન્કો સાથે ૪૪૪૪ કરોડ (૧૮ ટકા)ની ઠગાઈ આચરવામાં આવી છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરની બૅન્કો સાથે ઠગાઈની કુલ રકમના ૯૬ ટકા એટલે કે ૨૩૯૦૮ કરોડના ફ્રોડ થયા છે. આરબીઆઈ

(જુઓ પાનું ૨) ▸▸

## આરએસએસના વડા મોહન ભાગવતે હિન્દુ સમાજની એકતા પર મૂક્યો ભાર

બર્ધમાન (પશ્ચિમ બંગાળ)ઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના વડા મોહન ભાગવતે રવિવારે વિશ્વની વિવિધતાને સ્વીકારવાના મહત્ત્વ પર ભાર મુક્યો અને કહ્યું હતું કે હિન્દુ સમાજનું માનવું છે કે વિવિધતા એકતામાં રહેલી છે. બર્ધમાનના સાંઈ ગ્રાઉન્ડ ખાતે આરએસએસના કાર્યક્રમને સંબોધતા ભાગવતે કહ્યું હતું કે હિન્દુ સમાજમાં એકતાની જરૂર છે અને સારા સમયમાં પણ પડકારો રહેશે.

તેમણે કહ્યું હતું કે, ‘આપણે હિન્દુ સમાજને એક કરવા અને સંગઠિત કરવાની જરૂર છે. સમસ્યાઓનું સ્વરૂપ શું છે તેના કરતાં આપણે સમસ્યાઓનો સામનો કરવા માટે કેટલા તૈયાર છીએ



તે મહત્ત્વનું છે.’

પશ્ચિમ બંગાળ પોલીસે અગાઉ રેલી યોજવાની પરવાનગીનો ઇનકાર કર્યો હતો. આ પછી કલકત્તા હાઈકોર્ટની મંજૂરી મળ્યા બાદ રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભાગવતે કહ્યું કે દેશ અંગ્રેજોએ બનાવ્યો ન હતો. તેમણે કહ્યું હતું કે ભારત એક નથી તેવી લાગણી અંગ્રેજોએ લોકોના મનમાં નાખી હતી.

ભાગવતે કહ્યું હતું કે ભારતમાં કોઈ સમ્રાટો અને મહારાજાઓને યાદ કરતું નથી પરંતુ એક રાજાને યાદ કરે છે જેણે પોતાના પિતાના વચનને પૂર્ણ કરવા માટે ૧૪ વર્ષનો વનવાસ ભોગવ્યો હતો આ સ્પષ્ટ રીતે ભગવાન રામનો સંદર્ભ હતો અને તે માણસનો જેણે પોતાના ભાઈની પાદુકાઓને ગાદી પર બેસાડી હતી, અને પાછા ફર્યા પછી રાજ્ય સોંપ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, ‘આ

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત ૨030 પહેલાં નવ લાખ કરોડ રૂપિયાની નિકાસનું લક્ષ્ય સર કરશેઃ મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે મને આશા છે કે ટેકસ્ટાઈલ સેક્ટર ૨૦૩૦ની ડેડલાઈન પહેલાં નવ લાખ કરોડની નિકાસનું લક્ષ્ય પૂરું કરશે.

આ જાહેરાત એટલા માટે મહત્ત્વની છે કારણ કે ૨૦૨૫ના સામાન્ય અંદાજપત્રમાં એવી ઘોષણા કરવામાં આવી છે કે એકસ્ટ્રા લોન્ગ સ્ટેપલની વરાઈટીના કોટનનું ઉત્પાદન વધારવા પાંચ વર્ષનું કોટન મિશન શરૂ કરવામાં આવશે. એમાં નેશનલ કોટન મિશનને ૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

ભારત ટેક્સ ૨૦૨૫માં બોલતાં મોદીએ કહ્યું હતું કે હાલમાં આપણે ટેકસ્ટાઈલ અને અપેરલની નિકાસમાં છઠ્ઠા ક્રમાંકે છીએ. આપણે ત્રણ લાખ કરોડ રૂપિયાની નિકાસ કરીએ છીએ. આપણું લક્ષ્ય આ આંકડાની ત્રણ ગણી એટલે કે નવ લાખ કરોડ રૂપિયની નિકાસ કરવાની છે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે આ સફળતા છેલ્લા એક દાયકાની સખત મહેનત અને સાતત્યભરી નીતિને આભારી છે. આ સમયગાળામાં વિદેશી રોકાણ બે ગણું થયું છે. મને લાગે છે કે જે રીતે કામ થઈ રહ્યું છે એ જોતા આપણે ૨૦૩૦ની મુદત પહેલાં જ લક્ષ્ય સિદ્ધ કરીશું. આ ક્ષેત્ર રોજગાર આપનારું મોટું ક્ષેત્ર છે અને ઉત્પાદન ક્ષેત્રમાં ૧૧ ટકાનું તેનું યોગદાન છે. કેન્દ્રીય બજેટમાં ૨૦૨૫-૨૬ના

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાના દક્ષિણ પૂર્વ ભાગમાં ખતરનાક પૂર

### પૂર્વોત્તર વિસ્તારોમાં બરફવર્ષાની આગાહી



**વરસાદનું તાંડવઃ** અમેરિકાના કેન્ટુકીમાં પડેલા ભારે વરસાદ પછી શહેરની ભાગોળે આવેલાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. (એજન્સી)

લુઇસવિલે (અમેરિકા)ઃ અમેરિકાના દક્ષિણ પૂર્વમાં ભારે વરસાદના કારણે ખતરનાક પૂર આવ્યું હતું. એક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેન્ટુકીના ક્લે કાઉન્ટીમાં પૂરના પાણીમાં એક વ્યક્તિ મૃત હાલતમાં મળી આવી હતી. કેન્ટુકીના ક્લે કાઉન્ટીમાં પૂરના પાણીમાં એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. કેન્ટકીમાં કારો અને ઇમારતો પાણીમાં ડૂબી ગઇ હતી, જ્યારે મડસ્લાઇડ્સના વર્જિનિયામાં રસ્તાઓ બંધ થયા હતા. ટેનેસી અને અર્કાસસની સાથે બંને રાજ્યોને પૂરની ચેતવણી આપવામાં આવી હતી.

સપ્તાહના અંતે ઉત્તર પૂર્વમાં પણ બરફવર્ષા થવાની આગાહી કરવામાં આવી હતી અને મિસિસિપી ખીણમાં વાવાઝોડાનો સામનો કરવો પડી રહ્યો છે. ઉત્તર પૂર્વના સૌથી ઊંચા પર્વત પર ૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ બરફના તોફાનમાંથી હાઇકર્સને બચાવી

(જુઓ પાનું ૨) ▸▸

**ટ્રમ્પ અને ઈલોન મસ્કની મુશ્કેલી વધી**

## અમેરિકાના જ ૧૪ રાજયએ કોર્ટમાં દાખલ કર્યો કેસ

વૉશિંગ્ટનઃ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ અને સરકારી કાર્યક્ષમતા વિભાગના પ્રમુખ ઇલોન મસ્કની મુશ્કેલી વધી ગઈ છે. જો કે, અમેરિકાનાં ૧૪ રાજ્યોએ ટ્રમ્પ અને મસ્ક વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. જેમાં નવા સરકારી કાર્યક્ષમતા વિભાગના પ્રમુખ તરીકે ઇલોન મસ્કની ભૂમિકાને પડકારવામાં આવી છે. કોર્ટમાં કેસ કરીને આરોપ લગાવાયો છે કે, મસ્કની નિમણૂક અમેરિકન બંધારણની વિરુદ્ધ છે.

વોશિંગ્ટન ડીસીમાં સંઘીય કોર્ટમાં ગુરુવારે દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, ‘સરકારને તેમના કર્મચારીઓથી વંચિત કરવા અને એક કલમ અને માઉસના એક ક્લિક કરીને આખા વિભાગોને ખતમ કરવાની મસ્કની અસીમિત અને અનિયંત્રિત શક્તિ, આ દેશની સ્વતંત્રતા જીતનારા માટે ચોંકાવનારી રહી હશે.’

ન્યૂ મેક્સિકો રાજ્યના નેતૃત્વમાં દાખલ ફરિયાદમાં તર્ક આપવામાં આવ્યો છે કે, બંધારણની નિમણૂક સંબંધ ખંડના અનુસાર, મસ્ક જેવા મહત્ત્વપૂર્ણ અને વ્યાપક અધિકાર ધરાવતા વ્યક્તિને રાષ્ટ્રપતિ દ્વારા ઔપચારિક રીતે નામાંકિત કરવી જોઈએ અને યુએસ સેનેટ દ્વારા પુષ્ટિ આપવામાં આવવી જોઈએ.

ન્યૂ મેક્સિકોના એટોર્ની જનરલ રાઉલ ટોરેજ અને એરિજોના, મિશિગન, મેરીલેન્ડ, મિનેસોટા,

(જુઓ પાનું ૨) ▸▸

## માલીમાં સોનાની ખાણ તૂટી પડતાં ૪૨નાં મોત

બામકો (માલી) : પૂર્વ માલીમાં સોનાની ખાણ ધરાશાયી થતાં અનેક લોકો મરણ પામ્યાં હતાં અને અનેક લોકોને ઈજા થઈ હતી. માલીના ટેલિવિઝન અને જ્યાં દુર્ઘટના થઈ તે કેનીબા જિલ્લાના અધિકારીઓએ આ માહિતી આપી હતી.

પશ્ચિમ આફ્રિકાના ફ્રેન્ચ બોલતા આ દેશમાં આ પ્રકારની બીજી દુર્ઘટના છે. માલી આફ્રિકાના સોનાના ત્રણ ઉત્પાદકોમાંનો એક દેશ છે.

માલીના ટેલિવિઝને શનિવારે મોડેથી જાહેર કર્યું હતું કે દાબિયાના બિલાઈ કોટોમાં આખી ખાણ જ તૂટી પડી હતી અને આમાં ૪૨ જણ મરણ પામ્યાં હતાં અને એટલા જ ઘાયલ થયા હતા.

કેનિબાના આ વિસ્તારમાં સરકારનું પ્રતિનિધિત્વ કરતાં પ્રીફેક્ટ મોહમ્મદ ડિકોએ કહ્યું હતું કે ૪૨ લોકોનાં મરણ થયાં છે એમાં કોઈ મીનમેખ નથી.

કોમના નેતા ફલાયે સિસોકોએ કહ્યું હતું કે ગઈ કાલે શનિવારે આ દુર્ઘટના બની હતી. ચીનના નાગરિકો દ્વારા ચલાવામાં આવતી ખાણમાં ભૂસ્ખલન થયું હતું. ડિકોએ કહ્યું હતું કે સત્તાવાળાઓ એ ચકાસી રહ્યા છે કે આ ખાણમાં સોનું કાઢવાનો પ્રયાસ કાયદેસર હતો કે નહીં.

(જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનમાં બે માર્ગ અકસ્માતમાં ૧૬નાં મોત, ૪૫ ઘાયલ

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં ૧૬ લોકોનાં મોત થયા છે, જ્યારે ૪૫ લોકો ઘાયલ થયા છે. આ જાણકારી પોલીસે આપી હતી. પ્રથમ અકસ્માતમાં શનિવારે સિંધના શહીદ બેનઝીરાબાદ જિલ્લામાં કાઝી અહેમદ શહેર નજીક એક વાનની ટ્રેલર સાથે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં પાંચ લોકોના મોત થયા હતા અને ૧૦ લોકો ઘાયલ થયા હતા. કાઝી અહમદ સ્ટેશન હાઉસ ઓફિસર (એસએચઓ) વસીમ મિર્ઝાએ જણાવ્યું કે વાન જામશોરો જિલ્લાના સેહવાન શહેરમાં લાલ શાહબાઝ કલંદરની દરગાહ તરફ જઇ રહી હતી. બીજા અકસ્માતમાં પ્રાંતના ખૈરપુર જિલ્લાના રાણીપુર નજીક એક માર્ગ અકસ્માતમાં ૧૧ લોકોનાં મોત થયા હતા અને ૩૫ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બુરેવાલાથી આવી રહેલી બસ રિક્ષા સાથે અથડાતા થયો હતો. તમામ મૃતકો પંજાબના બુરેવાલાના રહેવાસી હતા. પાકિસ્તાનમાં હાઇવે પર વારંવાર જીવલેણ માર્ગ અકસ્માતો થાય છે જેનાં મુખ્ય કારણોમાં તેજ ગતિએ વાહન ચલાવવું, ખતરનાક ઓવરટેકિંગ અને ટ્રાફિક નિયમોની અવગણના કરવી તે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ધનખડ ઉપરાષ્ટ્રપતિ નહીં ભાજપના નેતા તરીકે વર્તે છે

**ભારતમાં** રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભાના સ્પીકર સહિતના કેટલાક બંધારણીય હોદ્દા પર બેસનારા લોકો પક્ષાપક્ષીથી પર રહીને વર્તે એવી અપેક્ષા રાખવામાં આવે છે. આ અપેક્ષા પાછળનો ઉદ્દેશ એ છે કે, કોઈ પણ વ્યક્તિ ગમે તે વિચારધારા સાથે જોડાયેલી હોય પણ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભાના સ્પીકરપદે બેસે પછી એ વિચારધારાના બદલે દેશનું હિત શેમાં છે એ વિશે વિચારે અને એ પ્રમાણે નિર્ણયો લે. આ ઉદ્દેશ સારો છે પણ કમનસીબે તેનું પાલન થતું નથી.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, લોકસભાના સ્પીકરપદે બેસનારી વ્યક્તિઓ પોતે જે રાજકીય વિચારધારાની કંઠી બાંધીને બેઠી હોય છે તે છોડી શકતી નથી ને દેશના હિતમાં શું જરૂરી છે એ વિચારવાના બદલે પોતાના રાજકીય પક્ષ કે રાજકીય વિચારધારાનું વાજું વગાડીને તેને વફાદાર રહેવા મથ્યા કરે છે. આ માનસિકતા દેશ માટે ઘાતક છે ને તેનું તાજું ઉદાહરણ આપણા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે દેશમાં કેટલાક ઉચ્ચ હોદ્દા પર બેઠેલા વ્યક્તિઓની પસંદગી કરવા માટેની પેનલમાં દેશના ચીફ જસ્ટિસના સમાવેશ અંગે ઉઠાવેલો વાંધો છે.

ભોપાલમાં નેશનલ જ્યુડિશિયલ એકેડેમીમાં એક કાર્યક્રમમાં સંબોધન કરતા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જ્ઞાન પિરસ્યું કે, સીબીઆઈ ડિરેક્ટર, દેશના મુખ્ય ચૂંટણી કમિશનર અથવા બીજી કોઈ સંસ્થાઓના વડાની પસંદગી કરનારી પેનલમાં દેશના ચીફ જસ્ટિસ કઈ રીતે હોઈ શકે અને ચીફ જસ્ટિસ કઈ રીતે આ પસંદગીની પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે એ જ સમજાતું નથી. ધનખડના કહેવા પ્રમાણે, ભારતમાં જ નહીં પણ કોઈપણ લોકશાહી દેશમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ સીબીઆઈ ડિરેક્ટરની કે બીજા કોઈ પણ સંસ્થાના વડાની પસંદગીમાં ભાગ લે એ પાછળનો કાનૂની તર્ક જ સમજાતો નથી. ધનખડના કહેવા પ્રમાણે ન્યાયયંત્રની સક્રિયતા અને ન્યાયતંત્રની સક્રિયતાના અતિરેક વચ્ચેની રેખા પાતળી છે પણ લોકશાહી પર તેની અસર બહુ મોટી પડે છે.

ધનખડની વાતનો સાર એ છે કે, સીબીઆઈના ડિરેક્ટરની પસંદગી હોય કે બીજા કોઈ પણ હોદ્દેદારની પસંદગી હોય, બધું સરકાર પર છોડી દેવું જોઈએ અને ચીફ જસ્ટિસ કે બીજા કોઈને પણ આ પ્રક્રિયામાં સામેલ ના કરવા જોઈએ. ધનખડ બોલી રહ્યા છે એ ભાજપ સરકારની ભાષા છે કેમ કે ભાજપ સરકારને સીબીઆઈ હોય, ઈડી હોય કે ચૂંટણી પંચ હોય, પોતાના પાળેલા પોપટોને બેસાડવામાં રસ છે પણ કાયદા તેની આડે આવે છે.

ધનખડે સીબીઆઈના ડિરેક્ટરની પસંદગીનો મુદ્દો ઉખેળ્યો છે એટલે તેની જ વાત કરી લઈએ. સીબીઆઈ ડિરેક્ટરની પસંદગીની પ્રક્રિયા માત્ર સરકારને આધીન નથી. સીબીઆઈ ડિરેક્ટરની નિમણૂક દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૧૯૪૬ ની કલમ ૪અ હેઠળ કરવામાં આવે છે. આ કલમની જોગવાઈ હેઠળ સીબીઆઈના ડિરેક્ટરની પસંદગી ત્રણ સભ્યોની સમિતિ દ્વારા કરવામાં આવે છે. આ સમિતિમાં વડા પ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને ભારતના ચીફ જસ્ટિસનો સમાવેશ થાય છે.

ધનખડને ચીફ જસ્ટિસની પેનલમાં પસંદગી સામે કેમ વાંધો છે એ પણ સમજી લઈએ. બહુ પહેલાં ચૂંટણી કમિશનરોની નિમણૂક કેન્દ્ર સરકાર પોતે કરતી હતી અને મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી પણ કેન્દ્ર સરકાર જ પોતાની રીતે કરી નાખતી હતી. ૨ માર્ચ, ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચે આદેશ આપ્યો કે પસંદગી પેનલમાં ભારતના ચીફ જસ્ટિસનો સમાવેશ કરવો જરૂરી છે.

સુપ્રીમ કોર્ટના આદેશના કારણે સીબીઆઈ ડિરેક્ટર અને ચૂંટણી કમિશનરની નિમણૂક માટેની પ્રક્રિયા એકસરખી થઈ ગઈ. જે રીતે સીબીઆઈ ડિરેક્ટરની પસંદગી વડા પ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને ભારતના મુખ્ય ન્યાયાધીશની બનેલી ત્રણ સભ્યોની સમિતિ કરતી હતી એ રીતે દેશના મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી માટે પણ વડા પ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને ભારતના મુખ્ય ન્યાયાધીશની બનેલી ત્રણ સભ્યોની સમિતિ બનાવવી ફરજિયાત થઈ ગઈ. તેના કારણે મોદી સરકારને પોતાનો ગરાસ લૂંટાતો લાગ્યો એટલે મોદી સરકારે નવો કાયદો લાવીને મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગીની પ્રક્રિયામાં ફેરફાર કર્યો.

મોદી સરકારે ૨૧ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક, સેવા, શરતો અને કાર્યકાળ સંબંધિત નવું બિલ રજૂ કરીને એવો ફેરફાર કર્યો કે ચૂંટણી કમિશનરોની નિમણૂક ત્રણ સભ્યોની પેનલ દ્વારા કરવામાં આવશે. આ સમિતિમાં વડા પ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને વડા પ્રધાન નક્કી કરે એ કેન્દ્રીય કેબિનેટ મંત્રીનો સમાવેશ થશે. આ પેનલમાંથી ચીફ જસ્ટિસને બાકાત રાખવામાં આવ્યા હતા.

વિપક્ષે નવા કાયદા સામે વાંધો ઉઠાવ્યો હતો. વિપક્ષોનું કહેવું છે કે, મોદી સરકાર સુપ્રીમ કોર્ટના બંધારણીય બેંચના આદેશ વિરુદ્ધ બિલ લાવીને સુપ્રીમ કોર્ટના આદેશની અને બંધારણની અવગણના કરી રહી છે. મોદી સરકાર આ વિરોધને ઘોળીને પી ગઈ હતી અને વિપક્ષના વાંધા વચ્ચે આ બિલ ૨૦૨૩ માં શિયાળુ સત્ર દરમિયાન બંને ગૃહોમાં પસાર થયું હતું.

જો કે કૉંગ્રેસ કાર્યકર જયા ઠાકુરે આ ફેરફાર સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. ચૂંટણી પંચમાં મુખ્ય કમિશનર અને કમિશનરોની નિમણૂક અંગેના નિયમોને પડકારતી અરજી પર ૧૨ ફેબ્રુઆરીએ સુનાવણી થવાની હતી પણ કેસ બોર્ડ પર જ ના આવતાં ટોચના વકીલ પ્રશાંત ભૂષણે જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન કોટીશ્વર સિંહની બેન્ચ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો. હવે ૧૯ ફેબ્રુઆરીએ સુનાવણી થશે અને સુપ્રીમ કોર્ટ શું કરે છે તેના પર સૌની નજર છે.

ધનખડે સરકારની ભાટાઈ કરવાને બદલે પોતાના હોદ્દાનું ગૌરવ જાળવવું જોઈએ. આ મુદ્દો સુપ્રીમ કોર્ટની સમીક્ષા હેઠળ છે ત્યારે બંધારણીય હોદ્દા પર બેઠેલી વ્યક્તિએ એ વિશે કોઈ ટિપ્પણી જ ના કરવાની હોય. તેના બદલે ધનખડ ચીફ જસ્ટિસ શું કરવા પેનલમાં છે તે મુદ્દે વક્તવ્ય આપી રહ્યા છે.

આદર્શ સ્થિતિમાં ચીફ જસ્ટિસને આ બધી પળોજણથી દૂર રાખવા જોઈએ પણ ભારતમાં આદર્શ સ્થિતિ નથી. ભારતમાં સરકારને નિમણૂકોમાં છૂટો દોર મળે તો ભ્રષ્ટ અને માનીતા અધિકારીઓને જ આ હોદ્દા આપી દેવાય. મોદી સરકારે રાકેશ અસ્થાના જેવા ભ્રષ્ટ અધિકારીને સીબીઆઈના ડિરેક્ટર બનાવવા કરેલા ઉધામા તેનો પુરાવો છે. આવાં તો બીજાં ઘણાં ઉદાહરણ આપી શકાય તેમ છે અને આવા લોકોને બેસતા રોકવા પેનલમાં ચીફ જસ્ટિસનું હોવું જરૂરી છે.

ધનખડ ન્યાયયંત્રની સક્રિયતા અને ન્યાયતંત્રની સક્રિયતાના અતિરેક વચ્ચેની પાતળી રેખા વિશે અભિપ્રાય આપી રહ્યા છે એ જોઈને હસવું આવે છે. ધનખડનો પાછલો ઈતિહાસ કાંઈ બહુ સારો નથી, તેઓ ન્યાયતંત્રને જ્ઞાન આપે એ યોગ્ય તો ન જ કહેવાય.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિર ઋતુ,
સોમવાર, તા. ૧૭-૨-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૮, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ – ૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ચિત્રા.
- ચંદ્ર કન્યામાં સાંજે ક. ૧૮-૦૧ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૨ સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૫ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૫૦ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૮-૪૦, રાત્રે ક. ૨૦-૩૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ – પંચમી. શ્રી સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિરમાં સહસ્ર ભોજન મહોત્સવ (ગોરેગાંવ-મુંબઈ)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-મંગળ ગ્રહ દેવતાનું પૂજન, શિવ -પાર્વતી પૂજામાં બિલી ફળ અર્પન કરવું. શિવજીને મગ આદિ ધાન્યાભિષેક કરવો. પરગામ પ્રયાણ મધ્યમ. નામકરણ, અન્ન પ્રાશન, વિદ્યારંભ, હજામત, નવા વસ્ત્રો-આભૂષણ, મહેંદી લગાવવી. નવા વાસણ, પશુ લે-વેચ, પ્રથમ વાહન, યંત્રારંભ, દુકાન, વેપાર, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું, ખેતીવાડી.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ બેપરવાહ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ. ચંદ્ર ચિત્રા યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# પ્રયાગરાજ મહાકુંભમાં ઓછી નથી થઇ રહી ભીડ

## ૨૭ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી અધિકારીઓની ડ્યૂટી

પ્રયાગરાજ (ઉત્તર પ્રદેશ): પ્રયાગરાજમાં અમૃત સ્નાન માટે ભક્તોની ભારે ભીડ ઊમટી રહી છે. આને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે અધિકારીઓની તૈનાતીનો સમયગાળો ૨૭મી ફેબ્રુઆરી સુધી લંબાવી છે, જેથી કાયદો-વ્યવસ્થા અને ટ્રાફિકની વ્યવસ્થા જળવાઇ રહે. શનિવારે રાત્રે નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડના કારણે ૧૮ લોકોનાં મોત થયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે મહાકુંભ ભક્તો માટે સ્પેશિયલ ટ્રેનની જાહેરાત બાદ પ્લેટફોર્મ બદલવાની અરાજકતામાં આ દુર્ઘટના થઈ હતી.

અમૃત સ્નાનનો છેલ્લો દિવસ ૨૬મી ફેબ્રુઆરીએ છે, તેથી સુરક્ષાને ધ્યાનમાં રાખીને પોલીસ અને વહીવટી અધિકારીઓ સમગ્ર મેળા વિસ્તારમાં સતર્ક રહેશે, જેથી કોઈ પણ પ્રકારની અરાજકતા ન સર્જાય.

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર ભીડને કારણે થયેલી નાસભાગ અને પ્રયાગરાજમાં વધતી ભીડને જોતા સરકારે પહેલાથી જ તૈનાત અધિકારીઓની ડ્યૂટી વધારી દીધી છે. ૨૬મી ફેબ્રુઆરીએ અમૃત સ્નાનનો છેલ્લો દિવસ હોવાથી સ્થિતિને કાબૂમાં લેવા માટે અધિકારીઓ તેના પછી પણ તૈનાત રહેશે. આ સમયગાળા દરમિયાન પોલીસ દળો, વહીવટી અધિકારીઓ અને અન્ય આવશ્યક સેવાઓના અધિકારીઓ સંપૂર્ણ રીતે ઍલર્ટ રહેશે, જેથી લોકોને કોઈ અગવડતા ન રહે અને મેળા વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા જળવાઇ રહે.

નોંધનીય છે કે શનિવારે રાત્રે નવી દિલ્હી રેલવે સ્ટેશન પર ભાગદોડ કેસમાં પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે મહાકુંભના ભક્તો માટે વિશેષ ટ્રેનની જાહેરાત કરવામાં આવી હતી. દરમિયાન પ્લેટફોર્મ બદલતી વખતે ભીડ કાબૂ બહાર ગઈ હતી અને મોટો અકસ્માત થયો હતો. બીજી તરફ પ્રયાગરાજ મહાકુંભમાં દરરોજ લાખો લોકો સંગમ સ્નાન માટે પહોંચી રહ્યા છે.

# 'ફાલતુ છે કુંભ, તેનો કોઇ અર્થ નથી': પૂર્વ રેલવે પ્રધાન લાલુ પ્રસાદે આપ્યું વિવાદાસ્પદ નિવેદન

પટનાઃ રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) ના વડા લાલુ પ્રસાદે રવિવારે એક વિવાદાસ્પદ નિવેદન આપતા મહાકુંભને 'અર્થહીન' ગણાવ્યો હતો અને નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં લોકોનાં મોત માટે રેલવેને જવાબદાર ઠેરવ્યું હતું. નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે મોડી રાત્રે ભારે ભીડના કારણે ભાગદોડમાં ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા અને એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ભાગદોડમાં બિહારના કેટલા લોકો માર્યા ગયા અને ઘાયલ થયા તેની ચોક્કસ સંખ્યા અંગે વિગતવાર માહિતીની રાહ જોવાઈ રહી છે.

આરજેડી વડા લાલુ પ્રસાદે આ ઘટના અંગે કેન્દ્રની એનડીએ સરકાર પર નિશાન સાધ્યું અને કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના રાજીનામાની માગ કરી હતી. રવિવારે પટનામાં પત્રકારો સાથે વાત કરતા લાલુએ કહ્યું હતું કે, ખૂબ જ દુઃખદ ઘટના બની છે. અમે બધા લોકોને શ્રદ્ધાંજલિ આપીએ છીએ. આ રેલવેની ભૂલ છે. રેલવેના ગેરવહીવટ અને બેદરકારીને કારણે ઘણા લોકોનાં મોત થયાં છે. આ ઘટના પછી કેન્દ્રીય રેલવે પ્રધાને રાજીનામું આપવું જોઈએ. મહાકુંભ માટે વધતી ભીડ વિશે પૂછવામાં આવતા આરજેડી વડાએ કહ્યું હતું કે, ''અરે, શું આ બધા કુંભનો કોઈ અર્થ છે, કુંભ 'અર્થહીન' છે.''

લાલુની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા બિહાર ભાજપના પ્રવક્તા મનોજ શર્માએ પીટીઆઈને જણાવ્યું હતું કે, આરજેડી વડા તેમના તુષ્ટિકરણના રાજકારણને કારણે આવી ટિપ્પણીઓ કરી રહ્યા છે. આરજેડી નેતાઓ હંમેશાં હિન્દુઓની ધાર્મિક લાગણીઓનું અપમાન કરતા આવ્યા છે. મહાકુંભને 'અર્થહીન' ગણાવતા આરજેડી વડાના તાજેતરના નિવેદનથી પાર્ટીની હિન્દુ ધર્મ પ્રત્યેની માનસિકતા છતી થાય છે.

# નવી દિલ્હી ભાગદોડમાં જાનહાનિ અંગે રાષ્ટ્રપતિ મુર્મૂએ શોક વ્યક્ત કર્યો

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નવી દિલ્હી રેલવે સ્ટેશન પર રવિવારે થયેલી ભાગદોડમાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે શોક વ્યક્ત કર્યો હતો. તેમજ ઘાયલોના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરી હતી.

શનિવારે મોડી રાત્રે ખીચોખીચ ભરેલા રેલવે સ્ટેશન પર થયેલી ભાગદોડમાં ઓછામાં ઓછા ૧૮ લોકોનાં મોત થયા હતા. તેમજ એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા. ભાગદોડ પહેલા મહાકુંભમાં ભાગ લેવા માટે પ્રયાગરાજ જતી ટ્રેનોમાં ચઢવા માટે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧૪ અને ૧૫ પર યાત્રીઓની ભારે ભીડ જમા થઇ હતી.

# મણિપુરમાં બે દિવસમાં ૧૧ આતંકીની ધરપકડ

ઇમ્ફાલઃ મણિપુરમાં સુરક્ષા દળોએ છેલ્લા બે દિવસમાં કુકી નેશનલ આર્મી(કેએનએ)ના સાત શંકાસ્પદ કેડર સહિત ૧૧ આતંકવાદીઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી હથિયારો અને દારૂગોળો પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ જાણકારી પોલીસે રવિવારે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર કેએનએ કાર્યકરોની શુક્રવારે ચુરાચંદપુર જિલ્લાના જૂના ખૌકુલ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. શનિવારે ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના હુઇકાપ ગામમાં અન્ય એક કાર્યવાહીમાં પ્રતિબંધિત સંગઠન કાંગલેઇપાક કોમ્યુનિસ્ટ પાર્ટી (પીડબ્લ્યુજી જૂથ)ના ચાર સક્રિય સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી.

પહેલા પાનાનું ચાલુ

### ૨.૨ કરોડ ડૉલરનું

થયેલી મુલાકાતમાં થોડા દિવસો બાદ જ આ નિર્ણય કહેવામાં આવ્યો છે. બંને દેશ નેતાઓએ વિવિધ ક્ષેત્રોમાં અમેરિકા ભારતના સંબંધો મજબૂત બનાવવાની ચર્ચા કરી હતી. જોકે તેમને સત્તાવાર નિવેદનો સહાય રદ કરવાનો મુદ્દો નહોતો.

આ જાહેરાત બાદ ભારતમાં રાષ્ટ્રીય ઊથલપાથલ વધુ તીવ્ર બની છે. આના પર પ્રતિક્રિયા આપતા ભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયાએ આ સહાય સામે સવાલ ઉઠાવ્યો હતો કે શું ભારતમાં મતદાન માટે ૨૧ મિલિયન ડૉલરની ગ્રાન્ટ આપવામાં આવી રહી હતી? આ તેમણે આ બાબતને ભારતને ચૂંટણી પ્રક્રિયામાં બાહ્ય હસ્તક્ષેપ પણ ગણાવ્યો હતો અને સવાલ કર્યો હતો કે આનાથી શાસક પક્ષને તો કોઈ ફાયદો નથી તો કોને ફાયદો થશે. તેમની દલીલ એવી હતી કે આનાથી વિરોધ પક્ષોને જ ફાયદો થશે. ભારતીય ચૂંટણી સાથે જોડાયેલા યુએસ ફંડિગના ખુલાસાથી ભાજપની વિદેશી હસ્તક્ષેપની ચિંતા વધી ગઇ છે. સામાન્ય રીતે જોવા જઇએ તો ભારતમાં ચૂંટણી હોય તો તેને માટે નાણાં ખર્ચવાની અમેરિકાને શું જરૂર પડે? ભારત પોતાના ખર્ચાઓને પહોંચી વળવા સક્ષમ છે. જોકે, રાજકીય નિષ્ણાતોનું માનવું છે કે ભારતની ચૂંટણીમાં અશાંતિ કે અરાજક્તા સર્જાવીને તખ્તા પલટ માટે કદાચ આ ભંડોળ ફાળવવામાં આવ્યું હોઇ શકે છે. એ જે હોય તે પણ ભારત અને અન્ય દેશો માટે ફાળવવામાં આવેલા ભંડોળને રદ કરવાનો અમેરિકાનો નિર્ણય મહત્ત્વની ઘટના છે, જેની અસર વૈશ્વિક રાજકારણ પર પડી શકે છે. આ અંગે ભારતના વિવિધ રાજકીય પક્ષો અને નેતાઓ શું પ્રતિક્રિયા આપે છે એ જોવું રસપ્રદ રહેશે.

### માલીમાં સોનાની

માલીમાં એક મહિનાની અંદર આવો બીજો બનાવ બન્યો છે. ૨૯ જાન્યુઆરીએ દેશના દક્ષિણના કોલિકોરો વિસ્તારમાં ભેખડ ધસી પડવાને લીધે અનેક ખાણિયા મરણ પામ્યા હતા. આમાં મોટા ભાગની મહિલા હતી. ગયા વર્ષે રાજધાની બામકોની નજીક ગેરકાયદે સોનાની ખાણ તૂટી પડતાં ૭૦થી વધારે લોકો મરણ પામ્યાં હતાં.

તાજેતરનાં વર્ષોમાં એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે ઉત્તર માલીના ગેરકાયદે ખાણકામના નફાનો લાભ એ ભાગમાં સક્રિય આતંકવાદીઓને થાય છે. અમેરિકાના વાણિજ્ય ખાતાના ઈન્ટરનેશનલ ટ્રેડ એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા પ્રમાણે માલીની મુખ્ય નિકાસ સોનાની છે. ૨૦૨૧ની નિકાસનો ૮૦ ટકા ભાગ સોનાનો હતો. માલીની વસતીના દસ ટકા એટલે કે ૨૦ લાખ લોકો સોનાની ખાણના ઉદ્યોગ પર અવલંબે છે. બિનયાંત્રિક સોનાની ખાણ વર્ષે ૩૦ ટન સોનાનું ઉત્પાદન કરે છે.અને આ માલીના સોનાના કુલ વાર્ષિક ઉત્પાદનના છ ટકા જેટલું છે. (એજન્સી)

### ગુજરાતમાં ૧૦ વર્ષમાં

મુજબ, બૅન્ક સાથે છેતરપિંડી કરીને, બૅન્ક એકાઉન્ટમાં છેડછાડ કરીને રૂપિયા મેળવ્યા હોય, મિલકતના હસ્તાંતરણમાં ગેરરીતિ આચરી હોય, ગેરકાયદેસર વળતરરૂપે લોન આપવામાં આવી હોય, ફોરેન એક્સચેન્જના ટ્રાન્ઝેક્શનમાં ઠગાઈ થઈ હોય, ચોરી, બૅન્ક લૂંટ વગેરે પ્રકારની છેતરપિંડીનો અહીં સમાવેશ થાય છે.

ગુજરાતની રાષ્ટ્રીય સરકારી બૅન્કો સાથે ૭,૧૨૭ ફ્રોડના કેસમાં ૨૦,૪૫૨ કરોડની ઠગાઈ થઇ છે, જ્યારે ખાનગી બૅન્કોમાં ૨૬,૩૯૧ કેસમાં ૪,૪૪૪ કરોડની ઠગાઈ આચરાઈ છે. સરકારી બૅન્કોમાં સૌથી વધુ ૨૭૧૩ કેસમાં ૩૧૭૯ કરોડની ઠગાઈ બૅન્ક ઑફ બરોડા સાથે થઈ છે. સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા સાથે ૨૩૨૮ કેસમાં ૨૭૬૧ કરોડના ફ્રોડ થયા છે. ખાનગીમાં આઈડીબીઆઈ બૅન્ક સાથે ૬૮૦ કેસમાં ૧૪૪૪ કરોડ અને એક્સિસ બેન્કમાં ૨૪૨૯ કેસમાં ૭૧૫ કરોડની ઠગાઈ થઈ છે. તે ઉપરાંત ગુજરાતની ૫ વિદેશી બૅન્કો સાથે ૧૨૫૬ ફ્રોડ કેસમાં ૧૩૧.૫૮ કરોડની ઠગાઈ થઈ છે. ૧૧ સ્મોલ ફાઇનાન્સિયલ બૅન્કમાં ૧૪૩૬ કેસમાં ૬૯ કરોડના ફ્રોડ નોંધાયા છે. રાજ્યમાં સૌથી ઓછા ૬ કેસમાં ૭ લાખ રૂપિયાની ઠગાઈ દેવભૂમિ દ્વારકામાં થઈ હતી.

### 'પ્રયાગરાજ તરફની

જેના કારણે અફરાતફરી સર્જાઈ હતી. ભીડ બેકાબૂ થઈ ગઈ અને લોકો એકબીજા પર પડવા લાગ્યા. આ નાસભાગનું કારણ બન્યું હતું. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, રેલવે પ્રોટેક્શન ફોર્સના કર્મચારીઓની તહેનાતી સંતુલિત નહોતી, જેના કારણે ભીડને નિયંત્રિત કરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ અને પરિસ્થિતિ વધુ ખરાબ થઈ. નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ થયેલી નાસભાગમાં ૧૮ લોકોનાં મોત અને અનેક લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં નવ મહિલા, ચાર પુરુષ અને પાંચ બાળકો સમાવિષ્ટ છે. જેમાં સૌથી વધુ નવ બિહારના, આઠ દિલ્હીના અને એક હરિયાણાના છે. આ ઘટના પ્લેટફોર્મ ૧૩ અને ૧૪ પર બની હતી. તે સમયે હજારો શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ મહાકુંભમાં જવા માટે સ્ટેશન પર એકઠા થઈ રહ્યા હતા અને ટ્રેનમાં ચઢવા ધક્કા-મુક્કી કરી રહ્યા હતાં.

### ૧૧૬ ગેરકાયદે

જમ્મુ અને કાશ્મીરના એક વસાહતી હતા. મોટા ભાગની વય ૧૮થી ૩૦ની વચ્ચે હતી. અમુક વસાહતીઓના કુટુંબીજનો તેમને હવાઈમથકે લેવા આવ્યા હતા. વસાહતીઓને લઈ આવતું ત્રીજું વિમાન ૧૬ ફેબ્રુઆરીએ આવશે.

પંજાબના એનઆરઆઈ મિનિસ્ટર કુલદીપ સિંહ ધાલીવાલ અને પાવર મિનિસ્ટર હરભજન સિંહ હવાઈમથકે અમુક વસાહતીઓને મળ્યા હતા. કુલદીપે કહ્યું હતું કે રાજ્ય સરકાર ખડકની જેમ તેમની પડખે ઊભી છે. તેમણે વસાહતીઓને નાસીપાસ ન થવા કહ્યું હતું. પાંચમી ફેબ્રુઆરીએ અમેરિકાનું લશ્કરી વિમાન ૧૦૪ વસાહતીઓ સાથે અમૃતસર હવાઈમથકે ઊતર્યું હતું.આમાં હરિયાણા અને ગુજરાત દરેકના ૩૩ અને પંજાબના ૩૦ વસાહતીઓ હતા. બીજા બેચના વસાહતીઓના કુટુંબીજનોને મોટા આઘાતમાં હતા. તેમણે કહ્યું હતું કે અમે અમારા ખેતર અને ઢોર વેચીને તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે વિદેશ મોકલ્યા હતા. ગેરકાયદે વસાહતીઓને અમૃતસર હવામથકે ઉતારવા બદલ પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને અગાઉની જેમ કેન્દ્રની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે એક પવિત્ર શહેરને દેશપારનું કેન્દ્ર બનાવવામાં આવ્યું છે.

માને અમૃતસરના આંતરરાષ્ટ્રીય હવાઈમથકની મુલાકાત લીધી હતી અને કહ્યું હતું કે અમે પંજાબી વસાહતીઓને તેમના વતનમાં લઈ જવાની વ્યવસ્થા કરી હતી. અમારા વહીવટીતંત્રે હરિયાણાના વસાહતીઓને પણ તેમના મુકામે લઈ જવાની વ્યવસ્થા કરી હતી. (એજન્સી)

### આજે દિલ્હીમાં

પાર્ટીના નવા ચૂંટાયેલા ધારાસભ્યોમાંથી થવી જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નવા ચૂંટાયેલા ધારાસભ્યોમાં ઘણા સક્ષમ નેતાઓ છે, જેમાં દિલ્હી ભાજપના બે ભૂતપૂર્વ પ્રમુખો, પાર્ટીના એક રાષ્ટ્રીય સચિવ અને ઘણા ભૂતપૂર્વ રાજ્ય અધિકારીઓનો સમાવેશ થાય છે જેમને લાંબો રાજકીય અનુભવ છે. નોંધનીય છે કે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે બે તૃતીયાંશ બહુમતી મેળવી છે અને એક દાયકા પછી આમ આદમી પાર્ટીને સત્તા પરથી બહાર કરી દીધી છે. આ જીત સાથે હવે ધ્યાન દિલ્હીના આગામી મુખ્ય પ્રધાન કોણ હશે તેના પર છે. કારણ કે ભાજપે મુખ્ય પ્રધાનપદ માટે કોઈ ચહેરો જાહેર કર્યા વિના ચૂંટણી લડી હતી. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૪૮ બેઠકો જીતી હતી. આમ આદમી પાર્ટી માત્ર ૨૨ બેઠકો જીતી શકી. જ્યારે કૉંગ્રેસ સતત ત્રીજી વખત 'શૂન્ય' પર સમેટાઈ ગઈ હતી.

### આરએસએસના વડા

લાક્ષણિકતાઓ ભારતને વ્યાખ્યાયિત કરે છે. જે લોકો આ મૂલ્યોનું પાલન કરે છે તેઓ હિન્દુ છે અને તેઓ સમગ્ર દેશની વિવિધતાને એક રાખે છે. અમે એવાં કૃત્યોમાં સામેલ થઈશું નહીં જેનાથી બીજાને નુકસાન થાય. શાસકો, વહીવટકર્તાઓ અને મહાપુરુષો પોતાનું કામ કરે છે, પરંતુ સમાજે રાષ્ટ્રની સેવા માટે આગળ આવવું જોઈએ.' કોલકાતા હાઈકોર્ટની મંજૂરી બાદ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દુ એકતાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કરતા ભાગવતે કહ્યું હતું કે સારા સમયમાં પણ પડકારો હંમેશા ઉભરી આવશે. તેમણે કહ્યું હતું કે, 'સમસ્યાઓનું સ્વરૂપ અપ્રસ્તુત છે. મહત્વનું એ છે કે આપણે તેનો સામનો કરવા માટે કેટલા તૈયાર છીએ.' બંગાળ પોલીસે શરૂઆતમાં પરવાનગી આપવાનો ઇનકાર કર્યા પછી કલકત્તા હાઈકોર્ટે મંજૂરી આપ્યા બાદ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એલેક્ઝાન્ડરથી આજ સુધીના ઐતિહાસિક આક્રમણો પર બોલતા ભાગવતે કહ્યું કે 'મુઠ્ઠીભર અસંસ્કારીઓ, જેઓ ગુણોમાં શ્રેષ્ઠ ન હતા, તેમણે ભારત પર શાસન કર્યું, અને સમાજમાં વિશ્વાસઘાતનું ચક્ર ચાલુ રહ્યું.' તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે ભારતનું નિર્માણ અંગ્રેજોએ કર્યું નહોતું તથા દલીલ કરી હતી કે ભારતના વિભાજનની કલ્પના લોકોના મનમાં અંગ્રેજો દ્વારા રોપવામાં આવી હતી.

### અમેરિકાના દક્ષિણ પૂર્વ

લેવામાં આવ્યા હતા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બોલિંગ ગ્રીનમાં કારો ડૂબી ગઇ હતી. વેસ્ટ વર્જિનિયાના ગવર્નરે ભારે વરસાદ અને પૂરને કારણે શનિવારે પેટ્રિક મોરિસીએ ૧૦ દક્ષિણ કાઉન્ટીઓમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી. રાજ્યમાં અચાનક પૂર આવવાની આગાહી હોવાથી ગવર્નર એન્ડી બેશિયરે કટોકટીની સ્થિતિ જાહેર કરી હતી. બોલિંગ ગ્રીનમાં અચાનક પૂરના કારણે કેટલાક રસ્તાઓ પ્રભાવિત થયા હતા અને પશ્ચિમ કેન્ટકીના કેટલાક ભાગોમાં આઠ ઇંચ સુધી વરસાદ પડ્યો હતો.

### અમેરિકાના જ ૧૪

કેલિફોર્નિયા, નેવાદા, વર્મોટ, કનેક્ટિકટ, રોડ આઇલેન્ડ, મૈસાચુસેટ્સ, ઓરેગન, વોશિંગ્ટન અને હવાઈના અધિકારીઓ દ્વારા દાખલ કેસમાં કહેવામાં આવ્યું છે કે, લોકશાહી માટે આનાથી મોટો કોઈ ખતરો નથી કે રાજ્યની શક્તિ એકલા બિનચૂંટાયેલા વ્યક્તિના હાથમાં સોંપી દેવાઈ. જ્યારે આપણી બંધારણીય વ્યવસ્થા ૧૮મી સદીના રાજાના દુરુપયોગને રોકવા માટે બનાવવામાં આવી હતી, ત્યારે ૨૧મી સદીના ટેક જાયન્ટના હાથમાં અનિયંત્રિત સત્તાનાં સાધનો ઓછા ખતરનાક નથી.૧૪ રાજ્યોમાંથી બેનું નેતૃત્વ રિપબ્લિકન ગવર્નરો કરે છે.

### ભારત ૨૦૩૦ પહેલાં

નાણાકીય વર્ષ માટે ૫,૨૭૭ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે જે ગયા વર્ષની ૪,૪૧૭.૦૩ કરોડ રૂપિયાની ફાળવણી કરતાં ૧૯ ટકા વધારે છે. ભારત ટેક્સ એ ૧૪-૧૭ ફેબ્રુઆરીમાં નવી દિલ્હીમાં બે સ્થળોમાં યોજાતી સૌથી મોટી ઈવેન્ટ છે. મોદીએ કહ્યું હતું કે ભારત હાઈ ગ્રેડ કોટન ફાઈબર બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. (એજન્સી)

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ, છ વાગ્યા સુધીનું સરેરાશ ૫૬.૬૦ ટકા મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રવિવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં સરેરાશ ૫૬.૬૦ ટકા મતદાન થયું હતું. રાજ્યની કુલ ૬૬ નગરપાલિકાની ૧૮૪૪ બેઠકો, ૨ નગરપાલિકાઓની ૭૨ બેઠકો અને જૂનાગઢ મનપાની ૫૨ બેઠકો પર મતદાન થયું હતું. આ સાથે જ ત્રણ મહાનગરપાલિકાની પેટાચૂંટણી અને નવ જિલ્લા પંચાયત માટે મત પડ્યા હતા. આ વખતે ૫૬.૬૦ ટકા વોટિંગ થતાં ગત ચૂંટણી કરતાં આ વખતે મતદાનમાં ૮.૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. રાજ્યના કુલ ૩૮,૮૬,૨૮૫ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

રવિવારે સવારે ૭વાગ્યાથી મતદાન શરૂ થયું હતું, જે સાંજે ૬ વાગ્યા સુધી ચાલ્યું હતું. અત્યાર સુધી સ્થાનિક સ્વરાજ્યની કુલ ૨૧૩ બેઠકો બિનહરીફ જાહેર થઈ ચૂકી છે. જ્યારે જૂનાગઢ મહાનગરપાલિકાની ૧૫ વોર્ડની ૬૦ બેઠકોમાંથી ૮ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. હવે આગામી ૧૮ ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કુલ ૫૦૮૪ ઉમેદવારોનું ભાગ્ય ઈવીએમમાં કેદ થયું હતું. લગભગ ૩૮ લાખ જેટલા મતદારોએ આ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કર્યો હતો. જોકે રાજ્યમાં મતદાન વચ્ચે અનેક જગ્યાએથી ઈવીએમ ખોટકાયાની ફરિયાદો મળી હતી. જ્યારે ખેડા જિલ્લાના મહેમદાવાદમાં એક પ્રિસાઈડિંગ ઑફિસર ઇલેક્શન ડ્યુટીમાં જ દારૂ પીધેલ હાલતમાં પકડાયા હતા. ખેડા જિલ્લાના મહેમદાવાદમાં નગરપાલિકાની ચૂંટણી દરમિયાન પીધેલા ચૂંટણી અધિકારી વીરેન્દ્ર સુખાભાઈ બારિયા સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તેઓ મહેમદાવાદ પ્રાથમિક કન્યા શાળામાં ફરજ પર હતા.

જોકે, ચૂંટણી દરમિયાન પોલીસ અને ચૂંટણી અધિકારીઓ વૃદ્ધ, અશક્ત અને દિવ્યાંગ મતદારોને મદદ કરતાં જોવા મળ્યા હતા. સુરતના કુંભરિયાના સુડા આવાસમાં મતદાન સમયે હોબાળો મચ્યો હતો. કૉંગ્રેસના ઉમેદવાર સાથે ભાજપના કાર્યકરોએ ઝપાઝપી કરી હતી. કૉંગ્રેસના ઉમેદવારોએ ભાજપના કાર્યકરો પર દાદાગીરી કર્યાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. તે દરમિયાન આપ, કૉંગ્રેસ અને ભાજપના કાર્યકરો એકબીજા સાથે ઝપાઝપીમાં ઊતર્યા હતા. સમગ્ર ઘટનાની જાણ પોલીસને થઈ હતી. પોલીસ કાફલાએ ઘટનાસ્થળ પર જઈને મામલો થાળે પાડ્યો હતો. ■

# અમેરિકાથી હાંકી કઢાયેલા આઠ ગુજરાતી અમદાવાદ ઍરપોર્ટ પહોંચ્યા, પોલીસ સુરક્ષા સાથે વતન જવા રવાના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગેરકાયદે અમેરિકામાં ઘૂસણખોરી કરતા ગુજરાતીઓ વિરુદ્ધ આકરી કાર્યવાહી શરૂ કરી છે. જેના પગલે બીજી વખત ભારતીયોને સ્વદેશ પરત મોકલવામાં આવ્યા હતા. ગેરકાયદે ઘૂસેલા ૮ ગુજરાતી સહિત ૧૧૬ ભારતીયોની હકાલપટ્ટી કરી ૧૫ ફેબ્રુઆરીની રાત્રે ૧૧.૩૦એ અમેરિકન ઍરફોર્સના વિમાનમાં અમૃતસર લાવવામાં આવ્યા હતા. અહીંથી ૮ ગુજરાતી ૧૬ ફેબ્રુઆરી રવિવારે ૧૦.૪૫ની આસપાસ વિમાનમાર્ગે અમદાવાદ ઍરપોર્ટ પર પહોંચ્યા હતા. ઍરપોર્ટ પર જરૂરી કાર્યવાહી બાદ તમામને પોલીસ બંદોબસ્ત સાથે વતન રવાના કરવામાં આવ્યા હતા. કાળા પડદાવાળી ગાડીમાં મહેસાણાના બાળક સાથેના પરિવાર સહિત છ લોકોને અને ગાંધીનગરના બે લોકોને લઈ પોલીસ વતન રવાના થયા હતા.

બીજા તબક્કામાં અમેરિકાથી પરત ફરેલા આઠ ગુજરાતીનાં નામની યાદી આ પ્રમાણે છે.

ધવલભાઈ કિરિટકુમાર લુહાર (કલોલ, ગાંધીનગર), રુદ્ર ધવલભાઈ લુહાર (કલોલ, ગાંધીનગર), મિહિર ઠાકોર (ગુજરાત), ધીરજકુમાર કનુભાઈ પટેલ (અમદાવાદ, ગુજરાત), કેનીસ મહેશભાઈ ચૌધરી (માણસા, ગાંધીનગર), આરોહીબેન દીપકપુરી ગોસ્વામી (ગુજરાત), દીપકપુરી બળદેવભાઈ ગોસ્વામી (ગુજરાત), પૂજાબેન દીપકપુરી ગોસ્વામી (ગુજરાત) અમદાવાદ ઍરપોર્ટ આવેલા ડિપોર્ટ થયેલા ગુજરાતીઓની આઈબી દ્વારા પૂછપરછ સાથે વિગતો મેળવામાં આવી હતી. તેના આધારે મહત્ત્વની અને ઊંડી તપાસ કરીને કબૂતરબાજીમાં કયા એજન્ટ દ્વારા મદદ કરવામાં આવી છે તેમના સુધી પહોંચવાના પ્રયાસ પોલીસ દ્વારા કરવામાં આવશે.

અમદાવાદ ઍરપૉર્ટથી ડિપોર્ટ થયેલા આઠ ગુજરાતીઓ માટે મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદ પોલીસ સ્ટેન્ડ બાય જોવા મળી હતી. ડિપોર્ટ થયેલા ભારતીયો પરત આવ્યા ત્યારે અમદાવાદ ઍરપૉર્ટ પર એક ડીસીપી, બે એસીપી, સાત પીઆઈ અને ૪૦ પોલીસ કર્મચારીઓ તેમ જ ક્રાઈમ બ્રાન્ચ એસઓજી અને આઈબીની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં ૩૩ ગુજરાતી સહિત ૧૦૪ ભારતીયને ડિપોર્ટ કરી ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમેરિકન ઍરફોર્સના વિમાનમાં અમૃતસર લાવવામાં આવ્યા હતા, જ્યાંથી ૩૩ ગુજરાતી છઠ્ઠી ફેબ્રુઆરીએ વહેલી સવારે વિમાનમાર્ગે અમદાવાદ ઍરપૉર્ટ પર પહોંચ્યા હતા. તે સમયે ડિપોર્ટ થયેલા ગુજરાતીઓમાં ૨૮ લોકો ઉત્તર ગુજરાતના હતા, જ્યારે ૪ લોકો મધ્ય ગુજરાતના અને એક દક્ષિણ ગુજરાતનો હતો.■

# અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં વર્ષ-૨૦૨૪માં હિમોફિલિયાના દર્દીઓ માટે આઠ કરોડનાં ઈંજેક્શન પૂરાં પડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં વર્ષ ૨૦૨૪માં હિમોફિલિયાના દર્દીઓ માટે રૂા. આઠ કરોડના ખર્ચે જીવનરક્ષક ક્લોટિંગ ફેક્ટર ઈંજેક્શન પૂરાં પાડવામાં આવ્યાં હતાં. ઓપરેશનની જરૂર હોય તેવા હિમોફિલિયાના ૧૮ દર્દીઓને જરૂરી ક્લોટિંગ ફેક્ટર ઈંજેક્શનો આપી ઓપરેશન કરી જીવ બચાવવામાં આવ્યો હતો.

સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે જો વિવિધ ફેક્ટર ઇન્જેક્શનની વાત કરીએ તો વર્ષ ૨૦૨૪માં ૧ કરોડ ૪૬ લાખ ૮૭ હજારના ફેક્ટર-૮, ૯૬ લાખ ૫૯ હજારના ફેક્ટર-૯, ૪૩ લાખ ૬૮ હજારના ફેક્ટર-૭ અને ફેક્ટર-૯ ઇનહીબીટર, અંદાજિત ૭૦ લાખના ફેક્ટર-૭ તેમ જ ૪ કરોડ ૫૦ લાખ કરતાં વધારેના રક્તસ્રાવ રોકવા માટેનાં ઇંજેક્શનો મળી કુલ ૮ કરોડ ૮ લાખ કરતાં વધુની સારવાર રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સિવિલ હૉસ્પિટલ ખાતેથી કરવામાં આવી હતી.

વધુ વિગતો આપતાં તેમણે જણાવ્યું કે હિમોફિલિયાના દર્દીઓને રક્તસ્રાવના એપિસોડને રોકવા માટે આ ક્લોટિંગ ફેક્ટર-૭, ૮ અથવા ૯ ના ઇન્જેક્શનની જરૂર પડતી હોય છે. જોકે, આ સારવાર માટે જરૂરી એવા ક્લોટિંગ ફેક્ટર-૭, ૮ અને ૯ ઇન્જેક્શન ઘણાં મોંઘાં હોવાથી કોઈને પણ પરવડે તેમ હોતાં નથી. રાજ્ય સરકાર દ્વારા જીએમએસસીએલ મારફતે ખરીદી કરી આ ઇન્જેક્શનો સરકારી સિવિલ હૉસ્પિટલોમાં તમામ જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક આપવામાં આવે છે. સિવિલ હૉસ્પિટલ અમદાવાદની વાત કરીએ તો વર્ષ ૨૦૨૪માં કુલ ૧૫૩ દર્દીઓને હિમોફિલિયાની સારવાર અંતર્ગત રક્તસ્રાવની રોકથામ એટલે કે પ્રિવેન્શન માટે તેમ જ રક્તસ્રાવ શરૂ થયો હોય તો તેને બંધ કરવા માટે વિવિધ ફેક્ટર (ફેક્ટર-૭, ૮, ૯)નાં ઇન્જેક્શન આપી તેમનો જીવ બચાવવામાં આવ્યો હતો. ■

# વડોદરા મનપાનું વર્ષ ૨૦૨૫-૨૬નું ₹ ૬,૨૧૯.૮૧ કરોડનું બજેટ આજે મંજૂરી માટે રજૂ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશનનું વર્ષ ૨૦૨૫-૨૬નું ૬,૨૧૯.૮૧ કરોડનું સ્ટેન્ડિંગ સમિતિએ મંજૂર કરેલું બજેટ કૉર્પોરેશનની સમગ્ર સભામાં અંતિમ મંજૂરી માટે ૧૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ વાગે રજૂ કરવામાં આવશે. સ્ટેન્ડિંગ સમિતિના અધ્યક્ષ સમગ્ર સભામાં આ બજેટ સભાના અધ્યક્ષને સુપ્રત કરશે, એ પછી બજેટ ઉપર ત્રણ દિવસ સુધી ચર્ચા ચાલશે અને એક્ટ મુજબ બજેટ તારીખ ૧૯ ની રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં મંજૂર કરી દેવામાં આવશે.

વર્ષ ૨૦૨૫-૨૬નું મૂળ બજેટ કમિશનરે ૫૦ કરોડના સૂચિત સફાઈ ચાર્જના કરબોજ સાથે સ્ટેન્ડિંગ સમિતિમાં ૬૨૦૦.૫૬ કરોડનું રજૂ કર્યું હતું. સ્ટેન્ડિંગ સમિતિએ લાંબી ચર્ચાના અંતે ૫૦ કરોડનો સૂચિત કરબોજ ફગાવી દીધો હતો અને બજેટનું કદ વધારીને ૬,૨૧૯.૮૧ કરોડ કર્યું હતું. આ બજેટ ઉપર વિરોધ પક્ષ કૉંગ્રેસ દ્વારા સુધારાવધારાની ૪૪૩ દરખાસ્તો અને સૂચનો રજૂ કરવામાં આવ્યાં છે. કૉર્પોરેશનના બજેટ સાથે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનું ૨૪૯ કરોડનું બજેટ પણ સમગ્ર સભાની મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. ■

# બેટ દ્વારકામાં દેશની સુરક્ષા એજન્સીઓએ યુદ્ધાભ્યાસ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના પશ્ચિમી તટ પર સમુદ્રી સુરક્ષા મજબૂત બનાવવા અને વ્યૂહાત્મક ટાપુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ચાલુ પ્રયાસોને ધ્યાનમાં લેતાં, બેટ દ્વારકામાં 'એક્સ જલ થલ રક્ષા ૨૦૨૫' નામની એક મહત્ત્વપૂર્ણ સૈન્ય કવાયત આયોજિત કરવામાં આવી હતી.

આ યુદ્ધાભ્યાસમાં આર્મીની અમદાવાદ સ્થિત ૧૧ ઇન્ફન્ટ્રી ડિવિઝન, જામનગર આધારિત ૩૧ ઇન્ફન્ટ્રી બ્રિગેડ, કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસે ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા તંત્ર, ગુજરાત મેરિટાઇમ બોર્ડ, એનએસજી, મત્સ્યખાતા, કસ્ટમ્સ અને વન વિભાગના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, દ્વારકા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ બેટ દ્વારકામાં ગયા મહિને મેગા ડિમોલિશન કરવામાં આવ્યું હતું. ત્યાર પછી ગઈ કાલે દેશની સર્વોચ્ચ સુરક્ષા એજન્સીઓ દ્વારા યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતીય આર્મી, નેવી, કોસ્ટ ગાર્ડ, મરીન પોલીસ અને ફોરેસ્ટ વિભાગે સાથે મળી આતંકી વિરોધી પ્રવૃત્તિઓ અને યુદ્ધ અભ્યાસ કરી દેશની સુરક્ષા ક્ષમતાની ચકાસણી કરી હતી. ■

# સુરત કોર્ટમાં સાત મહિનામાં ૧૫ ફાઈલો ગુમ થતાં ગુજરાત હાઈ કોર્ટ ચોંકી ઊઠી

અમદાવાદ: સુરત કોર્ટમાંથી સાત મહિનામાં ૧૫ ફાઈલ ગુમ થવાની હકીકત ધ્યાન પર આવતાં હાઈ કોર્ટ ચોંકી ઊઠી હતી. ન્યાયાધીશ સંદીપ એન. ભટ્ટે હાઈ કોર્ટ રજિસ્ટ્રીમાં છેલ્લાં છ વર્ષથી કામ કરતાં રજિસ્ટ્રાર એ.ટી. ઉકારાણીની વિવાદિત અને શંકાસ્પદ કામગીરીને લઈ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

ન્યાયાધીશ સંદીપ એન. ભટ્ટ દ્વારા રજિસ્ટ્રાર એ.ટી.ઉકરાણીને લઈને કરાયેલાં ટીકાત્મક અવલોકનો બાદ તેના ઘેરા પ્રત્યાઘાત પણ સામે આવ્યા હતા. મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ દ્વારા જસ્ટિસ સંદીપ એન. ભટ્ટનું રોસ્ટર બદલી કાઢવામાં આવ્યું હતું અને તેમને તેમનાથી વરિષ્ઠ જજ ઈલેશ જે. વોરાની સાથે ખંડપીઠમાં મૂકવામાં આવ્યા હતા.

ગુજરાત ન્યાયતંત્રમાં ખાસ કરીને વહીવટી પાંખમાં ભારે ચકચાર જગાવનાર આ વિવાદ રજિસ્ટ્રાર (એસસીએમએસ અને આઈસીટી) એ. ટી. ઉકરાણી સાથે સંકળાયેલો છે કે જેમણે વર્ષ ૨૦૧૯માં તેમની બદલી પછી પણ સાત મહિના સુધી સુરત કોર્ટમાં ૧૫ કેસની ફાઇલો ફીઝીકલી પરત કરી ન હતી.

જોકે, જસ્ટિસ સંદીપ એન.ભટ્ટે ઑર્ડરમાં તેમનું નામ લેવાનું ટાળ્યું હતું.

ન્યાયાધીશ સંદીપ એન.ભટ્ટે જણાવ્યું હતું કે, રજિસ્ટ્રીના સંબંધિત અધિકારી દ્વારા કરવામાં આવેલી છેતરપિંડીના પ્રયાસના કારણે આ ગંભીર મુદ્દો કે જેમાં સાત મહિનામાં ૧૫ ફાઇલો ગુમ થઈ હતી, તેમાં કાર્યવાહીમાં પરિણમી શકી નથી. કદાચ જો આ મુદ્દો કે આવી ઘટના જાહેરમાં આવે તો આ મહાન સંસ્થા (ગુજરાત હાઇ કોર્ટ)ની બદનામી થવાની આશંકાના કારણે શાંત થયો હતો. જોકે, રજિસ્ટ્રીમાં આવા અધિકારીની નિમણૂક હાઈ કોર્ટના અન્ય કર્મચારીઓ તેમ જ રાજ્યના અન્ય ન્યાયિક અધિકારીઓને ખોટા સંકેતો મોકલી રહી છે. આ સંદર્ભમાં એ નોંધવું પણ જરૂરી છે કે, હાઈ કોર્ટ અન્ય ન્યાયિક અધિકારી સામે રેકોર્ડ કે પરિસરમાં ફાઈલો લેવાના આરોપો અર્થે એફઆઈઆર દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, હાઈ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, આ કેસમાં એક જ ફાઇલ ખોવાઈ જવાની વાત છે, પરંતુ બીજા અધિકારી એટલે કે, સંબંધિત રજિસ્ટ્રાર સાથે જાડાયેલી ઘટના ધ્યાને લેતાં સાત મહિનામાં ૧૫ ફાઈલો ગુમ થઈ હતી અને તે અધિકારી છેલ્લાં ૬ વર્ષથી રજિસ્ટ્રી (એડમિનિસ્ટ્રેશન) સાઇડની પોસ્ટ પર નિયુક્ત છે. ■

# જાહેર દેવાંમાં ઘટાડા મામલે ગુજરાત મોટાં ૨૧ રાજ્યોની સરખામણીમાં પ્રથમ ક્રમે: રિપોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશનાં ૨૧ મોટાં રાજ્યોની સરખામણીમાં ગુજરાત જાહેર દેવાંમાં ઘટાડા મામલે પ્રથમ ક્રમે પહોંચ્યું હોવાનું નેશનલ કાઉન્સિલ ઑફ એપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચના રિપોર્ટમાં સામે આવ્યું હતું. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન સામે ૧૮.૨ ટકા જાહેર દેવાં સાથે ગુજરાત મુખ્ય રાજ્યોમાં સૌથી ઓછું દેવું ધરાવતા રાજ્ય તરીકે ઊભર્યું છે. જે તેનું સક્ષમ નેતૃત્વ અને વ્યૂહાત્મક આર્થિક આયોજન સૂચવે છે.

રિપોર્ટ અનુસાર, ૨૦૨૨-૨૩માં ગુજરાતનો કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન સામે જાહેર દેવાંનો ગુણોત્તર ૧૮.૯ ટકા હતો, જે ૨૦૨૩-૨૪માં ઘટીને ૧૮.૨ ટકા થયો છે. જ્યાં ઘણાં રાજ્યોનાં જાહેર દેવાંના સ્તરમાં વધારો થયો હતો, ત્યાં ગુજરાતે પ્રશંસનીય ઘટાડો નોંધાવ્યો હતો. ગુજરાતે ૭.૪ વર્ષની સરેરાશ પરિપક્વતા સાથે સ્ટેટ સિક્યોરિટીઝ પર ૭.૫ ટકા સરેરાશ વ્યાજદર જાળવીને આ સિદ્ધિ હાંસલ કરી હતી.

જે રાજ્યની રાજકોષીય જવાબદારી અને આર્થિક વિકાસ માટે સંતુલિત અભિગમ દર્શાવે છે. અહેવાલ મુજબ, ઓડિશા, મહારાષ્ટ્ર અને ગુજરાતનું દેવાનું સ્તર સ્ટેટ જીડીપીના ૨૦ ટકાથી ઓછું છે, જે પંજાબ (૪૭.૬ ટકા) જેવાં રાજ્યોની સરખામણીમાં ઘણું ઓછું છે. રિપોર્ટમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, સુધારા ન થાય તો રાજ્યો વચ્ચેની નાણાકીય અસમાનતા વધી શકે છે.

ગુજરાતે તેના કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન સામે જાહેર દેવાંના ગુણોત્તરમાં છેલ્લાં ૧૦ વર્ષમાં ૪.૫ ટકા જેટલો ઘટાડો કર્યો છે. આ નોંધનીય સિદ્ધિની પ્રશંસા કરતાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પોસ્ટ કરી હતી. ■

# બેથી વધુ બાળકો ધરાવતા સરપંચને દૂર કરવાનો નિર્ણય યોગ્ય: ગુજરાત હાઈ કોર્ટ

અમદાવાદ: ત્રણ બાળકો હોવાના કારણે અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના સરપંચને પદભ્રષ્ટ કરવાના હુકમને ગુજરાત હાઈ કોર્ટની ખંડપીઠે યથાવત્ રાખ્યો હતો. ન્યાયાધીશે સરપંચને પદ પરથી દૂર કરવાનો નિર્ણય યોગ્ય ગણાવ્યો હતો. જેની સામે સરપંચ તરફથી કરવામાં આવેલી અપીલ હાઈ કોર્ટની ખંડપીઠે ફગાવી દીધી હતી. હાઈ કોર્ટની ખંડપીઠે જણાવ્યું કે, પંચાયત રાજમાં બે બાળકોનો નિયમ વધુ જન્મદર અટકાવવા માટેનો છે. અરજદાર સરપંચે ચૂંટણી પહેલાં પોતાની દીકરીને પોતાના સગાભાઈને દત્તક આપી હતી. તેણે અયોગ્યતાથી બચવા આવું કૃત્ય કર્યું હતું. બે કરતાં વધારે બાળકો ધરાવનાર વ્યક્તિ પંચાયતનો સભ્ય રહી શકે નહીં. સંતાનને દત્તક આપીને અરજદાર કાયદાની જોગવાઈમાંથી છટકી ન શકે. ખંડપીઠે સરપંચની અપીલ ફગાવીને સિંગલ જજના હુકમને માન્ય રાખ્યો હતો. ઉલ્લેખનીય છે કે અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના એક ગામમાં સરપંચને ત્રણ બાળકો હોવાના કારણોસર હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા. જેને લઈ મામલો હાઈ કોર્ટમાં પહોંચ્યો હતો. ■

# અમદાવાદમાં કારચાલકે લોડિંગ રિક્ષાને અડફેટે લેતાં ૧૪ વર્ષના કિશોરનું મૃત્યુ

અમદાવાદ: શહેરમાં વાહન અકસ્માતનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. ચાંદખેડા વિસ્તારમાં બેફામ કારચાલકે લોડિંગ રિક્ષાને અડફેટે લીધી હતી. જેના કારણે સર્જાયેલા અકસ્માતમાં ૧૪ વર્ષના કિશોરનું મૃત્યુ થયું હતું. જે કારથી અકસ્માત થયો તે પોલીસની હતી અને કોઈ સંબંધી ચલાવતો હતો. અકસ્માત સર્જનારી કારમાંથી પોલીસ લખેલી પ્લેટ મળી આવી હતી. અકસ્માત બાદ મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા અને થોડી વાર માટે ટ્રાફિક જામ પણ સર્જાયો હતો. કિશોરનાં મોતના પગલે સ્થાનિકોમાં રોષ ફેલાયો હતો. ઘટના બાદ સ્થાનિકો અને પોલીસમાં બોલાચાલી પણ થઈ હતી. ગાડીમાં દારૂ પણ હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો.

ચાંદખેડા આઈઓસી રોડ ઉપર સ્નેહા પ્લાઝાની સામે ગંગારામ ગુર્જર તેમના ૧૧ વર્ષના બાળક શંકરને લોડિંગ ટેમ્પોમાં બેસાડીને લઈ જઈ રહ્યા હતા. આ દરમિયાન એક કાર ચાલકે પૂરપાટ ઝડપે આવીને લોડિંગ રિક્ષાને ટક્કર મારી હતી. લોડિંગ રિક્ષાને ટક્કર વાગતાં રિક્ષા પલટી ખાઈ ગઈ હતી, જેના કારણે રિક્ષામાં સવાર પિતાપુત્ર નીચે પડ્યા હતા. લોડિંગ રિક્ષા ૧૧ વર્ષના માસૂમ બાળક પર પડતાં ગળાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. બાળકનું અકસ્માતમાં સ્થળ પર જ મોત થયું હતું. વહાલસોયાના મોતને લઈ પરિવારમાં હાલ શોકનો માહોલ છવાઈ ગયો હતો.

ઉલ્લેખનીય છે કે આ ઘટનાના એક દિવસ પહેલાં અમદાવાદ શહેરના મીઠાખળી વિસ્તારમાં પૂરપાટ જઈ રહેલી કારે ગંભીર અકસ્માત સર્જ્યો હતો. જેમાં અનેક વાહનોને અડફેટે લેતાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જ્યારે એક મહિલાનું મોત થયું હતું. ■

# અમદાવાદમાં મહિલાએ વીમા પૉલિસીમાં રોકાણ પર ૧૦ ટકા કમિશનની લાલચે ૫.૮૧ કરોડ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના વસ્ત્રાલમાં રોકાણના નામે છેતરપિંડીનો કિસ્સો બહાર આવ્યો હતો. એક ઠગે પોતાની દીકરી અને જમાઈ સાથે મળીને તેમના પાડોશમાં રહેતાં મહિલા અને તેમના પરિચિત લોકો પાસેથી ઇન્સ્યોરન્સ પૉલિસીમાં રોકાણ કરવાથી ૧૩ દિવસમાં ૧૦ ટકા જેટલું કમિશન આપવાનું કહીને ટુકડે ટુકડે ૫.૮૧ કરોડ રૂપિયા લીધા હતા. રોકાણ કર્યા બાદ ૪.૬૦ કરોડ રૂપિયા પરત આપ્યા હતા, પરંતુ કેટલાક લોકોના પૈસા અને કમિશન આપ્યું ન હતું. આ અંગે આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા ઠગ અને તેમનાં દીકરી તથા જમાઈ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધવામાં આવી હતી.

વસ્ત્રાલમાં રહેતાં આશાબેન ત્રિવેદીએ ક્રાઈમ બ્રાન્ચના આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ માતંગી ગારમેન્ટસ નામે કાપડનો ધંધો કરે છે. તેમની સોસાયટીમાં રહેતા નંદકિશોર સોનીએ ઑગસ્ટ ૨૦૨૩માં તેમને ઘરે બોલાવીને જણાવ્યું હતું કે, તેમની દીકરી અને જમાઈ ઇન્સ્યોરન્સ પૉલિસી ઉતારવાનું કામ કરે છે. જેમાં વધારે કમિશન મળે છે તેથી તમે આ ઇન્સ્યોરન્સ પૉલિસીમાં રોકાણ કરશો તો તમને પણ તેમના કમિશનમાંથી કમિશન આપવામાં આવશે. ત્યાર બાદ જણાવ્યું હતું કે, જેટલું કમિશન તેમનાં દીકરી ખુશબૂ અને જમાઈ કિંજલને મળે છે, તેમાંથી ૧૯ ટકા કમિશન તે આશાબેનને આપશે અને આશાબેનના સંબંધીઓ પણ આમાં રોકાણ કરશે તો તેમને પણ કમિશન આપવામાં આવશે. ૧૩ દિવસમાં ૧૦ ટકા જેટલું કમિશન આપવામાં આવશે તેવી મૌખિકમાં ખાતરી આપી હતી.

આશાબેને નંદકિશોર સોની, ખુશબૂ સોની અને કિંજલ સોનીના ખાતામાં ટુકડે ટુકડે ૩.૪૭ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત આ તેમનાં ભાણી, બહેન, મિત્ર એમ અલગ અલગ લોકો પાસેથી પણ કેટલીક રકમ લઈને આ ત્રણેયને આપી હતી. આશાબેને તેમના પરિચિત વિક્રમ મસરના માધ્યમથી પણ ૧.૩૬ કરોડ રૂપિયા આપ્યા હતા. જેના બદલામાં ખુશબૂ સોનીએ તેમને બૅન્ક મારફતે ટુકડે ટુકડે ૪.૬૦ કરોડ રૂપિયા જેટલું કમિશન આપ્યું હતું,

પરંતુ અન્ય લોકોએ રોકાણ કર્યું હતું તેનું કોઈ કમિશન આપ્યું નહોતું અને ૫.૮૧ કરોડ રૂપિયાની મૂડી પણ પરત આપી ન હતી. આ અંગે આશાબેને નંદકિશોર સોની, ખુશબૂ સોની અને કિંજલ સોની વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે. ■

# ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલની કાર્યવાહી ઑનલાઈન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્ર સરકારે રિયલ એસ્ટેટ સેક્ટરના નિયમન અને વિકાસ માટે તથા ખાસ કરીને મકાન વગેરે ધારણકર્તા એલોટિઝનું હિત જાળવવા સાથે પક્ષકારો વચ્ચેના વિવાદના ઝડપી અસરકારક નિકાલ માટે ૨૦૧૬થી ધી રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટ ઘડ્યો છે. ગુજરાતમાં ૧ મે-૨૦૧૭થી અમલી થયેલા આ કાયદાની જોગવાઈઓ મુજબ રાજ્ય સરકારે ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલની સ્થાપના કરી છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રેરા ટ્રિબ્યુનલની વિવિધ કાર્યવાહીને ઑનલાઈન અને સરળ બનાવતાં યુઝર ફ્રેન્ડલી વેબપોર્ટલનું લોન્ચિંગ ટ્રિબ્યુનલના ચૅરમૅન નિવૃત્ત ચીફ જસ્ટિસ આર. એમ. છાયાની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં કર્યું હતું. આ વેબપોર્ટલ કાર્યરત થતાં હાલ જે સંબંધિત પક્ષકારો દ્વારા રેરા ટ્રિબ્યુનલમાં રૂબરૂ આવીને અપીલ કાર્યવાહી કરવામાં આવે છે તેમાંથી મુક્તિ મળશે. પક્ષકારો પોતાની અપીલ આ યુઝર ફ્રેન્ડલી વેબપોર્ટલ પર કરી શકશે. તે અંગેની ફી પણ ઑનલાઈન ભરી શકાશે. રેરા ટ્રિબ્યુનલના આ વેબપોર્ટલે ૧૭ જેટલી વિવિધ સેવા-કામગીરી ડિજિટલ માધ્યમથી ઑનલાઈન ઉપલબ્ધ કરાવીને સાકાર કરી છે.

રેરા ટ્રિબ્યુનલ દ્વારા પોતાના આ વેબપોર્ટલ પર જે કામગીરી પક્ષકારો અને સંબંધિતોને ઑનલાઈન ઉપલબ્ધ થવાની છે. તેમાં, (૧) અપીલ ફાઇલિંગ અને નોંધણી, (૨) ફી અને ડિપોઝિટ વગેરેની ઑનલાઈન ચુકવણી, (૩) અપીલની ચકાસણી અને પ્રશ્નોનું સમાધાન, (૪) હદ-ગણતરી અને વિલંબિત માફી માટેની અરજી, (૫) ફાઈલિંગ માટે ઈમેલ અને એસએમએસ એલર્ટ્સ, (૬) સુનાવણીની તારીખ નક્કી કરવી અને પક્ષકારોને સુનાવણીની તારીખ વિશે ઑનલાઈન જાણ કરવી, (૭) સુનાવણી/ઓર્ડર વિશે એસએમએસ દ્વારા પક્ષકારોને ઑનલાઈન માહિતી, (૮) પુનઃસ્થાપન અને સમીક્ષા અરજી અને નોંધણી કરવી, (૯) દૈનિક યાદી, (૧૦) આગામી સુનાવણીની તારીખ/કાર્યવાહી માટે પક્ષકારોને ઈ-મેલ અને એસએમએસ સેવા, (૧૧) ચુકાદાની જાહેરાતની તારીખ માટે પક્ષકારોને ઈ-મેલ અને એસએમએસ સેવા, (૧૨) ચેતવણીની સૂચના, (૧૩) અરજી ભરવા માટે ઈ-ફાઇલિંગ પ્લેટફૉર્મ, (૧૪) પક્ષકારોને સુનાવણી અને સંદેશાવ્યવહાર માટે ઑનલાઈન સૂચના જારી કરવી (અંગ્રેજી અને ગુજરાતી સંસ્કરણ), (૧૫) અપીલ ડેટા : વર્તમાન અપીલની વિગતો, અપીલની પેન્ડન્સી અને અપીલના નિકાલની વિગતો, (૧૬) ચાલુ સપ્તાહ, ચાલુ મહિનો અને ચાલુ વર્ષમાં અપીલની નોંધણી, (૧૭) ઓનલાઈન ચુકાદો/ઓર્ડર વગેરે સેવાઓનો સમાવેશ થાય છે. ■

# ભાવનગરના સિહોરની રોલિંગ મિલમાં બ્લાસ્ટ: ચાર પરપ્રાંતીય મજૂરો ગંભીર રીતે દાઝ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લાના સિહોર શહેરની જી.આઈ.ડી.સી.માં આવેલી એક ફૅક્ટરીમાં રવિવારે સવારે અચાનક બ્લાસ્ટ થયો હતો. આ દુર્ઘટનામાં ફૅક્ટરીમાં કામ કરતા પરપ્રાંતીય મજૂરો ગંભીર રીતે દાઝ્યા હતા. જ્યારે કેટલાક કામગારોને સામાન્ય ઈજા થઈ હતી. હર દેવેન્દ્ર રોલિંગ મિલમાં બોઈલર ફાટવાના કારણે દાઝેલા પરપ્રાંતીય મજૂરોમાં સંજયભાઈ ચૌહાણ ઉં.વ. ૩૦, શિવમંગલભાઈ ઉં.વ. ૪૫ અને રામબાબુ ઉં.વ. ૨૦નો સમાવેશ થતો હતો. ઘાયલ થયેલા તમામ કામદારોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ભાવનગરની સર ટી. હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. બ્લાસ્ટના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ, ફાયર બ્રિગેડની ટીમ અને એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ■

# પાલઘરમાં યુવકો પર હુમલો કરી લૂંટ ચલાવીઃ સાત પકડાયા

પાલઘરઃ પાલઘર જિલ્લામાં ત્રણ યુવક પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને લૂંટ ચલાવવા પ્રકરણે સાત આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. ૧૩ ફેબ્રુઆરીએ આ ઘટના બની હતી અને ગુનામાં સંડોવાયેલા તમામ આરોપીઓ નાલાસોપારાના રહેવાસી છે, એમ પોલીસે જણાવ્યું હતું. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ફરિયાદી અને તેના બે મિત્ર ગુરુવારે રાતે બસસ્ટોપ નજીક બેસી વાતચીત કરી રહ્યા હતા ત્યારે આરોપીઓ ત્યાં આવ્યા હતા અને ત્રણેય પર તેમણે તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. ત્રણેયના મોબાઇલ, રોકડ તથા અન્ય મતા લૂંટી આરોપીઓ ત્યાંથી ફરાર થઇ ગયા હતા.હુમલામાં ઘવાયેલા ત્રણેય યુવકને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને સાત આરોપીની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)

## સંસ્થા સમાચાર

### સંયમી બનવાની શીખ સાથે દીક્ષા જયંતીની ઉજવણી



ડુંગર દરબાર, હેમુ ગઢવી હૉલમાં દેશ-વિદેશના ભાવિકોના જયનાદ સાથે પૂજ્ય શ્રીધીરગુરુદેવની ૪૪મી દીક્ષા જયંતી હર્ષોલ્લાસથી ઉજવવામાં આવી હતી. એ દરમ્યાન પૂ. મુક્તિશીલાજી મ.સા., પૂ. લીનાજી મ.સા., પૂ. સોનલજી મ.સા., પૂ. સ્મિતાજી મ.સા., પૂ. ભાનુબાઈ મ.સા.એ પોતાના ભાવ તેમજ ગોંડલ સંપ્રદાયના સુરેશભાઈ કામદાર, મુંબઈના મુકેશ કામદાર અને જુલી શાહે સંયમ જીવનની અનુમોદના કરેલ. સાથે જ એ અવસરે આચારોગ સૂત્ર અને પ્રતિક્રમણ પુસ્તકની લોકાર્પણ વિધિ પણ કરવામાં આવેલી હતી.

# પત્ની સાથેના ઝઘડા બાદ માસૂમ પુત્રીને જમીન પર ફેંકતાં મૃત્યુઃ પતિની ધરપકડ

મુંબઈઃ પત્ની સાથેના ઝઘડા બાદ પતિએ પોતાની ત્રણ મહિનાની પુત્રીને જમીન પર ફેંકતાં ગંભીર ઇજાને કારણે તેનું મૃત્યુ થયાની ઘટના કુર્લા વિસ્તારમાં બની હતી. વિનોબા ભાવે નગર પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને પતિની ધરપકડ કરી હતી.

વિનોબા ભાવે નગર સ્થિત એલઆઇજી કોલોની ખાતેની ઇમારત નંબર-૩૬માં આ ઘટના બની હતી. મૃત પુત્રીની માતા સબા સિદ્દીકીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને પરવેઝ સિદ્દીકીની ધરપકડ કરી હતી.

પરવેઝ બેરોજગાર હોવાથી તેનો શનિવારે આ બાબતને લઇ સબા સાથે ઝઘડો થયો હતો. આથી રોષે ભરાયેલા પરવેઝે તેની પત્નીની મારપીટ કરી હતી. એ સમયે ત્રણ મહિનાની પુત્રી આફિયા સબાના હાથમાં હતી. બાદમાં પરવેઝે આફિયાને ખેંચીને જમીન પર ફેંકી હતી, જેમાં તેને ગંભીર ઇજા પહોંચી હતી. આફિયાને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, પણ તેનું મૃત્યુ થયું હતું. પોલીસે શરૂઆતમાં આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો, પણ આ મામલામાં શંકા જતાં પોલીસે સબાની પૂછપરછ કરી હતી, જેમાં તેણે તમામ હકીકત જણાવી હતી. સબાનું નિવેદન નોંધાયા બાદ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને શનિવારે પરવેઝની ધરપકડ કરી હતી.

# નવી મુંબઈમાં રિક્ષા ચોરનારો પકડાયોઃ બુલઢાણાથી ૧૮ વાહન જપ્ત

થાણેઃ નવી મુંબઈના વિવિધ વિસ્તારોમાંથી રિક્ષા ચોર્યા બાદ તેને વેચી મારનારા આરોપીને પોલીસે પકડી પાડી લોકઅપભેગો કરી દીધો હતો. આરોપીએ ચોરેલી ૧૮ રિક્ષા પોલીસે બુલઢાણાથી જપ્ત કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસની ટીમ ૧૦ ફેબ્રુઆરીએ રાતે પનવેલ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે તેમની નજર શખસ પર પડી હતી.

નવી મુંબઈના જે વિસ્તારોથી રિક્ષા ચોરાઇ હતી, ત્યાંના સીસીટીવી કેમેરાના ફૂટેજમાં દેખાયેલા શકમંદનો ચહેરો એ શખસ સાથે મળતો આવતો હોવાથી પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પણ તે રિક્ષામાં ભાગી છૂટ્યો હતો.

પોલીસે ચાર કિલોમીટર સુધી પીછો કરીને સ્થાનિકોની મદદથી તેને પકડી પાડ્યો હતો. શખસની ઓળખ નિસાર સત્તાર ખાન (૩૬) તરીકે થઇ હતી, જે પનવેલનો રહેવાસી છે.

પૂછપરછમાં નિસાર ખાને પનવેલ, કલંબોલી અને કામોઠે વિસ્તારમાંથી ૧૮ રિક્ષા ચોરી હોવાની કલૂબાત કરી હતી, જે તેણે બુલઢાણામાં વેચી મારી હતી. આરોપી રિક્ષાના એન્જિન અને ચેસીસ નંબર સાથે ચેડાં કરતો હતો અને બાદમાં તેને વેચી મારતો હતો, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)

# જૂનાં વાહનો માટે હાઈ સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટઃ ૩૧મી માર્ચ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

મુંબઈઃ રાજ્ય આખામાં જૂનાં વાહનો માટે હાઈ સિક્યોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચએસઆરપી) માટેની અરજીઓની સંખ્યા એક લાખને વટાવી ગઇ છે, એવી જાહેરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ કમિશનર કાર્યાલયે કરી હતી. આમાંથી આગામી અઠવાડિયે મુંબઈમાં ૨૦ લાખથી વધુ નંબર પ્લેટ બદલાય એવી અપેક્ષા છે. આમાંની ૫૦ હજાર અરજીઓ મુંબઈ વિભાગમાંથી જૂનાં વાહનો માટે ખાસ નંબર પ્લેટની માગ કરતી આવી છે. એચએસઆરપી માટેની સિસ્ટમ સંપૂર્ણપણે ઓનલાઈન છે અને આ નવી પ્લેટો લગાવવા માટેની ચુકવણી ૧૦૦ ટકા ઓનલાઈન કરવી પડશે, જેમાં કોઇ રોકડ રકમ સ્વીકારવામાં નહીં આવે. અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧મી માર્ચ છે અને સમગ્ર પ્રક્રિયા સત્તાવાર વેબસાઈટ દ્વારા ઓનલાઈન હાથ ધરવામાં આવશે. તમે સત્તાવાર પોર્ટલ પર તમારાં વાહનો માટે અરજી કરીને એપોઈન્ટમેન્ટ બુક કરી શકો છો. અહીં એક વાતની ખાસ નોંધ લેવી કે આ પોર્ટલ પહેલી એપ્રિલ, ૨૦૧૯ પહેલાં નોંધાયેલાં વાહનો માટે એચએસઆરપી ઈન્સ્ટોલેશન બુક કરાવવા માટે છે. ૨૦૧૯ પછી નોંધાયેલાં વાહનો હજુ સુધી આ પોર્ટલ દ્વારા નોંધણી માટે પાત્ર નથી.

### ૨૦૧૯ પહેલાંનાં વાહનો જ કેમ?

એપ્રિલ ૨૦૧૯માં તેની શરૂઆત થઈ ત્યારથી, એચએસઆરપી પહેલ બધાં નવાં ઉત્પાદિત વાહનો માટે ફરજિયાત ધોરણ બની ગયું છે. તેમાં ૧૦-અંકનો અનન્ય નંબર પણ છે જે લેસરથી એમ્બોસ થયેલ છે જે તેને ચેડાં કરતા અટકાવે છે. જારી કરાયેલ એસઓપી સાથે, એપ્રિલ ૨૦૧૯ પહેલાં નોંધાયેલાં તમામ વાહનો માટે પણ માર્ચ ૨૦૨૫ની સમયમર્યાદા પહેલાં એચએસઆરપી હોવું જરૂરી છે, એવું એક પરિવહન અધિકારીએ જણાવ્યું હતું.

# કાર્યક્રમમાં રિવોલ્વર લઇ નાચવા બદલ ભાજપના પદાધિકારી સામે ગુનો દાખલ

થાણેઃ થાણે જિલ્લાના કલ્યાણમાં બહેનના લગ્ન પહેલાના કાર્યક્રમમાં હાથમાં રિવોલ્વર લઇને નાચવા બદલ ભાજપના પદાધિકારી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કલ્યાણના ભાજપના ઓબીસી સેલના વાઇસ-પ્રેસિડન્ટ અને વેપારી ચિંતામણ લોખંડેનો ડાન્સ કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ લોખંડે અને તેના ભાઇ સામે ગુનો દાખલ કર્યો હતો, એમ ખડકપાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર ડો. અમરનાથ વાઘમોડેએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ કલ્યાણના ઉંબરડે ગામમાં પોતાની બહેનનાં લગ્ન પહેલાના કાર્યક્રમમાં લોખંડેએ નાચતી વખતે રિવોલ્વર કાઢીને લહેરાવી હતી.વીડિયોમાં લોખંડે એક ગીત પર નાચતો અને બાદમાં અચાનક રિવોલ્વર કાઢીને હવામાં લહેરાવતો નજરે પડતો હતો. લોખંડને રિવોલ્વર સાથે જઇને ત્યાં હાજર લોકો ચોંકી ઊઠ્યા હતા. વીડિયો વાયરલ થયા બાદ પોલીસે લોખંડે વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કયા બાદ તપાસ આદરી હતી. (પીટીઆઇ)

નવમા પાનાનું ચાલુ

### ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેન્કના

પૌન કાંદિવલી પશ્ચિમમાં શાંતિલાલ મોદી રોડ પરની શ્રીજી શરણ ઇમારતમાં રહે છે. હિતેશ મહેતા અને ધર્મેશ પૌનને રવિવારે કોર્ટમાં હાજર કરાયા હતા, જ્યાં તેમને ૨૧ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે આરોપીઓ ૧૨૨ કરોડની ઉચાપત કરેલી રકમ બાબતે ઉડાઉ જવાબ આપી રહ્યા છે. તેમની સાથે હજી કોઇ સંડોવાયેલું છે તેની તપાસ કરવાની બાકી છે. હિતેશ મહેતા પાસેથી મે અને ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ૧.૭૫ કરોડ રૂપિયા તથા જાન્યુઆરી, ૨૦૨૫માં ૫૦ લાખ રૂપિયા પૌનને મળ્યા હતા. આ કૌભાંડમાં બેન્કના અન્ય કોઇ કર્મચારી સંડોવાયેલા છે કે કેમ તેની પણ તપાસ કરવાની બાકી છે. આ રકમ જનતાની થાપણો હોઇ આરોપી કરેલી છેતરપિંડીને કારણે હજારો થાપણદારોને અસર થઇ છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મહેતાએ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા સમક્ષ ગુનાની કબૂલાત કરી છે. ઉચાપત કરાયેલા ૧૨૨ કરોડમાંથી ૪૦ કરોડ રૂપિયા ઉન્નનાથન ઉર્ફે અરુણભાઇને અપાયા હોવાનું કહેવાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે બેન્કના ઍક્ટિંગ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર દેવર્ષી શિશિરકુમાર ઘોષની ફરિયાદને આધારે દાદર પોલીસ સ્ટેશનમાં હિતેશ મહેતા અને તેના સાથીદાર વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. હિતેશ મહેતા દાદર અને ગોરેગામની બ્રાન્ચ સંભાળતો હતો. તેણે ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી બેન્કની તિજોરીમાંથી ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત કરી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો. આ કેસની તપાસ આર્થિક ગુના શાખાને સોંપાયા બાદ અધિકારીઓ મહેતાના દહિસરના નિવાસે પહોંચ્યા હતા, જ્યાંથી કેટલાક દસ્તાવેજો જપ્ત કરાયા હતા. મહેતાને તાબામાં લીધા બાદ પૂછપરછ માટે તેને આર્થિક ગુના શાખાની ઓફિસમાં લવાયો હતો, જ્યાં તેની સાંજે ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ કેસમાં ધર્મેશ પૌનની સંડોવણી સામે આવી હતી.

### લાડકી બહેનની આવક

લાભાર્થીઓની આવક માટે આવકવેરા વિભાગની મદદ લેશે.

આવકવેરા વિભાગ મહિલા આવકવેરા ભરનારાઓ વિશે માહિતી મેળવશે અને તેમાંથી અઢી લાખ રૂપિયાથી વધુ આવક ધરાવતી લાભાર્થી મહિલાઓને યાદીમાંથી બાકાત રાખવામાં આવશે. આટલું જ નહીં, જો અન્ય માધ્યમો દ્વારા મહિલા લાભાર્થીની કૌટુંબિક આવક અઢી લાખથી વધુ હોવાનું જાણવા મળે તો સંબંધિતોને ગેરલાયક ઠેરવવામાં આવશે.

સરકારી ચકાસણી અનુસાર અત્યાર સુધીમાં પાંચ લાખ મહિલાઓ આ યોજના માટે અયોગ્ય હોવાનું જાણવા મળ્યું છે. આમાંથી ૨.૩૦ લાખ મહિલાઓ સંજય ગાંધી નિરાધાર યોજનાની લાભાર્થી છે.


## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૫૩૬૧)

### ૧૨. યાત્રા સહેલગાહ

**મહાકુંભનો મોકો**

**AC પુશબેક મિનિબસ - હોટલ, પ્રયાગસ્નાન, ચિત્રકુટ, અયોધ્યા, વારાણસી પ્રસ્થાન 21/2 (ગ્રુપ આવકાર્ય) ગ્લોબલ ટુર્સ - 9967894750. (બી-૧૫૫૭૯)**

### ૧૪. નોકરી ખાલી છે

AADI ACADEMY GOREGAON Requires Pre Primary & Primary Class Teachers & English, Sanskrit Teachers with min. 2 Yrs. exp. Resume via WhatsApp 9004090800. Email: info@aadiacedemy.com (B-15558)

URGENT REQUIREMENT

Male Candidates for Jewellery Company at Andheri 1. B.Sc Graduate 2. Mechanical Diploma 3. ITI Person-Machinist, Turner, Fitter. Contact - 9167979275 Sameer. (B-15575)

### ૧૭. જગ્યા આપવી છે

**કોલાબા**

ટેલિફોન ભવન સામે લિવલાયસંસ ૧ BHK અનફર્નિશ્ડ 85000, પેડર રોડ જશલોક સામે ફુલ્લી ફર્નિશ્ડ 90000 તુરંત કબજો. 9820296693 કટારિયા એજન્ટ. (૧૫૫૮૨-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૨. જમીન-મિલકત

SALE PLOT ANDHERI E 3644 Sq. Mtrs 100 Cr Broker Excuse 9820401827. (B-15578)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR WORK**

**Civil, Plumbing, Water Proofing, Interior by Civil Engineer. 9833521709. (15321-A)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલિસ્ટ**

ટેરેસ, છજ્જા, બાથરૂમ, સિવિલ કામ, પેઈન્ટિંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, 8450941119. (બી-૧૫૫૫૪)

### ૫૨. કુરીઅર્સ

**એસએસ એક્સપ્રેસ**

કુરિયર, યુકે, યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, 9699601689/ 8291516972. (બી-૧૫૪૫૬)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૫૫૩)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## હિન્દુ મરણ

**દશા સોરઠીયા વણિક**

મુળગામ ઇંગોરાળા હાલ કાંદિવલી જગદીશભાઇ ધીરજલાલ ગગલાણી (ઉં. વ. ૬૫) તે ગં. સ્વ. જયાબેન ધીરજલાલ ભગવાનજી ગગલાણીના સુપુત્ર. વર્ષાબેનના પતિ. તે જતીન અને ગોલોકવાસી સચિનના પિતાશ્રી. તે અ. સૌ. ભક્તિના સસરા. તે ભરતભાઇ, મનોજભાઇ, અ. સૌ. કોકીલાબેન દિનેશકુમાર કાચલીયાના મોટાભાઇ. સ્વ. ધીરજલાલ રૂગનાથ ઘીયાના જમાઇ. તા. ૧૨-૨-૨૫ બુધવારના શ્રીજીચરણ પોમલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૨-૨૫ સોમવારના સમય ૫થી ૭. ઠે. મહાવીર બેન્કવેટ હોલ, મહાવીર નગર, પીઝા હટની સામે, કાંદિવલી (વેસ્ટ).

**પટેલ**

ગામ ધમડાછા હાલ ખેતવાડીના ધનસુખભાઇ ગોવિંદજી પટેલ (ઉં. વ. ૯૨) શુક્રવાર, તા. ૧૪-૨-૨૫ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેનના પતિ. કોકિલા, મીના, આશા, ભાવના, સંજય અને સ્વ. શૈલેષના પિતા. વર્ષા અને કિશોરભાઇના સસરા. તેમ જ સ્વ. મણીભાઇ ધનજીભાઇના જમાઇ. ભવ્યના દાદા. સ્વ. લક્ષ્મીબેનના ભાઇ. તેજસ અને વૈભવીના નાના. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૦-૨-૨૫ના ૩થી ૫. ઠે. ૧૧૩, કૃષ્ણ બાગ, ૨જો પારસીવાડા, વી. પી. રોડ,પોલીસ સ્ટેશનની સામે, મુંબઇ-૪. તેમ જ પુષ્પાણી, મંગળવાર, તા. ૨૫-૨-૨૫ના ૩થી ૫ નિવાસસ્થાને રાખેલ છે. નિવાસસ્થાનઃ ૨૧, તારવાલા બિલ્ડિંગ, ખેતવાડી ૩જી ગલી, ભોંયતળીયે.

**હાલાઇ લોહાણા**

હાલ ઘાટકોપર મૂળગામ જામ ખંભાડિયા સ્વ. જમનાબેન તથા સ્વ. મથુરાદાસ દેવજી પંચમતિયાના સુપુત્ર નવીનચંદ્ર પંચમતિયા (ઉં. વ. ૮૮) તા. ૧૫-૨-૨૫ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. હીના પરેશ પૂજારા, નીતા પ્રદીપ ઠક્કર (સોઢા), જીજ્ઞા કેતન ઠક્કરના પિતાશ્રી. સ્વ. જયંતીલાલ લક્ષ્મીદાસ પાવાગઢીના જમાઇ. સ્વ. હરકિશનદાસ, સ્વ. મહેશભાઇ, ગં. સ્વ. મંજુબેન, સ્વ. ચંપાબેન, ગં. સ્વ. ઇન્દુબેનના ભાઇ. ઠે. બી-૪, રાજેશ, આર.બી. મહેતા માર્ગ, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ), પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા સદંતર બંધ છે.

**કચ્છી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ**

કચ્છ ભુજ નિવાસી હાલ ઘાટકોપર મુંબઇ કિરીટભાઇ શશીકાંત મહેતા (ઉં. વ. ૭૪) શનિવારે તા. ૧૫-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે.તે અરૂણાબેનના પતિ. નિશિતાબેન તથા વૈભવભાઇના પિતાજી. અ. સૌ. સિમૌલીબેન તથા મિહિરભાઇના સસરા. કુમારી રીયા તથા પરીસાના દાદા. અ. સૌ. નિરૂપમાબેન, અજયભાઇ તથા કમલેશભાઇના ભાઇ. મુંબઇ અંધેરી નિવાસી ચુનિલાલભાઇ વી. મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૮-૨-૨૫ના મંગળવારે સાંજે ૪થી ૬. ઠે. ઇન્ટલીન્ક બેન્કવેટ, ડી-વિંગ, બીજે માળે, નીલકંઠ બિઝનેસ પાર્ક, વિદ્યાવિહાર (વેસ્ટ).

**નવગામ ભાવસાર**

ઇન્દિરાબેન (ઉં. વ. ૮૮) તે સ્વ. ઘનશ્યામ પી. ગોંડલિયા (મુંબઇ)ના ધર્મપત્ની. વિક્રમ, યોગેશ, ચેતનાના માતુશ્રી. નીપા, સ્વાતિ, ચંદ્રેશના સાસુ. આયુષી, નિષ્ઠા, મહેક, કશવીના દાદી. સ્વ. વિનુભાઇ પી. ગોંડલિયા તથા ચંદ્રકાન્ત પી. ગોંડલિયાના ભાભી. તેમ જ વસંતભાઇ, વિનુભાઇ, ભરતભાઇ, અશોકભાઇ, કાસંદરિયાના બહેન. તા. ૧૩-૨-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૨-૨૫ના સોમવારના સાંજે ૪થી ૬. ઠે. ગોપુરમ હોલ, (મીની ભાગીરથી) આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી વણીક**

ઇંગોરાળા નિવાસી હાલ મલાડ તૃપ્તી નિલેશ વૃજલાલ માણેકચંદ બરવાળીયાના સુપુત્ર નિરામય (ઉં. વ. ૨૫) તા. ૧૫-૨-૨૫ શનિવારના અક્ષરનિવાસી થયેલ છે. તે નીતાબેન, મનીષ, મયુર-મુકેશ, મયુરના ભત્રીજા. મોસાળ પક્ષે પ્રતાપરાય હીરાચંદ શાહના પૌત્ર. નિશાબેન, રૂપાબેન, ભાવનાબેન, સ્વ. ભાવીકભાઇના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. નિલેશ વૃજલાલ બરવાળીયા, ૧૧૦૫, શ્રીનાથ એપાર્ટમેન્ટ, લીબર્ટી ગાર્ડન, મહેતા ઇન્ડ.ની બાજુમાં, મલાડ (વેસ્ટ).

**ઝાલાવાડી સઈ સુથાર**

સ્વ મુક્તાબેન ભીખાલાલ મકવાણા ગામ ગઢડા હાલ મુંબઈ સાયન નિવાસીના પુત્ર મનહરલાલ (ઉં. વ.૭૩) તે તા.૧૪-૨-૨૫ શુક્રવારના રોજે શ્રીજી ચરણ પામેલ છે. તે રેખાબેનના પતિ, તે જયંતિભાઈના ભાઈ. તે જશ્મીનબેન તથા મેઘલબેનના પિતા. તે રાહુલકુમાર તથા ધીરેનકુમારના સસરા. તે ઓમ તથા તસ્મૈયના દાદા. પ્રાર્થનાસભા સોમવાર, ૧૭-૦૨-૨૫ના સાંજે ૪ થી ૬. ઠે. શ્રી લક્ષ્મી નપ્પુ હોલ, ચંદાવરકર રોડ, માટુંગા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૧૯ (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ઘોઘારી લોહાણા**

મૂળ લીલીયા મોટા હાલ અંધેરી ચંપાબેન જયંતીલાલ અઢીયાના પુત્ર દિલીપભાઈ જયંતીલાલ અઢીયા (ઉં. વ ૭૦) તા. ૧૩/૦૨/૨૫ અને ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. ગીતાબેનના પતિ, તે ભૂમિકા, નીશિતા આરવ મુછાળા તથા રોહનભાઈ ના પિતાશ્રી, તે ગં.સ્વ. હર્ષાબેન હર્ષદભાઈના દિયર, તૃપ્તિબેન ભરતભાઈ, દિવ્યાબેન ચેતનભાઈ અને મનીષાબેન ઈલેશભાઈ અઢીયાના જેઠ, તે બિંદુબેન હસુભાઈ શાહના ભાઈ. બંને પક્ષની પ્રાર્થના સભા તારીખ ૧૭/૦૨/૨૫, સોમવાર રોજ સમય સાંજે ૪ થી ૬, વિલે પાર્લે મેડિકલ ક્લબ પબ્લિક હેલ્થ ટ્રસ્ટ, ૧૩ બી સંત જ્ઞાનેશ્વર રોડ, ચંદન સિનેમાની પાછળ, જુહુ વિલે પાર્લે પશ્ચિમ, મુંબઈ ખાતે રાખેલ છે.

**હલાઈ લોહાણા**

બિલખા નિવાસી હાલ કલ્યાણ અ.સૌ.ભારતીબેન કાંતિલાલ રાજા (ઉં. વ. ૭૯) તા. ૧૫/૨/૨૫ ને શનિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે કાંતિલાલ મુલચંદ રાજાના ધર્મપત્ની. તે કલ્પા હિમાંશુ રાયચુરા, નિલેશ તથા હરીશના માતુશ્રી. તે ભાવનગરવાળા પ્રતાપરાય જયંતીલાલ માવાણીના દિકરી. તે પ્રિયા તથા શ્રુતિના સાસુમા. તે તનીષ, કૃષ્ણમ, રણબીર, પ્રણવના દાદીમા. તે જેનીલ હિમાંશુ રાયચુરાના નાનીમા. તેમની બંને પક્ષ ની પ્રાર્થનાસભા તા. ૧૭/૨/૨૫, સોમવારે સાંજે ૪:૩૦ થી ૬.ઠે. શ્રી જલારામ સભાગૃહ, હાલાઇ લોહાણા મહાજન વાડી પાછળ, આગ્રા રોડ, કલ્યાણ (પશ્ચિમ) એ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ મુરૂ તા. નખત્રાણા હાલે ગાંધીધામ સ્વ. નર્મદાબેન દયારાન અનમ, (ઉ.વ. ૭૦), સ્વ. દયારામ ચત્રભુજ અનમના ધર્મપત્ની, સ્વ. પુરબાઈ ચત્રભુજ અનમના પુત્રવધૂ. ગામ રવાપુરના સ્વ. જમનાબેન મંગલદાસ ધારસી તન્ના હાલે મુંબઈના પુત્રી. નિતીન, ભાવેશ, પ્રિતીના માતાજી. માધવજીભાઈ, ગં.સ્વ. વિમળાબેન, વિજયાબેન, પુષ્પાબેન, સ્વ. વશંતાબેન, ગં.સ્વ. કલ્પનાબેનના બહેન, તા. ૧૪-૨-૨૫ શુક્રવારના રામશરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૦૨-૨૫, સોમવારના સાંજે ૫.૩૦ થી ૭ કલાકે, મુક્તેશ્વર મંદિર, ડો. આર.પી.રોડ, મુલુન્ડ વેસ્ટ મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

હોમી નોશીર દાવર તે સુન્નુ હોમી દાવરના ખાવીંદ. તે મરહુમો વિરા ને નોશીરના દીકરા. તે શીરોય, નફીઝા દારાયશ સથ્થાના પપ્પા. તે જેસ્મીન એસ. દાવર ને દારાયસ સથ્થાના સસરા. તે મરહુમો રોહિન્ટન, અસ્પી ને મીનીના ભાઇ. તે મરહુમો નરગીશ તથા અરદેશર જોશીના જમાઇ. (ઉં. વ. ૮૭) રે. ઠે. ૬૩૮, એમ. જોશી રોડ, એમ. જોશી. બિલ્ડિંગ, પારસી કોલોની, દાદર, (પૂર્વ) મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૨-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે દાદર મધ્યે રૂસ્તમ ફરામ અગિયારીમાં.

ડેઝી હોમી વરીયાવા તે મરહુમો પેરીન તથા હોમી વરીયાવાના દીકરી. તે પરવેઝ, અરનાવાઝ પોચખાનાવાલા તથા મરહુમો કેલી વરીયાવા ને રોશન વરીયાવાના બહેન. તે કાશ્મીરા પરવેઝ પોચખાનાવાલાના માસી. તે પરવેઝ એમ. પોચખાનાવાલાના સાલી. (ઉં. વ. ૬૪) રે. ઠે. એચ-૩૯, ખુશરૂ બાગ, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૨-૨૫ના બપોરે ૩.૪૦ કલાકે કોલાબા મધ્યે કરાની અગિયારીમાં.

જર રૂસી તવડીયા તે મરહુમ રૂસી નવરોજી તવડીયાના વિધવા. તે મરહુમો ધનમાય તથા રૂસ્તમજી મિસ્ત્રીના દીકરી. તે માહરૂખા રૂસી તવડીયાના મમ્મી. તે મરહુમો સોલી, બેહરામ, ફરામ, કેકી, ફરોખ, બહાદુર ને નરગીશના બહેન. તે ફ્રેડી, પોરસ, રૂઝબેર ને વિરાફના ફૂઇજી. તે મરહુમો મેહેરબાઇ તથા નવરોજી જમશેદજી તવડીયા. ને મરહુમો જાયજી તથા માનેકશા હીરાજી સીઓડીયાના વહુ. (ઉં. વ. ૮૨) રે. ઠે. નવરોઝ બાગ, ઇ-બ્લોક, રૂમ. નં-૪, ભોંયતળિયે, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૨-૨૫ના બપોરે ૩.૪૦ કલાકે લાલબાગ મધ્યે એમ. જે. વાડીયા અગિયારીમાં.

નવલ હોમી સુરતી તે યાસ્મીન નવલ સુરતીના ખાવીંદ. તે મરહુમો કાબેર તથા હોમી સુરતીના દીકરા. તે આયશા સુરતી વિનાયક ને રૂઝબે સુરતીના પપ્પા. તે વિનય વિનાયક ને ફરાહ સુરતીના સસરા. તે બેહરામ હોમી સુરતી તથા મરહુમો અસ્પી સુરતી ને પીલુ સુરતીના ભાઇ. તે મરહુમો શીરીન તથા ખરશેદજી નગરવાલાના જમાઇ. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૨/૧૧, એ. એચ. વાડીયા બાગ, પરેલ ટેન્ક રોડ, કાલાચોકી, મુંબઇ-૪૦૦૦૩૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૮-૨-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે ફોર્ટ મધ્યે બનાજી લીમજી અગિયારીમાં.

## જૈન મરણ

**વિશા હુમડ દિગંબર જૈન**

મૂળ નિવાસી સુરત હાલ બોરીવલી દર્શના ધનકુમાર ઘીવાળા ધનકુમાર ઘીવાળાના પત્ની (ઉં.વ.૭૧) શૈલેષ રતનચંદ દોશીની બહેન. અલકા હિરેનકુમાર પરીખની બહેન. સુરેખા શૈલેષ દોશીની નણંદ. તથા પ્રિયંકા અને સાગરના ફોઇ. દેહપરિવર્તન તા. ૧૫-૨-૨૫ના થયેલ છે. ઠે. સી-૪૬, યોગી સ્ટાર, યોગી નગર, એકસર રોડ, બોરીવલી (પશ્ચિમ). લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ ઘાટકોપર નવીનચંદ્ર છોટાલાલ મદનજી પારેખ (ઉં. વ. ૮૭) તે સ્વ. ઇન્દિરાના પતિ. અ. સૌ. ડો. રીટા પીયુષ મોદી તથા ફાલ્ગુનીના પિતા. સ્વ. વ્રજલાલ સુંદરજી શેઠના જમાઇ. સ્વ. હિંમતલાલ, સ્વ. ધીરજલાલ, સ્વ. પ્રિયમતી ધીરજલાલ શેઠ, સ્વ. હરસુખલાલ, મધુકાંત, રમેશચંદ્રના ભાઇ. તથા અ. સૌ. કિમીષા ધવલ બગડિયા, ડો. શેફાલીના નાના તા. ૧૪-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા.૧૮-૨-૨૫ના ૪થી ૬. ઠે. ૩જે માળે, પારસધામ, વલ્લભ બાગ લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**ઝા. દશા. શ્વે. મૂર્તિ. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ માટુંગા સ્વ. ઇન્દુબેન ધનજીભાઇ દફતરીના પુત્ર ચેતનભાઇ (ઉં.વ.૬૮) તે હર્ષીદાબહેનના પતિ. તે પૂજા ઉદીતકુમાર છેડા, કૌશલ, કૃતીના પિતા. તે પ્રેમીલાબેન, મુકેશભાઇ તથા રાકેશભાઇના ભાઇ. તે સ્વ. રસીકલાલ સૂરજમલ શાહ (વડોદરા)ના જમાઇ તા. ૧૬-૨-૨૫ના રવિવારે અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વડીયા દેવડી નિવાસી હાલ બોરીવલી સ્વ. જેકુંવરબેન ગુલાબચંદ પારેખના સુપુત્ર મહેન્દ્રભાઇ (ગઢવી) (ઉં. વ. ૭૭) શુક્રવાર, તા. ૧૪-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અરુણાબેનના પતિ. કલ્પેશ, વિપુલ, અવનીના પિતાશ્રી. તે કુંજન તથા પ્રશાંતકુમાર મહેતાના સસરા. તે ધારી નિવાસી સ્વ. શાંતાબેન હરીચંદભાઇ ઝાટકીયાના જમાઇ. તે સ્વ. વિનોદરાય, સ્વ. ધીરજલાલ, સ્વ. લીલીબેન પ્રતાપરાય દેસાઇ તથા સ્વ. ચંપાબેન ચિમનલાલ ટિંબડીયાના ભાઇ. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૮-૨-૨૫ના ૧૦થી ૧૨. ઠે. વર્ધમાન સ્થા. જૈન મોટો ઉપાશ્રય, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**સૂરત દશા ઓસવાલ જૈન**

સદગુણા મહેશકુમાર ઝવેરી તા. ૧૬/૨/૨૫ ના રોજ અરિહંત શરણ થયેલ છે. તે મહેશકુમાર મોતીલાલ ઝવેરીના ધર્મપત્ની, ગૌરાંગ, પોલમીના માતૃશ્રી. દીવાના નાની. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડી મહાદેવપુરીના હેમલતા (હિરબાઈ) પોપટલાલ નાગડા (ઉ.વ.૭૧) તા.૧૪-૨ ના અવસાન પામેલ છે. પુરબાઈ લખમશીના પુત્રવધુ. સ્વ. પોપટલાલ લખમશીના ધર્મપત્ની. બિંદુ, ઉષા, જયેશના માતુશ્રી. સાભરાઈ ગંગાબાઈ ધનજીના સુપુત્રી. પ્રેમજી, ગોવિંદજી, ભવાનજી, બાંભડાઈ દમયંતી ધનજી, કોટડી મહા. શાંતા પ્રેમજી, મકડા મીના મણીલાલના બેન. પ્રા. સુવિધીનાથ જિનાલય માનપાડા રોડ, ડોંબીવલી (ઈ). ટા.૨ થી ૩.૩૦.

કોટડી (મહા.)ના નીતીન દેવજી દેઢીયા (ઉ.વ. ૫૫) તા.૧૫-૨-૨૫ અવસાન પામ્યા છે. રતનબેન દેવજીના પુત્ર. હીનાના પતિ. ડો. જીલ, યશના પિતા. નૈનીશ, કીંજલના ભાઇ. ગુણવંતી શામજી જાગાણીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દેવજી દેઢીયા, બી ૩/૩૪૫, કસ્તુરી પ્લાઝા, માનપાડા રોડ, ડોંબીવલી (ઇ.)

કુંદરોડીના શ્રી ચંદ્રકાંત (ચંદુભાઈ) શાહ (દેઢીયા) (ઉ. ૭૫) તા. ૧૪-૨-૨૫ ના અવસાન પામેલ છે. સાકરબેન કલ્યાણજીના પુત્ર. જયવિણાના પતિ. રિંકુ, બીનલ, સોનલ, કાનનના પિતા. રમેશ, દિનેશ, વિજય, રાજેશના ભાઇ. પ્રભાવતી ગાંગજીના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ૧લે માળે, સ્વામી નારાયણ મંદિર, દાદર (ઈ), ૪ થી ૫.૩૦.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના માતુશ્રી ખેતબાઈ દામજી લધા ગાલા ઉં.વ.૮૨ ગુરુવાર તા. ૧૩.૦૨.૨૫ના અવસાન પામેલ છે. જોમાબેન લધા ગાલાના પુત્રવધુ, પ્રવિણ, સુનીલ, જીતેન્દ્ર અને અનિતાના માતુશ્રી, દિનેશ છેડા, પુષ્પા, સરલા, ઈન્દુના સાસુ, ભાવિન, દિસી, શ્વેતા, નેહા, હેત્વીના દાદીમા. દિવાળીબેન, મોંઘીબેન, દમુબેનના ભાભી, વીરાબેન કોરશી નંદુની દિકરી. પ્રાર્થના સભા તા.૧૭.૦૨.૨૫ના સમય ૪.૦૦ થી ૫.૩૦ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ શ્રી કરશન લધુ નિસર હોલ, દાદર-વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ.લક્ષ્મીબેન કરશનભાઈ નાથાભાઈ છેડા (ઉં.વ. ૮૨) શુક્રવાર તા. ૧૪.૦૨.૨૫ના અવસાન પામેલ છે. ખેતઈબેન નાથાભાઈ છેડાના પુત્રવધુ. સ્વ. કરશનભાઈના ધર્મપત્ની, કસ્તુર, પ્રેમિલા, રસિલા, નરેન્દ્ર, વનિતા, ઉર્મીલા, જયેશના માતુશ્રી. હંસા, લખમશી, સ્વ. કુંવરજી, જયંતિલાલ, વેલજી, જયેશના સાસુ. સ્વ. ગૌરીબેન રતનશી લુંભા કારીઆના દિકરી. પ્રાર્થના સભા તા.૧૭.૦૨.૨૫ના સમય ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ શ્રી કરશન લધુ નિસર હોલ, દાદર-વેસ્ટ. ઠે. નીલ ગગર, ૫૨ બી વીંગ, ચાર બંગલા, અંધેરી-વેસ્ટ, મુંબઈ (ચક્ષુ દાન કરેલ છે.)

**હરસોલ સતાવીસ વિશા શ્રીમાળી જૈન**

મોહનપુર નિવાસી (હાલ મલાડ) સેવંતીલાલ પૂનમચંદ શાહ(ઉ.વ. ૭૫)તે રમીલાબેનના પતિ, ત્થા સમીર (રીના), બીના હિતેન્દ્રકુમાર સંઘવી, પિન્કી હિરેનકુમાર શાહના પિતા ત્થા સ્વ. કાંતીભાઈ, સ્વ. રમણભાઈ, કિર્તીભાઈ, ધીરજભાઈ, શારદાબેન દીપચંદ ગાંધી, કપિલાબેન હરખચંદ શાહ, કંચનબેન હરખચંદ શાહના ભાઈ ત્થા અદિતિ, મોક્ષા, હેતા, સર્વેશ, જય, ધ્યાના, ક્રિશાના દાદા, ત્થા શ્વસુર પક્ષે તારાચંદ ડુંગરશી વોરાના જમાઈ તા. ૧૫-૨-૨૦૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચલાળા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ચંદુલાલ દેવચંદ પારેખના ધર્મપત્ની મધુકાન્તાબેન (ઉં. વ. ૮૭) તા. ૧૬-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શૈલેષ, સ્વ. ભાવેશ, વિપુલના માતુશ્રી. સ્વ. ભાવનાબેન તથા માધુરીના સાસુજી. હર્ષ- દેવાશી- મનાલીના દાદીમા. હેમાણીના દાદીસાસુ. પિયર પક્ષે છગનલાલ હરીચંદ સંઘવીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ

## મનન

# આયુષ્યનું નિર્ધારણ

હેમંત વાળા
feedback@bombay samachar.com



હમણાં એક વીડિયો ફરીથી નજરે ચડ્યો. તેમાં એમ જણાવવામાં આવેલ કે જેમ વસ્તુની ઝડપ વધે તેમ તેમ તેની સાપેક્ષતામાં સમય ધીમો પડી જાય. આ વાત સમજાવવા માટે તેમણે એક ઉદાહરણ આપેલું. તેમાં એમ જણાવાયેલું કે બે જોડીયા બાળકોમાંથી એકને સ્થિર સ્થાન ઉપર રાખવામાં આવે અને બીજાને જો અતિ ગતિમાન વાહનની અંદર રાખવામાં આવે તો ગતિમાન વાહનમાં રહેલા બાળકની સરખામણીમાં સ્થિર સ્થાન પર રહેલ બાળકની ઉંમર ઝડપથી વધે. આ વીડિયોમાં એક એવી વાત પણ કહેવામાં આવી હતી કે જો વ્યક્તિ પ્રકાશની ગતિની ઝડપે પ્રવાસ કરે તો તેની ઉંમર ક્યારેય ન વધે અને તે ક્યારેય મૃત્યુ ન પામે. અર્થાત તે અમર થઈ જાય.

વિજ્ઞાનની દૃષ્ટિએ આ તર્ક સાચો લાગે. જ્યાં સુધી સમયની ગતિને લાગે વળગે છે ત્યાં સુધી એ વાત સાચી છે કે ઝડપ વધતાં સમયની ગતિ ઓછી થાય. પણ આયુષ્ય તો એક ભિન્ન ઘટના છે. સનાતની સંસ્કૃતિમાં આયુષ્યની ગણતરી ઘડિયાળના કાંટાને આધારિત નથી હોતી. સનાતની તત્ત્વજ્ઞાન પ્રમાણે આયુષ્યનું નિર્ધારણ પૃથ્વીના કે અન્ય કોઈ પદાર્થના આવર્તન પ્રમાણે નક્કી નથી થતું. સનાતની સિદ્ધાંત પ્રમાણે આયુષ્ય કોઈપણ ભૌતિક બાબતની ઝડપ આધારિત ન હોય. સનાતની સંસ્કૃતિમાં સ્થાપિત થયેલા સત્ય પ્રમાણે આયુષ્યનું નિર્ધારણ શ્વાસની સંખ્યા પર આધાર રાખે છે. માનવી એક દિવસમાં સામાન્ય રીતે એકવીસ હજાર છસો વખત શ્વાસોચ્છવાસની ક્રિયા કરે છે. આ સંખ્યા પ્રમાણે તેની આવરદા નિર્ધારિત થાય છે. ધારો કે એક દિવસમાં શ્વાસોચ્છવાસની સંખ્યા અડધી કરી દે તો તેનું આયુષ્ય બમણું થઈ જાય. પ્રાણાયામ આયુષ્ય પર આ રીતે પણ અસર કરે છે.

પ્રશ્ન એ છે કે કયા સિદ્ધાંતને સાચો માનવો, અર્વાચીન વિજ્ઞાનની પ્રકાશની ગતિની સીમા પાર કરીને અમર થવાની વાત કે શ્વાસોચ્છવાસની સંખ્યાને આધારે આયુષ્યને સમજવાની વાત.

માનવીના ભૌતિક અસ્તિત્વમાં - અર્થાત શરીરમાં જે કંઈ ચાલી રહ્યું છે તેમાં શરીર અને તેની પાછળ રહેલ સૂક્ષ્મ અસ્તિત્વ કારણભૂત હોય છે. એમ કહેવાય છે કે મનમાં નકારાત્મક વિચારો આવ્યા કરે તો તેની અસર શરીર પર પડે. જો વ્યક્તિ સફળતાના વિચારો કરે તો તેની સફળ થવાની સંભાવના વધી જાય. જો વ્યક્તિ ઈચ્છા શક્તિને દ્રઢ કરે અને નિર્વિકલ્પ સંકલ્પના ભાવથી જે તે સિદ્ધિ પ્રાપ્ત કરવા માંગે તે સિદ્ધિ તેને મળી શકે. વ્યક્તિ ચોક્કસ પ્રકારની માનસિક પ્રક્રિયામાંથી શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક ઢબે પસાર થાય તો તે પ્રમાણેનું પરિણામ તેને મળે. અત્યારનું વિજ્ઞાન પણ આ બાબતને માન્ય રાખે છે.

મૃત્યુ કંઈક અંશે ભૌતિક ક્રિયાનું પરિણામ છે તો સાથે સાથે તે મનની શક્તિને આધારિત પરિણામ પણ છે. મૃત્યુ શરીરનો ધર્મ છે પણ આ ધર્મ, મન તથા મનની ઈચ્છા શક્તિ પ્રમાણે અસર પામે છે. મૃત્યુ એ શરીરનો વિકાર તથા શરીરના ઘસારાનું પરિણામ હોઈ શકે તો સાથે સાથે તે માનસિક નબળાઈને આધારિત પણ હોઈ શકે. મૃત્યુ કંઈ માત્ર ભૌતિક જગતની ઘટના નથી, તે ભૌતિક જગતને સૂક્ષ્મ જગત સાથે જોડનારી કડી છે. અને તેથી જ આવરદા માત્ર ગતિ કે સ્થિરતા પર અવલંબિત ન હોય.

સાંપ્રત વિજ્ઞાન એ બાબતોની છણાવટ કરી શકે જે બાબતોને માપી શકાય, જેનું માપ નીકળી શકે. વિજ્ઞાન એક રીતે જોઈએ તો તથ્ય આધારિત હોય, અર્થાત તેના અભ્યાસ માટે વસ્તુ કે પરિસ્થિતિ વાસ્તવમાં હયાત હોવી જોઈએ. વિજ્ઞાન એ બુદ્ધિનો વિષય છે, જ્યારે મૃત્યુ બુદ્ધિથી પરની ઘટના છે. જે સ્વરૂપે મૃત્યુ જોઈ શકાય છે તે સ્વરૂપ ઉપરાંત પણ ઘણી બધી બાબતો મૃત્યુમાં સમાયેલી હોય છે. મૃત્યુ નિશ્ચિત હોવા છતાં પણ તે અણધારી ઘટના છે. શરીરની બધી જ સંરચના જેમની તેમ હોય તો પણ વ્યક્તિ ક્ષણમાત્રમાં મૃત્યુ પામી શકે. આમાં તે સ્થિર છે કે અસ્થિર, ગતિમાન છે કે અચલ, તે બાબત અગત્યની છે જ નહીં.

વ્યક્તિના કેન્દ્રમાં વ્યક્તિ પોતે હોય છે. વ્યક્તિનું સંચાલન તેની અંદરની પરિસ્થિતિને આધારિત હોય છે. વ્યક્તિની ક્રિયાઓ તેની અંદર ઉદભવતા સંકલ્પને આધારિત હોય છે. વ્યક્તિની ગતિ તથા સ્થિરતા તેની ઈચ્છાને આધારિત હોય છે. સુખ કે દુઃખ, રાગ કે દ્વેષ, ખુશી કે ગમ, આ બધી બાબતો અંદરથી ઉદ્‌ભવેલા ભાવને આધારિત હોય છે. એક જ પરિસ્થિતિ બે વ્યક્તિમાં ભિન્ન ભિન્ન લાગણીઓ સર્જી શકે, તેવી જ રીતે એક જ પરિસ્થિતિ એક જ વ્યક્તિને ભિન્ન ભિન્ન સમયે જુદી જુદી અનુભૂતિ કરાવી શકે. વ્યક્તિ શું કરે છે, શું માને છે, શું વિચારે છે, તે બધું તેની આંતરિક સ્થિતિને આધારિત હોય છે, અને આ અને આવી બાબતો વ્યક્તિના આયુષ્ય પર આધારિત રાખે. વ્યક્તિનું આયુષ્ય કોઈ અન્ય પદાર્થની ગતિને આધારિત ન હોઈ શકે.

કારણ વિશ્વ સૂક્ષ્મ વિશ્વને નિયંત્રણ કરે છે, તો સૂક્ષ્મ વિશ્વ સ્થૂળ વિશ્વ પર અસર છોડે છે. મૂળમાં કારણ વિશ્વ છે. તેનાથી સૂક્ષ્મ બાબતો અસ્તિત્વમાં આવી. આ સૂક્ષ્મ બાબતોની ઈચ્છાને મૂર્તિમંત કરવા સ્થૂળ શરીર પ્રાપ્ત થયું. સ્થૂળ શરીર પર સૂક્ષ્મ બાબતો તેમ જ કારણગત ચૈતન્યની અસર હોય છે અને મૃત્યુ આ તેને આધારિત હોય. કોઈ અન્ય ભૌતિક ઘટના મૃત્યુને - આયુષ્યને નિર્ધારિત ન કરી શકે. અમુક પ્રકારનો તર્ક માનવીને ગમી જાય તે સ્વાભાવિક છે. આ તર્ક તેની બુદ્ધિને અનુકૂળ આવે. આ તર્ક મુજબની વાત તે માનવા તરત તૈયાર થઈ જાય. આમ પણ માનવીની વિચાર શક્તિ બુદ્ધિને આધારિત જ હોય છે. બુદ્ધિ જે માર્ગ પર જાય, માનવી તે માર્ગને અનુસરે. સમજવાની વાત એ છે કે જન્મ-મૃત્યુ જેવી ઘટના બુદ્ધિનો વિષય નથી. આતો આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનની વાત છે. ■

# અસંયમને કારણે રોગ થાય એ વ્યાધિ છે ને એ આપણું સર્જન છે

## માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com

આપણે સદીઓથી દુઃખની વ્યાખ્યા ગલત કરી છે અને જ્યારે વસ્તુ ગલત પકડાઈ તો ઈલાજ મુશ્કેલ છે. કોઈ ડૉક્ટર જો રોગનું નિદાન ગલત કરી દે તો પછી ઈલાજ મુશ્કેલ થાય છે. આપણી દુઃખ-સુખની વ્યાખ્યા જ ગલત થઈ ગઈ છે, તેથી ઈલાજ નથી થઈ શક્યો. આટલાં વર્ષો પછી પણ આટલા આચાર્ય, પરમહંસ હિંદુસ્તાનમાં થયા, પછી પણ આટલા અવતાર આવ્યા તોય જીવનનું દુઃખ નથી હટ્યું, કારણ કે ઈલાજ, વ્યાખ્યા ગલત થયાં. સામાન્ય સ્તર પર આપણે દુઃખની વ્યાખ્યા શી કરીએ છીએ? આપણે કહીએ છીએ કે દુઃખની વ્યાખ્યા શી કરીએ? આપણે કહીએ છીએ કે અમને આધિ, વ્યાધિ, ઉપાધિ લાગી રહી છે. વ્યાધિ શું છે?

વ્યાધિ - શરીરથી જે પીડા થાય તે વ્યાધિ. દા.ત. પેટ દુઃખે, માથું દુઃખે, બ્લડપ્રેશર થાય. શરીરને કોઈ રોગ ઘેરી લે એને વ્યાધિ કહે છે. ઉપાધિ - વસ્તુ ન હોવી એ ઉપાધિ છે. આપણી પાસે પૈસા નથી, લોકો ઉપાધિ કરે છે, શું કરે? ધંધો નથી, કોઈની સાથે સંબંધ નથી, શું કરે? વસ્તુના અભાવને શાસ્ત્રકાર ઉપાધિ કહે છે. કાર નથી, મકાન નથી, એ ઉપાધિ છે. આધિ-વસ્તુ તો છે, પણ વસ્તુ હોવાનું દુઃખ એને આધિ કહે છે. દીકરો તો છે, પણ બાપનું કહ્યું નથી માનતો! એને આધિ કહે છે. પૈસા છે, પણ રાતે ઊંઘ નથી આવતી એને આધિ કહે છે. આધિનો એક અર્થ છે અર્ધો. છે તો ખરું પણ દુઃખ, પત્ની છે પણ મનમેળ નહિ એ આધિ. પતિ છે. બંનેને બનતું નથી એ છે આધિ. પ્રતિષ્ઠા બહુ મળી છે, પણ પ્રતિષ્ઠાને લીધે કોઈ સૂવા નથી દેતા તો એ પ્રતિષ્ઠાને પણ આધિ કહે છે. બધું મળી ગયું છે, સત્તા મળી ગઈ છે, પણ એ સત્તા અમારાથી કોઈ છીનવી ન લે, પદચ્યુત ન કરે એની ચિંતા એ આધિ છે. બીજા અર્થમાં જોઈએ તો ભગવાન સૌના કલ્યાણનો જ વિચાર કરે છે. વસ્તુ, વ્યક્તિ, વસુ આદિ ચીજોનું ન હોવું એને આપણે દુઃખ કહીએ છીએ, પણ તત્ત્વ દૃષ્ટિએ જોઈએ તો એમાંથી સુખ પણ પ્રગટ થઈ શકે છે. મકાન પોતાનું ન હોવું એ દુઃખ છે, પણ તત્ત્વ દૃષ્ટિએ જુઓ તો પોતાનું મકાન ન હોય તો એમાં બહુ સુખ પણ છે. મકાન રીપેર પણ માલિક કરાવે, રંગ-રોગાન પણ એ કરાવે. આપણે કોઈ ઝંઝટ નહીં.



શરીરની પીડાને વ્યાધિ,વસ્તુ કે વ્યક્તિના અભાવને ઉપાધિને વસ્તુ હોવા છતાં દુઃખ અનુભવાય એને આધિ કહે છે. વ્યાધિ બે પ્રકારના હોય છેઃ પ્રારબ્ધ અને સ્વયંઅર્જિત. તમે ન ખાવાની ચીજ ખાધી, તમારું શરીર ન માનતું હોય એવી ચીજ તમે શરીરમાં નાખી ને જે રોગ બીમારી થાય એને, અસંયમને કારણે થાય, એ એક વ્યાધિ છે, જે તમે અર્જિત કરી છે, એ તમારું સર્જન છે. તમારા અસંયમનું કારણ છે. તમે પાંચ રોટલીથી શરીરનો નિર્વાહ કરી શકો છો, ને પછી કોઈ વ્યાધિ ઉત્પન્ન થાય, એના સર્જક તમે છો.

કોઈ વ્યાધિ જેનો ઈલાજ વ્યક્તિ નહિ કરી શકે, પણ પ્રારબ્ધથી જે શરીરમાં આવે એને પ્રારબ્ધજન્ય વ્યાધિ કહે છે. પ્રારબ્ધથી જે વ્યાધિ આવે છે, એને માટે સદ્‌ગુરુની કૃપા અને હરિનામ સિવાય બીજો કોઈ ઈલાજ નથી. લોકો પાસે કરોડો રૂપિયા હોય છે ને ક્યાં ક્યાં ઈલાજ કરાવવા જાય છે, પણ વ્યાધિનું શમન નથી થતું. એનો અર્થ એ થયો કે વ્યાધિ પ્રારબ્ધવશ છે.

*जासु नाम भव भेषज, हरन घोर त्रय शूल।*
*सो कृपाल मोहि तो पर, सदा रहऊ अनुकूल।।*
*राम नाम की औषधि खरी नीति से खाय।*
*तो अंग पीड़ा आवे नहि, महारोग मिट जाय।।*

ભગવાનનામ - વિજ્ઞાન આ બધી વાતોથી અચરજમાં છે, પણ તમે આમાં પરિવર્તન નહીં કરી શકો. રામકૃષ્ણ પરમહંસને જે કૅન્સર થયું એ માટે ડૉક્ટર પાસે તો એ ગયા નહિ, પણ એ ચાહતે તો મા કાલિ પાસે પોતાનો ઈલાજ કરાવી શકતે, કૅન્સરથી મુક્ત થઈ શકતે. ભગવતી કાલિનો સાક્ષાત્કાર હતો એમને. જ્યારે ઇચ્છત ત્યારે માને કહી શક્યા હોત, પણ એમણે વિવેકાનંદને બહુ સુંદર સટીક જવાબ આપ્યો કે મારા પ્રારબ્ધમાં હે વત્સ! જો આ વ્યાધિ ન હોત તો મા મને આ વ્યાધિ આપતે જ શા માટે? મારે હિસાબ પૂરો કરવાનો છે.

પ્રારબ્ધમાં હોય એ વ્યાધિ તમારે ભોગવવો જ પડે. અસંયમવાળા વ્યાધિનો ઈલાજ ડૉક્ટર કરી શકે છે. પ્રારબ્ધવાળા વ્યાધિ માટે તો સદ્‌ગુરુની કરુણા જ કામ કરે અને સદ્‌ગુરુ કરુણા કરે તો એને લેવી પડે છે. કારણ પ્રારબ્ધવશ છે. વ્યાધિનો ભોગ સ્વયં સદ્‌ગુરુ થાય છે. બીજાના માથા પરથી પોટલું હટાવી દે, ખુદ બોજિલ બની જાય!

અસંયમમાં તો તમે શરીરને તોડી નાખ્યું. આહાર-વિહાર બદલી નાખ્યા. ઘણા લોકો મદિરા પીએ છે. એમાં અસંખ્ય જીવોનો નાશ થાય છે. તાડીના વૃક્ષના રસમાંથી બને છે. સંસ્કૃત સુભાષિતોમાં આવ્યું છે કે મદિરાથી ભરેલું પાત્ર, મદિરા ખાલી થઈ જાય, પછી એ પાત્રને તમે ગંગામાં નાખો તો ગંગાથી પણ એ પવિત્ર નહિ થાય! એટલી ભયંકર મદિરા છે. એ મદિરા તમારા પેટમાં જાય, એને કોણ શુદ્ધ કરી શકે? અને પછી તમે વ્યાધિના ભોગ બનો છો, એ તમે અર્જિત કરી છે.

શરાબ ગંગાજલમાં બન્યો હોય તો એ ગંગાજળનો પણ ત્યાગ કરી દો. કારણ મદિરા ભયંકર છે. વિવેકાનંદની તેજ બુદ્ધિ હતી, પણ જ્યારે એ બુદ્ધિની તીવ્રતાને એક સદ્‌ગુરુનો હાથ મસ્તક ઉપર આવી ગયો તો આ બુદ્ધિએ કમાલ કરી દીધી! પહેલેથી ખૂબ તેજ વિદ્યાર્થી હતો. એને પૂછ્યું કે વિષ-ઝેર કોને કહે છે? એણે જવાબ આપ્યો કે કોઈ પણ ચીજ માત્રાથી વધી જાય તો વિષ થાય છે. તમે ન ખાવાની ચીજ ખાઈને વ્યાધિ પેદા કર્યો. આજકાલ વિદેશી લોકો પણ વેજિટેરિયન થતા જાય છે. એવી કલબો ખોલવામાં આવે છે કે જ્યાં ભારતીય ખોરાકને મહત્ત્વ અપાય છે અને લોકો ભક્ષ્યાભક્ષ્યમાંથી છૂટે. તમે હિંદુ છો. ભારતીય છો. તમારા ઘરમાં એવું ભોજન નહિ પકાવવું જોઈએ, જે તમારા ઠાકુરજીને ભોગમાં ન લગાવાય. લોકો કહે કે માંસ ખાઈએ તો બહુ તાકાત આવે. કોણ કહે કે ભારતીય ખોરાકમાં તાકાત નથી? હનુમાનજીએ એક મુક્કો માર્યો તો કુંભકર્ણ પડી ગયો! હનુમાનજી ફળ-ફૂલ ખાતા હતા. ખોરાક આપણા પર બહુ અસર કરે છે.

- સંકલનઃ જયદેવ માંકડ ■

# બ્રહ્મા તથા સરસ્વતીની અનોખી વાત

## અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombay samachar.com

‘શિવમહિમ્નસ્તોત્ર’નો બાવીસમો શ્લોક આ પ્રમાણે છેઃ

‘प्रजानाथं नाथ प्रसभमभिकं स्वां दुहितरं।
गतं रोहिद्‌भूतां रिरमयिषु मृष्यस्य वपुषा।।
धनुष्योणेर्यात दिवमपि सपत्राकृतममुं।
त्रसन्तं तेऽद्यापि त्यजति न
मृगव्याधरभस:।।’

‘હે નાથ! મૃગલીરૂપે થયેલી પોતાની પુત્રી સાથે રમણ કરવાની ઇચ્છા રાખતા અને મૃગનું રૂપ ધારણ કરીને બળાત્કારે ગમન કરવા ઇચ્છતા તે કામી પ્રજાપતિને તમે બાણનું નિશાન બનાવ્યા ત્યારે ત્રાસ પામીને બ્રહ્મા આકાશમાં જતા રહ્યા, છતાં હજુ પણ ધનુષ્ય ધારણ કરતાં તમારો શિકારી જેવો આવેશ અથવા વેગ (તમારું બાણ આર્દ્રા નક્ષત્ર બનીને) (મૃગશીર્ષ-નક્ષત્રરૂપે થયેલા) તે બ્રહ્માને હજુ છોડતો નથી.’

આ શ્લોકમાં જે કથા પ્રત્યે સંકેત છે તે કથા આ પ્રમાણે છેઃ

એક વાર બ્રહ્માજી પોતાની પુત્રીનું સૌંદર્ય જોઈને કામવશ થયા. કામવશ બ્રહ્મા પોતાની પુત્રી સાથે કામક્રીડા કરવા તત્પર થયા. પુત્રી સરસ્વતી તો પિતા બ્રહ્માજીનો કામભાવ અને કામક્રીડાની તેમની ઇચ્છાને સમજી ગયા. ‘બ્રહ્માજી મારા પિતા છે, છતાં મારા પ્રત્યે આવો ભાવ રાખે છે અને મારી સાથે આવું નિંદ્ય કર્મ કરવા તત્પર થયા છે તે ઉચિત નથી’ એવા વિચારથી સરસ્વતીજી લજ્જિત થઈ ગયાં. પોતાનું શિયળ બચાવવા સરસ્વતીજીએ મૃગલીનું સ્વરૂપ ધારણ કર્યું અને નાસવા લાગ્યાં. કામાતુર બ્રહ્માજી આ સ્વરૂપને ઓળખી ગયા અને પોતે મૃગનું સ્વરૂપ ધારણ કરીને તેની પાછળ દોડવા લાગ્યા. શિવજીએ બ્રહ્માજીનો આવો નિંદ્ય વ્યવહાર જોયો. શિવજીએ વિચાર્યું કે બ્રહ્માજી સૃષ્ટિના સર્જક અને ધર્મના પ્રવર્તક હોવા છતાં આવું નિંદ્ય આચરણ કરે છે, તેથી તેમને અવશ્ય રોકવા જોઈએ. મહાદેવજીએ બ્રહ્માજીને શિક્ષા કરવા પોતાનું પિનાક-ધનુષ્ય ઉપાડ્યું અને તેમાંથી એક બાણ બ્રહ્માજીની પાછળ છોડ્યું. આ જોઈને મૃગરૂપે રહેલા બ્રહ્માજી અતિશય શરમાયા અને તેમને લજ્જાને કારણે અતિશય પીડા થઈ.

બ્રહ્માજી આકાશમાં મૃગશીર્ષ-નક્ષત્ર-સ્વરૂપે પ્રતિષ્ઠિત થયા અને શિવજીનું બાણ આકાશમાં આર્દ્રા-નક્ષત્ર-સ્વરૂપે પ્રતિષ્ઠિત થયું. મૃગસ્વરૂપે બ્રહ્માજી અને આર્દ્રાસ્વરૂપે શિવજીનું બાણ આજ સુધી આકાશમાં પ્રતિષ્ઠિત છે.

આ કથાને તેના સ્થૂળ અર્થમાં સત્ય માનીએ તો તેનો અર્થ કોઈ રીતે સમજી શકાય તેમ નથી. બ્રહ્માજી બ્રહ્માંડના સ્રષ્ટા છે, રચયિતા છે. સનકાદિ જેવા સર્વશ્રેષ્ઠ મુનિઓ તેમના પુત્રો છે.





ઋષિઓ પણ તેમનાં સંતાનો છે. આ સૃષ્ટિમાં જે કોઈ ચર-અચર સત્ત્વ છે, તે સૌ તેમનાં જ સંતાનો છે. સૃષ્ટિના પિતા બ્રહ્માજી આટલી નીચી કક્ષાએ જઈ શકે? સામાન્ય માનવી પણ આટલી નિમ્ન કક્ષાએ ઊતરી શકે નહીં, તો બ્રહ્માજી આટલી નિમ્ન કક્ષાએ ઊતરી શકે? આ ઘટનાને નિશ્ચિતપણે તેના સૂક્ષ્મ અર્થાત્‌ સાંકેતિક અર્થમાં જ સમજવી જોઈએ.

હવે આપણે જોઈએ કે બ્રહ્માજી પોતાની પુત્રી સાથે કામક્રીડા માટે તત્પર થયા તે ઘટનાનો યથાર્થ તાત્ત્વિક અર્થ શો છે. તાત્ત્વિક સિદ્ધાંતને કથાના માધ્યમથી રજૂ કરવાની પુરાણોની એક વિશિષ્ટ પદ્ધતિ છે. બ્રહ્માજીના આ વ્યવહારના કથાપ્રસંગ દ્વારા પણ એક મહત્ત્વપૂર્ણ સાત્ત્વિક સિદ્ધાંત રજૂ થયો છે. બ્રહ્માજી એટલે સર્જકતત્ત્વ. બ્રહ્માજી એટલે સૃષ્ટિની રચના કરનાર શક્તિ. બ્રહ્માજીની ઉત્પત્તિ ભગવાન વિષ્ણુના નાભિકમલમાંથી થઈ છે. ભગવાન વિષ્ણુ એટલે સર્વોચ્ચ ચેતના (Supreme Consciousness). નાભિકમલ એટલે સર્જનનું કેન્દ્ર. પરમ-ચૈતન્ય-સ્વરૂપ ભગવાન વિષ્ણુના નાભિકમલમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા છે તેનો અર્થ એમ કે પરમ ચૈતન્યમાંથી તેની જ એક શક્તિ સર્જકશક્તિ નિષ્પન્ન થાય છે.

ભગવાન વિષ્ણુની આજ્ઞાથી બ્રહ્માજી તપ દ્વારા સૃષ્ટિની રચના કરે છે. તપ એટલે સંકલ્પ. સમગ્ર સૃષ્ટિ બ્રહ્માજીના તપ દ્વારા અર્થાત્‌ સંકલ્પશક્તિ દ્વારા ઉત્પન્ન થાય છે. સૃષ્ટિના પ્રારંભે સૌથી પ્રથમ બ્રહ્માજીમાં સૃષ્ટિસર્જનની પ્રેરણા ઉદ્‌ભવે છે. આ સર્જનની પ્રેરણા તે જ સરસ્વતી. સર્જનની પ્રેરણા તે બ્રહ્માજીમાંથી ઉદ્‌ભવેલ પ્રથમ તત્ત્વ છે. બ્રહ્માજીમાંથી ઉદ્‌ભવેલ હોવાથી સરસ્વતી અર્થાત્‌ સર્જન-પ્રેરણા બ્રહ્માજીનું સંતાન છે. આ અર્થમાં સરસ્વતીજીને બ્રહ્માજીનાં પુત્રી કહ્યાં છે. સરસ્વતી બ્રહ્માજીનાં પુત્રી છે, પરંતુ આપણે જે દુન્યવી અર્થમાં ગણીએ છીએ તેવા સ્થૂળ અર્થમાં નહીં.

જેમ માતાપિતાના મૈથુન દ્વારા સંતાનની ઉત્પત્તિ થાય, તેવી રીતે સરસ્વતી બ્રહ્માજીની પુત્રી નથી, કારણ કે આપણે જો તેમ ગણીએ તો સરસ્વતીનાં કોઈ માતા હોવાં જોઈએ, જે બ્રહ્માજીનાં પત્ની હોય અને બ્રહ્માજીએ આ પત્ની દ્વારા સરસ્વતીની ઉત્પત્તિ કરી હોય, પરંતુ આવી કોઈ વ્યક્તિ તો હજુ છે જ નહીં. આ તો સૃષ્ટિના પ્રારંભ પહેલાંની કથા છે. બ્રહ્માજી અને તેમની સર્જન-પ્રેરણારૂપી સરસ્વતી સિવાય અન્ય તૃતીય તત્ત્વ કે વ્યક્તિ હજુ તો ઉત્પન્ન જ થઈ નથી, તેથી સરસ્વતીની માતા અને સરસ્વતીના માતારૂપે બ્રહ્માની કોઈ પત્ની છે જ નહીં. પુરાણોમાં જ્યાં-જ્યાં બ્રહ્મા-સરસ્વતીની આ કથા છે તેમાંના કોઈ પણ સ્થાને સરસ્વતીનાં માતારૂપ બ્રહ્માજીની પત્નીનો સહેજ પણ ઉલ્લેખ જોવા મળતો નથી. આના પરથી સિદ્ધ થાય છે કે સ્થૂળ કે દુન્યવી અર્થમાં સરસ્વતી બ્રહ્માજીનાં પુત્રી નથી, પરંતુ માત્ર તાત્ત્વિક રીતે તેઓ બ્રહ્માજીની પ્રેરણાશક્તિ હોવાથી પુત્રીરૂપે ગણાય છે. પુરાણોમાં જ્યાં-જ્યાં બ્રહ્માજી દ્વારા સૃષ્ટિરચનાનું વર્ણન જોવા મળે છે તેમાંના કોઈ સ્થાનમાં બ્રહ્માજી દ્વારા મૈથુનપદ્ધતિ દ્વારા કોઈ પણ વ્યક્તિ કે તત્ત્વની ઉત્પત્તિ થઈ હોય તેવો નાનોસરખો પણ ઉલ્લેખ મળતો નથી. સર્વત્ર સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે બ્રહ્માજી તપ દ્વારા અર્થાત્‌ સંકલ્પ દ્વારા સૃષ્ટિની રચના કરે છે. મૈથુનપદ્ધતિ દ્વારા સૃષ્ટિરચનાનો પ્રારંભ તો સૃષ્ટિરચનાક્રમમાં બહુ પાછળથી આવે છે. નારદજી, સનત્કુમારો, વસિષ્ઠ આદિ બ્રહ્માજીના પુત્રો છે, પરંતુ તેઓ સૌ બ્રહ્માજીના માનસપુત્રો છે, પત્ની દ્વારા ઉત્પન્ન થયેલા નહીં.

મૈથુની સૃષ્ટિનો પ્રારંભ તો મનુ અને શતરૂપાથી થાય છે. બ્રહ્માજીની સૃષ્ટિ-રચનાના ક્રમમાં મનુ અને શતરૂપા તો ઘણા પાછળથી આવે છે, અર્થાત્‌ બ્રહ્માજીની સૃષ્ટિરચનામાં મૈથુની સૃષ્ટિનો પ્રારંભ ઘણો પાછળથી થયો છે. સરસ્વતી તો બ્રહ્માજી માટે સૃષ્ટિરચનામાં પ્રેરક તત્ત્વ છે. અર્થાત્‌ પ્રથમ તત્ત્વ છે. તેઓ બ્રહ્માજીનાં પુત્રી સ્થૂળ અર્થમાં હોઈ શકે જ નહીં.

‘શ્રીમદ્‌ ભાગવત’માં ભગવાન વ્યાસદેવજી સ્પષ્ટ કહે છેઃ

‘कस्य रूपमभृद् द्वेधा यत्कायमभिचक्षते।
ताभ्यां रूपविभागाभ्यां मिथुनं समपद्यत।।
यस्तु तत्र पुमान् सोऽभून्मनुः स्वराख्।
स्त्रीयाऽऽसीच्छतरूपाख्या महिष्यस्य
महात्मन:।।
तदा मिथुनधर्मेण प्रजा ह्येधाम्बभूविरे।।’
- श्रीमद्‌भागवत : ३-१२-५२/५३/५४

‘બ્રહ્માજીના સ્વરૂપના બે ભાગ થયા, જેને હજુ પણ લોકો ‘કાય’ કહે છે. આ બંને વિભાગોનું સ્ત્રી-પુરુષ-યુગલ થયું. તે યુગલમાં જે પુરુષ હતો તે ચક્રવર્તી સમ્રાટ સ્વાયંભુવ મનુ હતા અને સ્ત્રી હતી તે મહાત્માની મહારાણી હતી. તે સમયથી પ્રજા મૈથુનધર્મથી વધવા માંડી. (અર્થાત્‌ મૈથુની સૃષ્ટિનો ત્યારથી પ્રારંભ થયો.)’

‘ભાગવત’ના આ પ્રમાણ દ્વારા સ્પષ્ટ થાય છે કે બ્રહ્માજીની સૃષ્ટિરચનાવિષયક પુરાણકથા અનુસાર મૈથુની સૃષ્ટિનો પ્રારંભ બ્રહ્માજીથી નહીં, પરંતુ મનુ-શતરૂપાથી થાય છે. બ્રહ્માજીની સૃષ્ટિરચનાના પ્રથમ તત્ત્વ તરીકે સરસ્વતી બ્રહ્માજીની મૈથુનોત્પન્ના પુત્રી નથી જ, પરંતુ સૃષ્ટિની પ્રક્રિયાના પ્રથમ તત્ત્વ તરીકે સરસ્વતીને તાત્ત્વિક રીતે બ્રહ્માજીની પુત્રી ગણી છે. તાત્ત્વિક સિદ્ધાંત પાત્રો અને પ્રસંગો દ્વારા કહેવાની પૌરાણિક પદ્ધતિ છે.

હવે આપણે બ્રહ્મા-સરસ્વતીની કથાના દ્વિતીય ભાગના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ.

બ્રહ્માજીમાંથી એક પ્રથમ તત્ત્વ ઉત્પન્ન થયું, જેને રૂપકાત્મક ભાષામાં, કથાશૈલીમાં તેમની પુત્રી સરસ્વતી કહેવામાં આવે છે.

આ પ્રથમ તત્ત્વ દ્વારા, તેના માધ્યમથી બ્રહ્માજી અન્ય સૃષ્ટિની રચના કરે છે. જેમ પુરુષ સ્ત્રીના માધ્યમથી સંતાન ઉત્પન્ન કરે છે, તેમ બ્રહ્માજીએ પ્રથમ તત્ત્વ દ્વારા અન્ય સૃષ્ટિની રચના કરી. આ દ્વિતીય પ્રક્રિયા દરમિયાન જે પ્રથમ તત્ત્વ હતું તેણે પત્નીની ભૂમિકા ભજવી, તેમ રૂપકાત્મક ભાષામાં, પૌરાણિક કથાશૈલીની પદ્ધતિમાં કહી શકાય. ઉત્પત્તિના પ્રથમ તબક્કામાં જે તત્ત્વ પુત્રીરૂપ હતું તે જ તત્ત્વ આ દ્વિતીય તબક્કામાં પત્નીની ભૂમિકારૂપ બને છે. પત્ની સંતાનની ઉત્પત્તિ માટે માધ્યમ બને છે. તે જ રીતે પ્રથમ તત્ત્વ પણ સૃષ્ટિની ઉત્પત્તિનું માધ્યમ બને છે. આ એકસમાનતાને કારણે તેને પત્નીની ઉપમા આપવામાં આવેલ છે.

સૃષ્ટિ-ઉત્પત્તિની પ્રક્રિયામાં પ્રથમ તબક્કામાં પ્રથમ તત્ત્વ બ્રહ્માજીનું સર્જન છે, તેથી તે સંતાન છે, પુત્રી છે તેને જ સરસ્વતી કહે છે. સંતાન પિતાનું સર્જન છે. આ પ્રથમ તત્ત્વ બ્રહ્માનું સર્જન છે, આ સમાનતાના કારણે કથાશૈલીમાં તેને પુત્રી કહેલ છે. જેમ જળપ્રવાહ સરતો-સરતો આવે છે, તેમ પ્રેરણા પણ જળપ્રવાહની જેમ સરતી-સરતી આવે છે, તેથી તેને સરસ્વતી નામ આપવામાં આવેલ છે. (ક્રમશઃ)■

## આજની ટૂંકી વાર્તા

ડૉ. નવીન વિભાકર
feedback@bombaysamachar.com

# પલભરમાં...



દેવ ફાટી આંખે જોઈ જ રહ્યો. તેની વિચારવાની શક્તિઓ બધિર બની ગઈ. એક પલમાં તો તેની જિંદગી બદલાઈ ગઈ. ના, ના! આ સત્ય જ નથી. એક સપનું જ છે. આટલું ઝડપથી આવું કશું બની શકે?

માંડમાંડ એક ભયંકર હાદસાને ભૂલવા તે મથી રહ્યો હતો ને તેના જખમી દિલને જાહ્નવીનો સહારો મળ્યો હતો અને એ તેને આમ છોડીને જઈ શકે?

***

'હમણાં હમણાં ખૂબ ચિંતામાં રહો છો. શું વાત છે?' સુનંદાએ ડાઈનિંગ ટેબલ પર ચા ને ટોસ્ટ મૂકતાં રામ આહુજાને પૂછ્યું. રામે સુનંદા સામે જોયું, જીવનભરનો સાથ તેણે નિભાવ્યો હતો. તેનો સિમેન્ટનો મોટો વ્યાપાર હતો. અદ્યતન બંગલો હતો. રામની કૃપા હતી. સુનંદાએ હંમેશ પતિને નીતિથી કામ કરવાની પ્રેરણા આપી હતી, પણ ભારતમાં ભ્રષ્ટાચાર એટલો વકર્યો હતો કે દાનવોની સેના સામે એક દેવ કેટલું લડી શકે? કોન્ટ્રેક્ટર્સનો દબાવ એટલો વધવા માંડ્યો હતો કે રામના નિશ્ચયો ડગમગવા લાગ્યા હતા. રામે સુનંદા સામે જોયું, ને બોલ્યા,

'બેસો! દેવ ક્યાં છે?'

'એ તો કોલેજ જવા તૈયાર થાય છે.'

'એલ.એલ.બી.ના છેલ્લા વર્ષમાં છેને?'

'હા! કેમ એમ પૂછો છો?'

'સુનંદા! એનો અભ્યાસ પતે તો મીરચંદાની સોલિસિટર સાથે જોઈન થઈ, તેની પ્રેક્ટિસ શરૂ કરી દે, અથવા તેની ઓફિસ ખોલી દઉં તો આ ધંધો હવે...'

'કેમ? આપણા ધંધામાં કંઈ ખોટ આવી છે?'

'ના! પણ બિલ્ડરોને કોન્ટ્રેક્ટર્સનું દબાણ વધતું જાય છે. સિમેન્ટમાં ભેળસેળ કરવા દબાણ વધારે છે. સિમેન્ટના કોન્ટ્રાક્ટર બીજે જવા લાગ્યા છે. અનીતિનું કામ કરવા જરા પણ ઈચ્છા થતી નથી.'

'તો એ નિર્ણય બરાબર છે. પણ હજી એકાદ વરસ ઝીંક ઝીલી ન શકાય?'

'એ જ મૂંઝવણમાં છું. ચાલો પ્રભુ ઈચ્છા. હા! દેવ માટે ક્યાંય નજર નાખો છો કે નહીં? મને વેપારમાંથી ફુરસદ મળતી નથી.'

સુનંદાના મોં પર આછું ખુશીનું સ્મિત ચમક્યું.

'તમને કહેવાની જ હતી. તમે મીરચંદાનીનું નામ આપ્યું ને? કદાચ ઈશ્વરે જ એ શબ્દો તમારા મોંમાં મૂક્યા. તેમની દીકરી જાહ્નવી દેવ સાથે કોલેજમાં જ ભણે છે. બંને વચ્ચે મૈત્રી છે. દેવ તેને મને મળવા લાવ્યો હતો. ખૂબ સુંદર ને સુશીલ લાગી. દેવના વિચાર જાણવા જતાં, તે થોડો શરમાયો હતો. બંનેની જોડી ખૂબ શોભે છે.'

ત્યાં દેવ તેના રૂમમાંથી બહાર આવ્યો.

'જુલે લાલ! મમ્મી! પપ્પા!'

'જુલે લાલ! બેટા! બેસ! ચા પી, હું ઓફિસે જતાં તને ચર્ચગેટ લો કોલેજ પર ઉતારી દઈશ.'

'પણ પપ્પા! મારી પાસે કાર છેને?'

'તારા પાછા આવવાના સમયે ડ્રાઈવર કાર લઈ તને તેડવા આવશે. મારે તારી સાથે થોડી વાતો કરવી છે. ચાલ'

વ્યાપારની ભ્રષ્ટાચારની વાતો સાંભળી, તેના કાવાદાવા સાંભળી દેવ ઊકળી ઊઠ્યો, 'પપ્પા! ચિંતા ન કરો. બસ વકીલ થઈ જાઉં તો આ બધા ભ્રષ્ટાચારીઓને ખુલ્લા પાડી દઈશ.' પણ જિંદગીની સફર કેવી હોય છે. તેનો ખ્યાલ દેવને ક્યાં હતો!

'બેટા! જાહ્નવી ગમે છે?'

અચાનક વાત બદલાતા દેવ ચમક્યો.

'જો તું તેના પિતા મીરચંદાની સોલિસિટર છે તેમની સાથે જોઈન થઈ, વકીલાત શરૂ કર. જાહ્નવી તેમની પુત્રી છે.

'હેં? મને તો ખ્યાલ જ નથી.'

'પ્યારમાં આવા પ્રશ્નો ગૌણ બની જાય છે, બેટા!'

દેવ પિતાની સમજ ને મૈત્રીભાવને સમજી રહ્યો.

પણ નિયતિએ શું ધાર્યું હોય છે?

દેવ એલ.એલ.બી. થઈ ગયો. મીરચંદાની સાથે જોડાઈ ગયો. જાહ્નવી સાથે ધામધૂમથી સગાઈ થઈ. સોનામાં સુગંધ ભળી. પણ રામ આહુજા પર ખૂબ દબાણ વધ્યું હતું. એક મલ્ટિફ્લેટ્સનો કોન્ટ્રેક્ટ મળેલો. ચોખ્ખી સિમેન્ટ વાપરે તો ભાવ ખૂબ વધી જતા હતા. બિલ્ડરે રામ પર દબાણ કર્યું પણ રામ મચક આપતો નો'તો. અને સગાઈની ધામધૂમમાં એ બિલ્ડરને પણ આમંત્રણ તો આપવું જ પડે! કોઈને કશી ગંધ હતી નહીં.

રામને અભિનંદન આપવા ધસારો થતાં. બિલ્ડરે જેને સોપારી આપી હતી, તે ગુંડાનો છરો ધસારામાં રામના પેટમાં ક્યારે ઊતરી ગયો તેનો ખ્યાલ કોઈને ન આવ્યો. પિતાના દેહને લથડતો જોતાં દેવે તે ઝીલી લીધો. રામે જાહ્નવી તરફ આંગળી ચીંધી, તેનું ધ્યાન રાખવા કહ્યું ને તે હંમેશ માટે ઢળી પડ્યો. દેવ હાથમાં રહેલા ચેતનહીન પિતાના દેહને જોઈ સ્તબ્ધ થઈ ગયો. સુનંદા બધું સમજી ગઈ. હોની ને કોઈ ટાળી શકતું નથી. પણ દેવના યુવાન મન પર આ હાદસાની ખૂબ ગંભીર અસર થઈ.

માંડ માંડ સુનંદા સાથે તે ઓફિસે જતો થયો. ધીમે ધીમે વ્યાપાર સંકેલવા લાગ્યો ને વકીલાતમાં ધ્યાન પરોવતાં અવ્વલ નંબરનો વકીલ સાબિત થવા લાગ્યો. દેવનું લક્ષ્ય પેલો બિલ્ડર હતો. બિલ્ડર પોતે પણ તે જાણતો હતો. ખૂબ સાવધાન રહેવા તે પ્રયત્ન કરતો હતો પણ કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી. તે સપડાયો. દેવે તેને ચૌદ વરસની સજા અપાવી.

જીતની ઉજવણીમાં દેવ ને જાહ્નવીનાં લગ્ન લેવાયાં. મુંબઈમાં બધા જ વ્યવસાયના ધનિકો ઊમટી પડ્યા હતા. લગ્ન શરૂ થતાં, સુનંદાએ આવી ગઠબંધન કર્યું. દેવનો રેશમી ખેસને જાહ્નવીના ઘરચોળાના પાલવને બંધનની ગાંઠ વળી, પણ ઘરચોળાનો લાંબો પાલવ ઝૂલતો રહ્યો. પંડિતજી બોલી ઊઠ્યા.' સ્વસ્તીના ઈંદ્રો, બ્રહ્મસ્વાહા!

દેવ ને જાહ્નવી ફેરા ફરવા ઊભાં થયાં. અગ્નિ કુંડમાં સમિધ ઓરાયા, આગની શિખાઓ થોડી મોટી થઈ. આનંદના અતિરેકમાં ગઠબંધનના ઝૂલતા છેડા તરફ કોઈની નજર ન ગઈ. ચોથે ફેરે કન્યા-લક્ષ્મીનો અવતાર આગળ થવા ગઈ ને આગની જ્વાળા લપકીને ઝૂલતા છેડાને ભરખી ગઈ. કશી સમજ પડે કોઈને ત્યાં તો ઝરીના ચકમકતા ઘરચોળામાં આગ પ્રસરી ગઈ, હોબાળો મચી ગયો. અંદરથી પાણીની બાદલીઓ આવે કે બંબાવાળાઓ આવી પહોંચે તે પહેલાં જાહ્નવી સ્વાહા થઈ ગઈ.

દેવ ફાટી આંખે આ જોઈ રહ્યો.

પલભરમાં તેની જિંદગી બદલાઈ ગઈ.

તાબડતોબ એમ્બ્યુલન્સ આવી. જાહ્નવીના દેહને હોસ્પિટલમાં લઈ જવાયો. પણ જાહ્નવી ન બચી. દેવ તો સુનમૂન બની ગયો. જીવનમાં બનેલ આ બીજા હાદસાથી-અકસ્માતથી દેવને 'નાઈટમેર્સ'-બિહામણાં સ્વપ્નો સતાવવા લાગ્યાં. દેવ તો જાણે હાલતીચાલતી લાશ બની ગયો. સુનંદા આ જીરવી ન શકી. આવા વિકરાળ વાતાવરણમાંથી દેવને બહાર લાવવા તેને લઈ, તે પોતાના ભાઈ-દેવના મામાને ત્યાં અમેરિકા આવી ગઈ.

***

સુનંદાના ભાઈ મિ. લુલ્લા, દેવની હાલત જોઈ ગંભીર બની ગયા. દેવ તો જાણે હોશહવાશ જ ખોઈ બેઠો હતો. દુઃખનું દર્દ આટલું હૈયામાં ઊતરી જતું હશે તેનો ખ્યાલ દેવને જોઈને કોઈને પણ થાય. દેવ તો જીવતુંજાગતું પૂતળું જ જોઈ લ્યો! તેને કોઈ પણ ખુશીની અનુભૂતિ જ નો'તી થતી.

તેના આવકારમાં મિ. લુલ્લાએ મોટી પાર્ટીનું આયોજન કર્યું. તેઓ અમેરિકામાં બિઝનેસ કરતા હતા. ખૂબ વ્યાપાર ફૂલ્યોફાલ્યો હતો. એક સમૃદ્ધ સ્ટેટ કોલોરોડોમાં સ્થાયી થયા હતા. રોકી માઉન્ટેઈનની કંદરાઓનાં હિમાચ્છાદિત શિખરો કોઈને પણ હિમાલયની યાદ અપાવી જાય. તેમની પાર્ટીમાં તેમના અમેરિકન મિત્રોને પણ આમંત્ર્યા હતા. તેમણે તેમની યુવાન પુત્રી ક્રિષ્ણાને કહેલું,

> 'પપ્પા! ચિંતા ન કરો. બસ વકીલ થઈ જાઉં તો આ બધા ભ્રષ્ટાચારીઓને ખુલ્લા પાડી દઈશ.' પણ જિંદગીની સફર કેવી હોય છે તેનો ખ્યાલ દેવને ક્યાં હતો!

'ક્રિષ્ણા દેવને તમારી યુવાન કંપનીમાં જ રાખજે. તેનું દિલ પ્રસન્ન થાય તેવા પ્રયત્નો આપણે કરવા પડશે. તેને આ હાલતમાંથી બહાર લાવવો જ પડશે.'

પાર્ટીમાં ત્યાંના પ્રખ્યાત વકીલ ગોવિંદ વાઢવાની તેના પરિવાર સાથે આવેલા. તેમની પુત્રી પંક્તિ ખૂબ જ સુંદર હતી. પુત્ર ડેનિયલ પણ સુશીલ હતો. ક્રિષ્ણાએ બંનેની ઓળખ દેવ સાથે કરાવી. એકનું ઈન્ડિયન નામને બીજાનું અમેરિકન નામ કેમ? એવું કુતૂહલ પણ દેવને ન થયું. જોકે સુનંદાને જરૂર નવીનતા લાગેલી. પૂછતાછ કરતાં જાણ્યું કે વાઢવાનીનાં પત્ની અમેરિકન હતાં. સુનંદા પંક્તિના રૂપને ચારુતાથી અંજાઈ. દેવે પહેલી મુલાકાતમાં તો કોઈ પ્રતિસાદ ન આપ્યો, પણ પંક્તિને જોઈ તેની આંખમાં ચમકાર જરૂર આવેલો.

દેવના હૈયામાં સળવળાટ થયો 'અરે! જાહ્નવી જેવું રૂપ? અહીંયાં. અને તેની બીજી મુલાકાત ક્રિષ્ણાના એક ગ્રુપ 'ઈન્ડિયન મિક્સર'માં થઈ. ઈન્ડિયનને અમેરિકન યુવાનોનું ગ્રુપ હતું. દેવ બારના એક સ્ટૂલ પર બેઠો હતો. આંખો સ્થિર હતી. બીજા બધા તો સાહજિકતાથી બિયર ને વાઈન પીતા હતા. ડેનીને દેવની પ્રતિભા ખૂબ ગમી હતી, પણ તેની ગંભીરતા સમજાતી નો'તી. મહેમાન હોવાથી 'કર્ટસી' ખાતર તેનું ધ્યાન રાખતો હતો. ક્રિષ્ણાને એ ગંભીરતા વિશે પૂછવાનું મન થયું ને જાણીને તે ઠરી ગયો. 'કોઈની યાદમાં આટલું દર્દ સહેવાનું કોનાથી બને? કેટલો પ્યાર કરતો હશે તે? તેણે જોયું કે દેવની નજર પંક્તિ પર સ્થિર થયેલી હતી. ડેનીને થયું કે આવો યુવાન-પ્રતિભાશાળી, પ્રોફેશનલ તેના જીવનમાં આગળ વધે તો?

દેવની નજરો પંક્તિ પર સ્થિર તો થઈ પણ હૈયું જાણે ધબક્યું. નવાઈ લાગી દેવને. થયું, 'શું મારામાં હજી જિંદગી બાકી છે? એક ધડકન કેમ જાગી? હું જીવી રહ્યો છું તેથી? કે તેની જાહ્નવી જેવી ચારુતાથી અંજાયો છું? તેને મળવાની લગન કેમ લાગી? આ ક્ષણ મારી ક્યાં ગઈ હતી? સામે જ છે. તેને સ્પર્શી લેવાની ઈચ્છા કેમ થાય છે? મારે તો મરી જવું હતું. તો આ જીવી જવાની ઈચ્છા ક્યાંથી જાગી? હૈયામાં ખુશી ક્યાંથી ઊઠી? તેને ચૂમી લેવાનું મન કેમ થયું?'

અને એકાએક તેના ધૂંધળા મનમાં-હૈયામાં વહાલસોયા પિતા ને પ્રેયસીની તસવીરો ઊપસી. આંખમાં આંસુઓ ધસી આવ્યાં. 'લેમોનેડ લેશો?' તપ્ત હૈયા પર સુંવાળપથી બોલેલા શબ્દો પડતાં તેણે સામે જોયું. પંક્તિ લેમોનેડનો ગ્લાસ ધરી તેની સામે ઊભી હતી. અત્યાર સુધી જીવંત લાશ જેવા દેવના હૈયામાં ભરતી આવી ને બોલી પડ્યો, 'તમે? તમે બિયર કે કશું...'

'ના! મને ટેવ નથી. નાનપણથી ટેવાઈ નથી.'

'સ્ટ્રેન્જ! અદ્‌ભુત! તમે ને ડેની ભાઈબહેન ખરું ને? ઈન્ડિયન પિતાને અમેરિકન માતાનાં સંતાનો, છતાં?'

'કદાચ પિતાની આધ્યાત્મિકતા મારામાં આવી હશે. અને ડેનિયલ? તેનું નામ માતાએ અમેરિકન રાખ્યું. પણ અહીં 'યોગ'ની કસરતોના વર્ગો ચલાવે છે. ભારત જઈ, હિમાલયની તળેટીમાં આશ્રમમાં રહી, શીખી આવ્યો છે. તમે આ લો, હું હમણાં આવું છું.'

જાણે તાપમાં જલતા દેહને વૃક્ષની શીતળ છાંયા સાંપડી તેવું દેવને લાગ્યું. રિસાઈ ગયેલા નાના બાળકને ફોસલાવતાં, તેના મોં પર નિર્દોષ સ્મિત પાછું આવે તેમ દેવનું હૈયું સ્મિત કરી રહ્યું. તેનો ચહેરો ખીલી ઊઠ્યો. પુરાણા જખ્મો પર પંક્તિ જાણે એક મલમ શી બની ગઈ. ક્યાં ગઈ હતી આ મધુર ક્ષણો તેના જીવનમાંથી? તેની તૂટી ગયેલા પતંગ જેવી જિંદગી જાણે પાછી પ્રીતની દોરથી ઝૂલવા લાગી કે શું?

'આવશો ડાન્સફ્લોર પર મારી સાથે?'

તેની વિચારશૃંખલા પાછા એ જ સ્નિગ્ધ શબ્દોથી તૂટી. ક્યારે તે સ્ટૂલ પરથી ઊઠ્યો, ક્યારે પંક્તિએ લંબાવેલો હાથ ગ્રહ્યો ને ક્યારે ડાન્સ કરવા લાગ્યો, તે પણ તેને ન સમજાયું. ફક્ત હૈયું બોલી ઊઠ્યું, 'એક નવું બંધન મને બોલાવી રહ્યું છે. આવતી કાલની (પંક્તિની) ફિકર કરવા મારું દિલ તડપી ઊઠ્યું?

પણ પલભરમાં તે પ્રીતની દોર પર ઝૂલવા લાગ્યો હતો તેની સમજ તેને અત્યારે ક્યાં હતી?

હૈયાનું દર્દ તો પંક્તિની ચારુતા ને સ્નિગ્ધ શબ્દોમાં ક્યારનુંય ઓગળવા લાગ્યું હતું, વહી જવા લાગ્યું. હતું, બસ, પલભરમાં જ! (સમાપ્ત) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| વેદ વ્યાસ | પ્રભાતિયાં |
| વાલ્મીકિ | ચંડી ચરિત્ર |
| તુકારામ | મહાભારત |
| નરસિંહ મહેતા | અભંગ |
| ગુરુ ગોવિંદ સિંહ | રામાયણ |

### ઓળખાણ પડી?

આ અસાધારણ સિદ્ધ બકુલ વૃક્ષ ભારતના કયા રાજ્યમાં છે? સંત હરિદાસ ઠાકુર આ વૃક્ષ નીચે રોજના ૨૦ કલાક મંત્રોચ્ચાર કરતા હોવાની માન્યતા છે.



અ) ઓડિશા બ) ઉત્તરાખંડ ક) મણિપુર ડ) બિહાર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | લ્લે | ૨ ખ | ૩ ની | ય | | ૪ ગે | ર | ૫ રી | ૬ તિ |
| પ | | ૭ ખ | ર | | ૮ મિ | લ | | ૯ વા | સ |
| ૧૦ કા | વ | ડ | | ૧૧ ખ | લ | | ૧૨ અ | જ | મા |
| ર | | ૧૩ ધ | ર | પ | ક | ડ | | | ર |
| ૧૪ ક | ૧૫ ર | જ | | ૧૬ પૂ | ત | | ૧૭ ખે | ૧૮ ર | ખાં |
| | જ | | ૧૯ ઘ | ર | | ૨૦ ભા | ડુ | ત | |
| ૨૧ પ | કો | ૨૨ ડા | | ૨૩ તું | ૨૪ કા | રો | | ૨૫ લ | ૨૬ ક |
| રિ | | ૨૭ મા | સા | | પ | | ૨૮ કુ | | મ |
| વા | | ડો | | ૨૯ સા | | ૩૦ ડા | ક | ઘ | ર |
| ૩૧ ર | સા | ળ | | ૩૨ ચ | ણી | બો | ર | | ખ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | | ૫ | | |
| ૬ | | | | ૭ | | | | | ૮ |
| ૯ | | | ૧૦ | | | ૧૧ | | ૧૨ | |
| | | | ૧૩ | | ૧૪ | | | ૧૫ | |
| | ૧૬ | ૧૭ | | ૧૮ | | | | ૧૯ | |
| ૨૦ | | | | | | | ૨૧ | | |
| ૨૨ | | | | ૨૩ | | ૨૪ | | | ૨૫ |
| | | ૨૬ | | | | | | | |
| | | | | | | | ૨૭ | ૨૮ | |
| ૨૯ | | | | ૩૦ | | | | ૩૧ | |

**આડી ચાવી**

૧. મળી શકે એવું (૪)
૪. નવા કલાકારોને આપો (૪)
૬. પીળાં ફૂલોનું વૃક્ષ (૩)
૭. તમે મને --- છો (૨)
૯. સૌંદર્ય (૫)
૧૧. અધોગતિ (૪)
૧૩. સવલત (૪)
૧૫. વાંકુ (૨)
૧૬. ---ની આરપાર દેખાય (૨)
૧૮. મરવાની ક્રિયા (૩)
૧૯. શરીર, તન (૨)
૨૦. ભેટ (૪)
૨૧. ધારદાર (૨)
૨૨. રમતનું મેદાન, પડતી (૨)
૨૪. કિંમત (૨)
૨૬. આવનજાવન (૬)
૨૭. સમુદાય, ટોળું, રાવણું (૩)
૨૯. નવું (૩)
૩૦. મોંઘી વસ્તુ, દાગીનો (૩)
૩૧. શબને અગ્નિ --- દેવામાં આવે (૨)

**ઊભી ચાવી**

૧. ગામ હોય ત્યાં --- હોય (૪)
૨. ઉત્તમ, ગઇ કાલ પહેલાંનું (૩)
૩. પાકની --- કરવી પડે (૩)
૪. ફિલ્મના ટ્રેલર પહેલાં --- આવે (૨)
૫. 'હસાવવું'નું આજ્ઞાર્થ (૩)
૭. ખબર, સૂઝ (૪)
૮. ઉપાય, વિરોધી ક્રિયા (૪)
૧૦. અંગ્રેજીમાં હા પાડો (૨)
૧૧. અડવાની ક્રિયા (૩)
૧૨. જૈનોનો પવિત્ર મંત્ર (૪)
૧૪. કાજુ કતરી પર --- હોય (૩)
૧૬. કાપડિયા વેચે (૩)
૧૭. રોજ સવારે ઊઠીને જોઇએ (૨)
૨૦. જનોઇ આપવાની વિધિ (૫)
૨૧. આયુષ્ય, ઉંમર (૪)
૨૩. નિત્ય, હંમેશાં (૪)
૨૪. લાગણી (૨)
૨૫. સમારંભ, કાર્યક્રમ (૪)
૨૬. આગ (૩)
૨૮. જ્યારે પણ (સં.) (૨)

### ગુજરાત મોરી મોરી રે

અખંડ સાધનાથી બ્રહ્મવિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સ્થાપવામાં આવેલો દંડકવન આશ્રમ કયા સ્થળે છે એ જણાવો.

અ) ભરૂચ બ) વાંસદા
ક) વલ્લભીપુર ડ) લીમખેડા

### માતૃભાષાની મહેક

વ્રત એટલે નિયમપૂર્વક આચરવાનું પુણ્યકર્મ એવો પણ એક અર્થ છે. ગાંધીજીએ આપેલાં અગિયાર મહાવ્રતો આ પ્રમાણે છેઃ સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું નવ સંઘરવું, બ્રહ્મચર્ય, જાત મહેનત, કોઈ અડે ના અભડાવું, અભય, સ્વદેશી, સ્વાદ ન કરવો, સર્વધર્મ સરખા ગણવા.

### સુડોકુ-૮૦૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | ૫ | ૧ | | | ૩ |
| | | ૫ | | ૬ | | | | |
| ૬ | ૪ | | | | | | | ૨ |
| ૯ | | | ૬ | ૧ | | ૮ | | ૫ |
| | | | | | | | | |
| ૪ | | ૨ | | ૭ | ૫ | | | ૬ |
| ૨ | | | | | | | ૬ | ૭ |
| | | | | ૩ | | ૧ | | |
| ૧ | | | ૯ | ૨ | | ૪ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૧ | ૮ | ૬ | ૫ | ૪ | ૯ | ૩ |
| ૪ | ૫ | ૮ | ૩ | ૨ | ૯ | ૧ | ૭ | ૬ |
| ૬ | ૩ | ૯ | ૪ | ૭ | ૧ | ૫ | ૮ | ૨ |
| ૯ | ૬ | ૪ | ૫ | ૧ | ૭ | ૩ | ૨ | ૮ |
| ૫ | ૮ | ૨ | ૬ | ૩ | ૪ | ૭ | ૧ | ૯ |
| ૭ | ૧ | ૩ | ૯ | ૮ | ૨ | ૬ | ૫ | ૪ |
| ૮ | ૯ | ૭ | ૧ | ૪ | ૩ | ૨ | ૬ | ૫ |
| ૩ | ૨ | ૫ | ૭ | ૯ | ૬ | ૮ | ૪ | ૧ |
| ૧ | ૪ | ૬ | ૨ | ૫ | ૮ | ૯ | ૩ | ૭ |

### ઈર્શાદ

જિંદગી જીવવાની ફિલસૂફી મેં સમજી લીધી,
જે ખુશી આવી જીવનમાં, આખરી સમજી લીધી.
મરીઝ

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

સંતાનોને ભણાવી ગણાવી થાળે પાડવા લોહીનું પાણી એક કર્યા. લોહીનું પાણી એક કરવું એનો અર્થ જણાવો.

અ) સખત મહેનત કરવી બ) વજન ઉતરી જવું
ક) ધાર્યું કામ થવું ડ) નસીબે સાથ આપ્યો

### માઈન્ડ ગેમ

(૧૫ X ૧૬ X ૧૭) + (૧૨ X ૧૩ X ૧૪) = કેટલા થાય એ ચોકસાઈથી ગણતરી કરીને કહી શકશો?

અ) ૫૭૪૪ બ) ૫૯૭૬
ક) ૬૨૬૪ ડ) ૬૬૫૦

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Apology | માફી |
| Anthology | સંગ્રહ |
| Chronology | કાળક્રમ |
| Ecology | પર્યાવરણ |
| Mythology | પુરાણ |

ઓળખાણ પડી?
વેરાવળ

માઈન્ડ ગેમ
બિહાર

ગુજરાત મોરી મોરી રે
લાખોટા મ્યુઝિયમ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
યુદ્ધભૂમિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) સુરેખા દેસાઈ (૬) નીતા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદેશી (૮) ગીતા ઉદેશી (૯) પ્રતીમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગિરીશ શેઠ (૧૬) શિલ્પા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજીતા ખોના (૧૯) જ્યોતી ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખીલ બંગાળી (૨૬) અમીષી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાગવાળા (૨૮) શીરીન ઔરંગાબાગવાળા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતીન જે. બજરીયા (૩૩) ધનવીરસિંહ વિક્રમસિંહ કંચવા- ખંભાળિયા (૩૪) અંજુ ટોલીયા (૩૫) ખુશરૂ કાપડિયા (૩૬) જગદીશ ઠક્કર (૩૭) વીણા સંપટ (૩૮) દેવેન્દ્ર સંપટ (૩૯) વિજય આશર (૪૦) રસીક જુઠાણી- ટોરન્ટો-કેનેડા (૪૧) અરવિંદ કામદાર (૪૨) પુષ્પા ખોના (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૪૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) રમેશભાઈ દલાલ (૫૦) હિનાબેન દલાલ

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# મારું રે પિયરિયું...

## નરસિંહની રચના વિશે વધુ વાત



આ પહેલાં નરસિંહ મહેતા કૃત મનાતી અને લોકભજનિકોમાં પ્રભાતિયાં તરીકે ખૂબ જ ગવાતી આ રચનાના ત્રણ પાઠાંતર વિશે થોડીક વાત કરેલી. જૂના ભજનિકોની નોટબુકોમાંથી તથા મેં ધ્વનિમુદ્રિત કરેલા ભજનસંગ્રહમાંથી એ આપેલાં. આ કૃતિ ઈચ્છારામ સૂર્યરામ દેસાઈના 'નરસિંહ મહેતા કૃત કાવ્યસંગ્રહ' (ઈ.સ.૧૯૧૩), કે ત્યારબાદના નરસિંહ મહેતાની રચનાઓના આજસુધી અધિકૃત ગણાતા સંપાદનો-(૧) શિવલાલ જેસલપુરા સંપાદિત 'નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ' (ઈ.સ. ૧૯૮૧),(૨) ઉર્વિશ વસાવડા સંપાદિત 'શબ્દવેદ' (ઈ.સ. ૨૦૧૪),(૩) રમણ સોની સંપાદિત 'નરસિંહ કાવ્યચયન' (ઈ.સ.૨૦૧૫),(૪) જવાહર બક્ષીના 'નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિક્તા' (ઈ.સ.૨૦૧૯)માં આ રચના નથી જોવા મળી.

મારા દ્વારા સંપાદિત 'મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા સંચય' સા.અકાદમી દિલ્હી. (ઈ.સ.૨૦૧૨),તથા 'ગુજરાતી સંતસાહિત્ય ખંડ-૨' ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર(ઈ.સ.૨૦૨૩)માં આ રચનાનો એક કંઠસ્થ પરંપરાથી પ્રાપ્ત પાઠ અપાયો છે. જૂના ભજનિકોની નોટબુકો-હસ્તપ્રતોમાં મને આ રચનાના અનેક પાઠાંતરો મળતાં રહ્યાં છે. આજના સોશિયલ મીડિયાના જમાનામાં આ રચનાનું ગાન અનેક જૂના ભજનિકોથી માંડીને નવા ભજન કલાકારોના કંઠે યુટયૂબ પર સાંભળવા મળશે.

(૧)

મારું રે મહિયરિયું, એવું મારું રે પિયરિયું,
માધવપુરમાં, મથુરા નગરમાં,
બાદલપુરમાં, મન મથુરા નગરમાં, વેલડિયું જોડું તો મળવા જાંઈ ....
-એવું મારું રે પિયરિયું , મારું રે મહિયરિયું.....૦
આલા ને લીલા રે રૂડા , વાંસ રે વઢાવું વ્હાલા
એની રે પાલખિયું ઘડાવું રે વ્હાલા....એના તે રથડા ઘડાવું રે વ્હાલા ..
-એવું મારું રે પિયરિયું , મારું રે મહિયરિયું.....૦
સાચા અતલસના રૂડા માફા સીવડાવું રે વ્હાલા
સોનેરી ઘૂઘરીયે મઢાવું રે વ્હાલા
-એવું મારું રે પિયરિયું , મારું રે મહિયરિયું.....૦
ઈ રે વેલડિયે ધવળા ધોરી રે જોડાવું વ્હાલા
એને ચટકંતી ચાલથી ચલાવું રે વ્હાલા
-એવું મારું રે પિયરિયું , મારું રે મહિયરિયું.....૦
સાસરિયાનાં રૂઠયાં રે બેની અમે પિયરિયે ના રહીએ વ્હાલા
નફ્ટ નાર તો કહેવાઈયે રે હાં...
-એવું મારું રે પિયરિયું , મારું રે મહિયરિયું.....૦
ભલે રે મળ્યો રે મહેતા નરસૈંનો સ્વામી રે વ્હાલા
ગોપી આનંદ સુખ પામી રે વ્હાલા ... -એવું મારું રે પિયરિયું ....૦

અહીં ઉપર અપાયેલા પાઠની શબ્દાવલી એવું દર્શાવે છે કે -'મારું પિયર માધવપુર-બાદલપુરમાં છે અને મારું મન મથુરા નગરમાં છે. મને મારા પ્રિયતમને મળવાની હામ છે માટે હું ત્યાં પહોંચવા માટે વેલડી-રથ તૈયાર કરાવીશ. એ માટે લીલા વાંસ વઢાવીશ, એની પાલખી-રથ તૈયાર કરાવીશ, એના પર સાચા અતલસના માફા સીવડાવીને સોનેરી ઘૂઘરીઓ ટંકાવીશ, એ વહેલ સાથે ધવલશ્વેત એવા બે ધોરી જોડાવીશ અને ચટકંતી ચાલે ચલાવીને મારા પ્રિયતમને મળવા જઈશ. સાસરિયાથી રૂઠીને હું પિયરીમાં નહીં રહું, એ તો કોઈ નફ્ફટ નારીનું કામ઼ નરસિંહ મહેતાને સ્વામી શામળો મળ્યા છે જે આ કાવ્યની નાયિકાની ઉક્તિઓમાં તેના આનંદસુખને વર્ણવે છે.'

કેટલાક ભજનિકો મારું રે પિયરીયું માધવપુરમાં, મન મથુરા નગરમાં.... એવા શબ્દોથી આ કાવ્યની નાયિકા માધવપુર જેમનું પિયર ગણાય છે તે રુક્મિણી હોવાની સંભાવના વ્યક્ત કરે છે.

(માધવપુર સ્થાને જેમના વિવાહ થયા છે એવી વિદર્ભ દેશના રાજા ભીષ્મકની કુંવરીના વિવાહ શિશુપાળ સાથે કરવાની તૈયારી એના મોટાભાઈ રુકમીએ કરી ત્યારે એક બ્રાહ્મણ સાથે રુક્મિણીએ શ્રીકૃષ્ણને પત્ર મોકલાવ્યો, બલરામ સાથે શ્રીકૃષ્ણે રુકમી અને શિશુપાળને યુદ્દઘમાં હરાવ્યા અને રુક્મિણીનું હરણ કર્યું એ પછી સૌરાષ્ટ્રના માધવપુર ગામે એમના વિવાહ થયા. આ શ્રીકૃષ્ણની પટરાણી રુક્મિણી લક્ષ્મીનો અવતાર મનાય છે, પંઢરપુરમાં વિઠ્ઠલમંદિરમાં પણ રૂકમાબાઈ તરીકે વિઠ્ઠલ સાથે જ બિરાજ્યાં છે, દ્વારકામાં અને તુલશીશ્યામમાં રિસાયેલાં રુક્મિણીનાં મંદિરો છે અને વિવાહપ્રસંગે વરકન્યાને શ્રીકૃષ્ણ-રુક્મિણીનું સૌભાગ્ય અપાય છે, ચૈત્ર સુદ નવમીથી તેરશ સુધી માધવપુરમાં માધવરાય-રુક્મિણીના વિવાહનો મોટો મેળો ભરાય છે, જ્યાં આવેલા રુક્મિણીમઠ સ્થાનને રુક્મિણીનું પિયર ગણવામાં આવે છે.)

જૂના પરંપરિત ભજનિકો ઘણીવાર ભજનગાનની સાથે જે તે ભજનના અર્થો વિશે વૈખરીના નામે ઓળખાતો સત્સંગ રજૂ કરતા હોય છે. તેઓ પોતાની રીતે ભજનને સમજાવવા લૌકિક અર્થઘટનો અને એની સાથે જોડાયેલી કથાઓ પણ વર્ણવતા હોય છે. એટલે પોતાને જે અર્થ અભિપ્રેત હોય એને સ્પષ્ટ કરવા માટે ભજનના પાઠમાં પણ અમુક શબ્દો ભજનગાન સમયે બદલાવી નાખે, અમુક શબ્દો કે કડીઓનું ઉમેરણ કરે.

મધ્યકાલીન સંતકવિઓની વાણીમાં સંસારને પિયર ગણાવીને પરમ પ્રિયતમ પરમાત્મા સાથેના વિવાહને આધ્યાત્મિક સાસરે જવાનું કલ્પીને સાસ-સસુર એટલે કે શ્વાસ અને ઉચ્છવાસ-સ્વસૂર, દેરાણી-જેઠાણી-નણંદને માયાનાં વિવિધ સ્વરૂપો તરીકે ઓળખાવીને આત્મસાક્ષાત્કાર કે બ્રહ્મસાક્ષાત્કારની અનુભૂતિ વ્યક્ત કરવાની સુદીર્ઘ પરંપરા સાથેનું અનુસંધાન પણ અહીં જોઈ શકાય. ■

---

# જાણો છો એક એવું મંદિર, જ્યાં દેવતાઓ અરસપરસ વાત કરે છે?!

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombay
samachar.com

ભારતના કણકણમાં ધર્મ અને અધ્યાત્મનો વાસ છે. એટલે જ ભારતના ખૂણે ખૂણે મંદિરો પણ જોવા મળે છે. પછી એ હિમાલયની ટોચ પર હોય કે રામેશ્વરમના દરિયાકિનારે હોય. પછી એ કોઈ જંગલમાં હોય કે રણપ્રદેશમાં હોય. દરેક મંદિર સાથે કેટલીક અદ્ભુત કહાણીઓ પણ જોડાયેલી છે. ક્યારેક ચમત્કાર લાગે તેવી ઘટનાઓ પણ સંકળાયેલી હોય છે. આજે આપણે આવા એક ચમત્કારિક મંદિરની વાત જાણીએ. આ મંદિર છે બિહારમાં આવેલું રાજરાજેશ્વરી ત્રિપુર સુંદરી મંદિર.

આ મંદિર બિહારના બક્સર જિલ્લામાં આવેલું છે. જે પોતાની અંદર ઘણા વણઉકેલ્યા રહસ્યો ધારણ કરીને બેઠું છે. આ મંદિર આજે પણ વૈજ્ઞાનિકો માટે એક કોયડો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આ મંદિર લગભગ ૪૦૦ વર્ષ જૂનું છે. તે પ્રખ્યાત તાંત્રિક ભવાની મિશ્રા દ્વારા બનાવવામાં આવ્યું હતું. આ મંદિરના મુખ્ય દેવતા લલિતા ત્રિપુરા સુંદરી છે, પરંતુ આ મંદિરમાં દસ મહાવિદ્યા કાલી, ત્રિપુરા ભૈરવી, ધૂમાવતી, તારા, છિન્નમસ્તા, ષોડસી, માતંગી, કમલા, ઉગ્ર તારા, ભુવનેશ્વરીની મૂર્તિઓ સ્થાપિત છે. આ સિવાય અહીં બગલામુખી માતા, દત્તાત્રેય ભૈરવ, બટુક ભૈરવ, અન્નપૂર્ણા ભૈરવ, કાલ ભૈરવ અને માતંગી ભૈરવની મૂર્તિઓ



સ્થાપિત કરવામાં આવી છે.

એવું કહેવાય છે કે દેવીની તમામ મૂર્તિઓની સ્થાપના કર્યા પછી, તાંત્રિક ભવાની મિશ્રાએ દેવીનું કઠોર તપસ્યા સાથે ધ્યાન ધર્યું હતું. ત્યારપછી આ બધી મૂર્તિઓ જાગૃત થઇ ગઈ હતી. કહેવાય છે કે ત્યારપછી દેવીઓની મૂર્તિઓ બોલવા લાગી હતી. કહેવાય છે કે આ મંદિરની દેવીઓની મૂર્તિઓ અરસપરસ વાતો કરે છે. મોડી રાત્રે જ્યારે બધે સન્નાટો પથરાયો હોય ત્યારે મંદિરમાંથી અવાજો આવતા હતા. કહે છે કે, અવાજો એટલા સ્પષ્ટ હતા કે પહેલા તો લાગ્યું કે કદાચ માણસો આસપાસ હોય, પરંતુ તપાસ કરતા કોઈ દેખાતું નહોતું. ઉપરાંત આ અવાજો સ્પષ્ટ હોવા છતાં શું બોલાય છે તે સમજાતું નહોતું. વિશિષ્ટ અનુષ્ઠાનોના દિવસે પણ આ રીતે જ અવાજો આવતા હતા. રહસ્ય ઘેરાવા લાગ્યું હતું. ઘણા તેને વહેમ તો ઘણા અંધશ્રદ્ધા પણ કહેતા હતા. છતાં હકીકત એ હતી કે અવાજો તો આવતા જ હતા. ભગવાન સાક્ષાત આવીને સાધક સાથે સંવાદ સાધે તેવી વાતો આપણે ઘણી સાંભળી છે. પરમાત્મા આવીને પરીક્ષા લઇ જાય કે દર્શન દઈ જાય તેવું પણ આપણે સાંભળ્યું છે. પરંતુ દેવતાઓ સ્વયં અરસપરસ સંવાદ કરે, એ કદી ન સાંભળેલી વાત હતી, અનુભવની તો વાત જ દૂરની છે. પણ અહીંયા કોઈપણ સામાન્ય માણસ તેનો સાક્ષાત અનુભવ કરી શકતો હતો.

જ્યારે વૈજ્ઞાનિકોને મંદિરના ગર્ભગૃહમાં દેવીની મૂર્તિઓ એકબીજા સાથે વાત કરતી હોવાની જાણ થઈ તો તેઓએ આ કોયડો એક વાર નહીં પરંતુ ઘણી વખત ઉકેલવાનો પ્રયાસ કર્યો. આ માટે વૈજ્ઞાનિકોએ મંદિરમાં ઘણા આધુનિક મશીનો લગાવ્યા. સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા હતા. પરંતુ આ દેવીના મંદિરમાં વિજ્ઞાનનું તમામ ચાતુર્ય નિરર્થક સાબિત થયું. જોકે, અંતે વૈજ્ઞાનિકોએ પણ મંદિરની અંદરથી આવતા રહસ્યમય અવાજની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું હતું કે આ કોઈ વહેમ નથી.

દેશના ખૂણે-ખૂણેથી પ્રખ્યાત તાંત્રિકો આ મંદિરમાં તેમની તંત્ર સાધનાને સિદ્ધ કરવા આવતા રહે છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે આ તાંત્રિકો દિવસ દરમિયાન ભાગ્યે જ જોવા મળે છે. રાત્રે તેઓ તેમની વિદ્યા સફળ બનાવવા પૂજા કરે છે. કહેવાય છે કે તેમની સાધના સિદ્ધ પણ થાય છે. આ મંદિરની ચમત્કારિક ઘટના અને તાંત્રિક સિદ્ધિઓને કારણે મંદિર ઘણું પ્રસિદ્ધ થયું છે. અહીં દર્શન કરવા શ્રદ્ધાળુઓની લાંબી લાંબી કતારો લાગે છે. તમે જો આ મંદિરના દર્શન ન કરી શક્યા હો તો ક્યારેક અવશ્ય કરીને તેની ચમત્કારિક શક્તિનો અનુભવ કરવા જેવો છે. ■

---

# નેકી તેરે સાથ ચલેગીઃ પરિશ્રમથી ઊઘડ્યું ભાગ્ય

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com

એક મજૂર હતો. એ ખૂબ મહેનત કરતો છતાં માંડ પેટ પૂરતું કમાઈ શકતો. વધુ કમાવવા માટે પરદેશ જવાનો વિચાર કરી તે વર્ધમાનપુર નામના ગામમાં ગયો. અહીં એક વર્ષ સુધી સખત મહેનત કરીને કેટલાક રૂપિયા કમાયો. હવે તે પોતાના ગામ પાછો ફર્યો.

- રસ્તામાં તેની પોટલીમાંથી-ગાંસડીમાંથી બધા જ રૂપિયા ગુમ ગઈ થયા!

- મજૂર ફરી પાછો વર્ધમાનપુર ગયો અને બીજું એક વર્ષ સખત પરિશ્રમ કરીને પાંચ હજાર રૂપિયા પ્રાપ્ત કર્યા; પરંતુ ગામ આવતી વખતે ફરી વાર પણ બધાં નાણાં ગુમ ગઈ ગયાં!

- સતત મળેલી નિષ્ફળતાથી નાસીપાસ થયેલો મજૂર ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણવા તૈયાર થયો...

...ત્યાં ભાગ્યદેવતા પ્રગટ થયા. તેમણે કહ્યું,

- 'ભાઈ, તુ ખાય-પીએ એટલું જ તારા ભાગ્યમાં છે, એથી તારી પાસે ધન રહેતું નથી, પણ તારી મહેનતથી હું ખુશ થયો છું. તું ફરીથી વર્ધમાનપુરમાં જા. ત્યાં બે શેઠ રહે છે, તેમાંથી કોના જેવી સ્થિતિ તારે જોઈએ છે એ નક્કી કરીને મને કહે, એટલે હું તને તેવું વરદાન આપીશ...!'

- પેલો શ્રમજીવી મજૂર વર્ધમાનપુરમાં પ્રથમ એક શેઠને ત્યાં ગયો.

- એ શેઠે અઢળક ધન ભેગું કર્યું હતું, પણ એમાંથી એક પૈસો પણ વાપરતો ન હતો.

- આ મજૂરને પણ તે શેઠે નાછૂટકે જ ખાવાનું આપ્યું, પરંતુ તેના બદલામાં તેણે બીજા દિવસે ઉપવાસ કર્યો!

- પછી મજૂર બીજા શેઠને ત્યાં ગયો.

- એ શેઠે તેને પ્રેમથી જમાડ્યો અને દાન આપી ખુશ કર્યો.

- આ શેઠનું લગભગ ધન દાન-સખાવતમાં અને સત્કાર્યોમાં જ ખર્ચાઈ જતું હતું.


- શ્રમજીવી મજૂરે ભાગ્યદેવતા પાસે આવીને માગ્યું,

- હે દેવ-પરમકૃપાળુ પરમાત્મા!

- 'ભલે મારી પાસે ધનદૌલતનો સંગ્રહ ન થાય, પરંતુ મને બીજા શેઠ જેવો બનાવજો...!'

- ભાગ્યદેવતા 'તથાસ્તુ' કહી અદૃશ્ય થયા.

- મજૂરને હવે પરિશ્રમ કરવાથી ધન મળવા લાગ્યું અને તે ઉદારતાથી સત્કાર્યોમાં વાપરવા લાગ્યો.



**બોધઃ**

- મહેનત કર્યા પછી જે ફળ મળે છે તેમાં સંતોષ માનવો જોઈએ અને

- મળેલા ફળનો યોગ્ય ઉપયોગ સત્કાર્યોમાં કરવો જોઈએ.

તુમ જગમે જબ આયે,
જગ હસે તુમ રોયે;
કરણી ઐસી કર ચલો.
તુમ હસે જગ રોય...!

* * *

સંતસમાગમ

પ્રેમ પ્રેમ સબ કરે,
પ્રેમ ન ચિન્હે કોય।
જા મારગ સાહિબ મિલે,
પ્રેમ કહાવૈ સોય।।

- સંત શિરોમણિ કબીરદાસ અહીં લૌકિક પ્રેમની વાત નથી કરતા.

- સંત કબીરદાસ આધ્યાત્મિક પ્રેમની વાત કરે છે.

- આત્માને પરમગતિએ પહોંચાડનાર આત્મિક પ્રેમની વાત કબીરદાસે આ દોહામાં કરી છે.

- કબીરદાસ દોહામાં કહેવા માગે છે કે,

- જગતમાં પ્રેમનાં ગીતો તો સૌ કોઈ ગાય છે;

- ભાઈચારાની અને એકબીજા પ્રત્યે પ્રેમભાવ રાખવાની વાતો સૌ કરે છે.

- સંસારના દરેક મનુષ્ય પ્રેમની વાતો કરે છે, પણ

- ખરા અર્થમાં પ્રેમ શું છે તે હજુ સુધી કોઈ જાણી શક્યું નથી.

- જો ખરા અર્થમાં પ્રેમના અઢી અક્ષરને સમજવામાં આવે તો આત્માનું પરમાત્મા સાથે મિલન શક્ય બની જાય.

- પ્રેમના માર્ગે ચાલીને જ પરમાત્માનું જ્ઞાન અને ભક્તિ પામી શકાય છે.

- પ્રેમ, કરુણા અને દયાના માર્ગે ચાલવાથી સંવેદના પેદા થાય છે.

- મનુષ્યમાં ખરા અર્થમાં માનવતા-ઈન્સાનિયત અને પ્રેમ વિકસિત થાય છે.

- આત્માથી શરૂ થતા પ્રેમનું જ્યારે ઊર્ધ્વીકરણ થાય છે ત્યારે આ પ્રેમ કોઈ એક વ્યક્તિ કે વસ્તુ માટે સીમિત ન રહેતાં સમગ્ર વિશ્વમાં પ્રસરે છે અને વસુધૈવ કુટુમ્બકમનો ભાવ ખરા અર્થમાં ચરિતાર્થ થાય છે.

સનાતન સત્યઃ પ્રેમના માર્ગે ચાલીને જ પ્રભુ ઈસુએ પણ જગતને યથાર્થ કરવાનો માર્ગ ચીંધ્યો હતો. ■

---

# જાણવાનું શું છે?

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay
samachar.com

ભગવાનનો વાસ સૌના હૃદયમાં છે એમ કહીને હવે ભગવાન કૃષ્ણ અંતિમ જાણવા યોગ્ય તત્ત્વ પરમાત્માનું મહિમાગાન કરે છે, તે સમજીએ.

વેદોમાં એક ઈશ્વરની ઉપાસના સ્પષ્ટરૂપે કહી છે. એટલે કે ત્યાં માત્ર એક જ પરમ તત્ત્વ ભગવાનની ઉપાસના અને મહિમાનું મુખ્યત્વે વર્ણન છે. આ જ વાત ભગવાન કૃષ્ણ કહે છે કે 'વૈદેશ્ચ સર્વૈઃ અહમ્ એવ વેદ્યઃ' (૧૫/૧૫) 'બધા વેદોમાં હું જ જાણવા યોગ્ય છું.'

જોકે ભગવાનની અભિવ્યક્તિ વિવિધ દેવતાઓના સ્વરૂપમાં દેખાય છે, પરંતુ વેદ અનુસાર, તે બધાનાં મૂળમાં એક જ દૈવી શક્તિ છે. આ એકતાનો સંદેશ વેદોમાં મુખ્ય છે, જે દર્શાવે છે કે જીવનની સમગ્ર રચના અને તમામ ઐશ્વર્ય આખરે એક અનન્ય, સર્વશક્તિમાન ભગવાન સાથે જોડાયેલ છે. આમ, વેદ ભગવાનની એકતા શીખવે છે, જે તમામ ધાર્મિક અને દાર્શનિક વિચારોનો આધાર છે.

આ જ વાત આજ સુધી આપણાં રોજના જીવનમાં પડઘાય છે. 'ભગવાન જ બધું કરે છે.' 'સૂકું પાન પણ પ્રભુની ઇચ્છા વિના હલી શકે નહીં?'... જેવાં વાક્યો આપણે રોજ-બરોજ બોલીએ છીએ.

ગુજરાતી સાહિત્યમાં પ્રસિદ્ધ નવલકથા 'દીપનિર્વાણ'માં પણ નાયક 'આનંદ' નાયિકા 'સુચરિતા'ને આશ્વાસન આપતાં જણાવે છે કે 'વિશ્વંભરના હાથમાં ત્રાજવું આપી દો. એ જ નિર્ણય આપશે.'

આપણા ઋષિ-મુનિ કે સર્વ-સચ્છાસ્ત્ર પ્રતિપાદિત સિદ્ધાંતોને જ પુષ્ટિ આપનારા સાહિત્યકારોના આપણે આભારી છીએ. તેનાથી આપણી બુદ્ધિ આસ્તિક તથા શ્રદ્ધાળુ છે ને હજી વિશેષ થઈ રહી છે, પરંતુ 'સફળતા કે નિષ્ફળતા તો કાર્યનું પરિણામ છે, જેનું કારણ આપણે ભગવાનને સમજીએ છીએ' પરંતુ શું કાર્યનો આરંભ



કરતી વેળાએ પણ આ અનુસંધાન રહે છે કે 'બધાનું મૂળ ભગવાન છે?'

કોઈ અનુપમેય કવિએ બેફિકર થઈ લખ્યું છે કે;

સુખ દુઃખમાં અટવાતો ફરે છે,
કેવળ સરવાળો ભેગો કરે છે,
નથી અંકો તારા હાથમાં,
વ્યર્થ પરિશ્રમ માથ ધરે છે.

તો બીજી બાજુ હિન્દી સાહિત્યના વીરરસના ધની કવિ 'શ્યામનારાયણ પાંડેય' 'જૌહર' નામે મહાકાવ્યમાં જાણે 'ભગવાનથી જ બધું પ્રકાશે છે.' એમ ગણાવતાં ૧૫થી વધુ પંક્તિ મંગલાચરણ રૂપે ગાય છે, જે પૈકી અમુક પંક્તિ અહીં ટાંકું છું-

कौन निर्माता? कहाँ है? नाम क्या है? धाम क्या है?
आदि क्या निर्माण क्या है? अन्त का परिणाम क्या है?
यदि मिला साकार तो वह अवध का अभिराम होगा।
हृदय उसका धाम होगा, नाम उसका राम होगा।।

આ ભાવના કવિની કલમમાં 'ભગવાન પ્રત્યેની આસ્થા'ને પ્રતિબિંબિત કરે છે.

આ જ વાતને વધુ સ્પષ્ટ શબ્દોમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં સમજાવી છે કે, 'જીવ પોતાની ઇચ્છાએ કરીને અથવા કર્મે કરીને કર્મનાં ફળને ભોગવી શક્તો નથી. એવી રીતે ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઇચ્છાશક્તિ તે રહી છે.'

હા, લૌકિક વાતો ઘણી છે, જાણવા યોગ્ય ઘણું છે, તેની પાછળ પડતો અને સિદ્ધિનો ઘમંડ કે નિષ્ફળતાનાં દુઃખ વચ્ચે અથડાતો માનવ આખરે થાકે છે, પરંતુ તે ભગવાનરૂપી મૂળ તરફ જ્યારે વળે તો જ શાશ્વત શાંતિ મેળવી શકે છે.

જ્યારે અમેરિકાએ સન ૧૯૭૦માં 'ઍપોલો-૧૩' સેટેલાઈટ લોન્ચ કર્યું ત્યારે ગંભીર સ્થિતિ સર્જાતાં કોઈ ઉપાય હાથ ન રહ્યો. અંતે સૌએ પરમાત્માને જ એક આધાર માની પ્રભુવંદના કરી. ત્યારે સમગ્ર વિશ્વને 'વિશ્વંભર'ની વૈશ્વિક શક્તિ ને પોતાની મર્યાદા બન્ને સમજાઈ ગઈ. આ પ્રસંગ પણ જાણે 'મહામાનવ' માટે સૂચક હતો કે 'બધું ભગવાનની શક્તિથી જ થાય છે.' વ્યર્થ કઠપૂતળી શીદને ગર્વ કરે! બધી કરામત તો 'નચાવનારી આંગળી'ની જ છે ને! પોતાની શક્તિનો મદ જો મહાસત્તા રાખે તો એ સત્તાવાહી સૂરે ઊઠેલી આંગળીઓને પણ બે હાથ જોડી કરબદ્ધ થવું જ પડે છે કારણકે એક પરમાત્મા જ 'સર્વશક્તિમાન' છે ને 'સર્વશક્તિનું કારણ' છે.


પરંતુ તે સર્વશક્તિમાન ભગવાનના સ્વરૂપને જાણવા માટે ક્યારેય કોઈ પ્રયત્ન કરે છે? આપણે દુનિયાભરની વાતોને જાણવા આયખું ખલાસ કરીએ છીએ, પરંતુ જેમાંથી આ બધું સર્જન છે, તેને જાણવાનો ખયાલ જ નથી આવતો.

વિશ્વવ્યાપી કાર્યો કરવાં છતાં વિશ્વવંદ્ય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે એકદા ઉચ્ચારેલું કે 'ભગવાન શક્તિ ખેંચી લે તો વિશ્વ મડદું થઈ જાય.' તારીખ ૧૫/૭/૧૯૭૬ના દિવસે બોચાસણમાં તેઓએ કહ્યું કે 'આ લાઈટ તે પાવર હાઉસથી આવે છે. આવી તો કેટલીય લાઈટ અને અનંત વીજળીનાં ઉપકરણો છે, પણ મૂળ તો પાવર હાઉસ છે. તેમ ભગવાનરૂપી મૂળને જાણી લઈએ તો બધું જ જાણી લેવાય.■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

# નિષ્કુળાનંદસ્વામીઃ વૈરાગ્યભાવ ને ભક્તિતત્ત્વના તર્કબદ્ધ સર્જક



(૨) 'હરિસ્મૃતિ' (ઈ.સ. ૧૮૩૦ પૂર્વે)

શ્રીહરિની મનોહર દેહયષ્ટિમાં વૃત્તિને-મનને રાખવું. એનું સ્મરણ એની સ્મૃતિ અહર્નિશ ચિત્તમાં રહે એ સ્નેહભક્તિની, દિવ્યમૂર્તિની વર્ણનશૃંખલા અહીં સાત ચિંતામણિમાં નિષ્કુળાનંદે ગુજરાતી ભાષામાં 'હરિસ્મૃતિ' ગ્રંથમાં ઢાળી છે. પ્રત્યેક ચિંતામણિમાં પ્રારંભે બે દુહા અને પછી અડતાલીશ ચોપાઈ એમ પચાસ-પચાસ કડીઓમાં સામગ્રીનું નિરૂપણ છે.

ઈષ્ટદેવ શ્રીહરિના નખશિખવર્ણનો, ભોજન, પોષાક, દિનચર્યા જેવી ઘટનાઓમાં-સ્મરણમાં ચોટીને સ્થિર થઈ જાય એટલી પ્રચુર માત્રામાં, સૂક્ષ્માતિસૂક્ષ્મ શબ્દચિત્રો કવિએ અહીં દોર્યા છે.

પ્રથમ ચિંતામણિની અંતિમ પંક્તિમાં તેઓ આલેખે છે કે :

*'ઓઢી પછેડી પાવન નાથ, આવ્યા જમવાને જીવન નાથ,*
*બેઠા ચાકળે અવિનાશ નાથ, હતો નિષ્કુળાનંદ પાસ નાથ.'*

પોતાનું સામીપ્ય, સંનિકટત્વ અને પ્રત્યક્ષ સાક્ષીભૂત દૃશ્યો અહીં નિષ્કુળાનંદ પાસેથી મળે છે. બીજી ચિંતામણિમાં વિવિધ પ્રકારની ભોજનસામગ્રી અથાણાં, શાક, ફરસાણ, અન્નકૂટ અને છપ્પનભોગને આરોગતી છબી નિરૂપેલ છે. ત્રીજી ચિંતામણિમાં વિવિધ શૃંગારો શ્રીહરિએ ધારણ કર્યા હોય એની નામાવલિ છે. સુરવાલ, જામો, સોનેરી-રૂપેરી કિનખાબની ડગલી, કમર પર દુસાલ, ખેસ, રાતો રેંટો, કેવડા ફૂલની ટોપી, પાઘથી ઓપતી છબીનું આલેખન આપણાં ચિત્તમાં સ્થિર થઈ જાય છે.

ચોથી ચિંતામણિમાં વિવિધ ઉત્સવની ઊજવણી પ્રસંગે વિવિધ વાજિંત્રો, કીર્તનો અને દાતણક્રિયાથી માંડીને શયન સુધીની શ્રીહરિની ક્રિયાઓ સાથે ઘેલા નદીમાની જળક્રીડાનું આલેખન છે. પાંચની, છઠ્ઠી અને સાતમી ચિંતામણિમાં સ્થાવર જંગમ પદાર્થ પરમાત્માના સહવાસે કેવું કલ્યાણ પામે છે. ભગવાનના દિવ્ય સ્વરૂપની ઝાંખી જો હૃદયમાં સ્થિર થાય તો જીવાત્માને અક્ષરધામમાં નિવાસી થવાનું બને. અંતકાળે આવું શ્રીહરિનું સ્મૃતિરૂપ હરિભક્તો સમક્ષ નિષ્કુળાનંદે ગાયું છે. આ રચનામાં પણ શ્રીહરિની હયાતીના શબ્દચિત્રો જ નિરૂપાયા હોઈને એને ઈ.સ. ૧૮૩૦ પૂર્વેની શ્રીહરિના વ્યક્તિત્વના વિવિધરૂપો પ્રગટાવતી ચરિત્રાત્મક કૃતિ ગણવાની રહે.

(૩) 'પુરુષોત્તમ પ્રકાશ' :

ચરિત્રમૂલક પ્રત્યેક ગ્રંથોમાં નિષ્કુળાનંદ ચરિત્રલેખન માટે આગવો, અનન્ય-નૂતન-અભિગમ કેન્દ્રમાં રાખીને ચરિત્રનું એ સંદર્ભે આલેખન કરે છે. આ માટે ગ્રંથનું ચુસ્ત માળખું બાંધીને તેને અનુસરીને એમાં વિષયસામગ્રીને સમુચિત રીતે ગૂંથે છે. 'પુરુષોત્તમપ્રકાશ' ગ્રંથ ગુજરાતી ભાષામાં પંચાવન પ્રકારમાં (ખંડમાં) વિભાજિત છે. પ્રત્યેક ખંડ-પ્રકારમાં વીસ-વીસ કડીઓની સીમામાં બદ્ધ રહીને વિગતોને વણી લીધેલી જણાય છે. એમાં પણ પ્રારંભે ચાર દોહા અને પછી સોળ ચોપાઈનું બંધારણ જાળવેલ છે. રચનાસમય કૃતિમાં નિર્દેશેલ નથી પરંતુ કૃતિમાંની આંતરસામગ્રીને અવલોકતા અડતાલીસમા પ્રકાર-ખંડમાંના દ્વ

*'આપી ભલામણ ભક્તિ વિધિ રે, પછી કરવાની હતી તે કીધી રે*
*ગયા અક્ષરધામમાં આપે રે, જન બહુ તપ્યા એ તાપે રે' (૧૩)*
*પોતે પધાર્યા પોતાને ધામ રે, કરી જીવ અનેકના કામ રે,*
*જે જે ધારી આવ્યા તા ધામથી રે, કર્યું કામ તે હૈયે હામથી રે'. (૧૬)*

જેવી કડીઓમાંની સામગ્રી પરથી ખ્યાલ આવે છે કે શ્રીજી સ્વધામગમન સુધીની વિગતો આ ચરિત્રગ્રંથમાં આવરી લીધી હોઈ આ ગ્રંથરચના ઈ.સ. ૧૮૩૦ પછીના સમયની અનુમાની શકાય. શ્રીહરિના ચરિત્રનિરૂપણ અંગે પોતે કૃતિમાં જ ખુલાસો કરતા દર્શાવ્યું છે.

*'એમ શ્રીમુખે કહ્યું ભારી રે, વાત લખી છે સારી વિચારી રે' (પ્ર. ૧૫, ચો. ૨૦)*

*'એ તો વાત સઘળી સાચી રે, શ્રીમુખથી મેં જો સાંભળી રે.' (પ્ર. ૨૨, ચો. ૨૦)*

કૃતિલેખનનું પ્રયોજન પ્રથમ પ્રકારના આરંભના દુહામાં તેઓ હૃદયસ્પર્શી અભિવ્યક્તિ અર્પતા આલેખે છે.

*'સ્વામિનારાયણ સુખદ, પ્રગટ વિદિત જગ સૂર*
*ત્રિવિધ તાપ અજ્ઞાનતમ, કળિમળમત કર ચૂર' (પ્ર. ૧, દુ. ૩)*
*'આપો વાણી રસભરી, વિમળમતિ અવિનાશ*
*ચરણ વંદી આદર કરું, પુરુષોત્તમપ્રકાશ' (પ્ર. ૧, દુ. ૪)*

કળિમળમત - કળિયુગના વિભાવને ચૂર કરવા માટે આત્યંતિક કલ્યાણને સુગમ બનાવવા માટે સર્વેને સુખ આપવા માટે ભક્તિ મહાત્મ્ય જ્ઞાને યુક્ત પ્રેમલક્ષણા નિષ્કામ હોવી જરૂરી છે. એ રીતે મહિમા-મહાત્મ્ય-પ્રતાપનો પ્રકાશ પાથરતો આ ગ્રંથ છે. 'પુરુષોત્તમપ્રકાશ' ગ્રંથનો આવા કારણે અપાર મહિમા છે.

સદાવ્રતો, મંદિરો, આચાર્યો, શિક્ષાપત્રી, વચનામૃતો, વિવિધ ઉત્સવો, પ્રસાદીનાં વિવિધ સ્થળો, વસ્તુસામગ્રી, એમ કશી પણ વિગતના સંપર્કથી એનું છેવટનું કલ્યાણ થતું હોવાનું નિષ્કુળાનંદનું અહીં કથન છે. શ્રીહરિના ચરિત્ર સાથે સંકળાયેલ વિગતોનું સ્મરણ, ભક્તિ ધ્યાન પણ પુણ્યદાયી ગણાયું છે. નિષ્કુળાનંદની સૂક્ષ્મ નિરીક્ષણ દૃષ્ટિ અને એના સાક્ષીરૂપે કરેલું આલેખન તથ્યપૂર્ણ પણ એટલું જ ગણાય છે. (ક્રમશઃ)

---

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# અગ્નિથી ઢંકાયેલો અગ્નિ



વાત રસપ્રદ છે. સ્વયમ સ્વયંનું આવરણ છે. પાણી પાણી વડે જ ઢંકાયેલું હોય છે અને અગ્નિ અગ્નિ વડે. તર્કના આધારે એમ કહી શકાય કે પાણી કે અગ્નિની સૌથી ઉપરની પરત આમ ઢંકાયેલી નથી હોતી. અંશતઃ આ વાત સાચી પણ લાગે. પરંતુ બારીકાઈથી જોતા સમજાશે કે જ્યારે અગ્નિ હવાના સંપર્કમાં આવે ત્યારે હવા અને અગ્નિ વચ્ચે એક સ્તર સર્જાઈ જાય છે. આ સ્તરની અગ્નિ તરફની બાજુમાં અગ્નિનો પ્રભાવ હોય તો હવા તરફની બાજુમાં હવાનો પ્રભાવ રહે. અર્થાત અગ્નિની સૌથી નજીકનું સ્તર અગ્નિથી પ્રભાવિત હોય. અગ્નિ દ્વારા પ્રભાવિત સ્તરથી જ અગ્નિ ઢંકાયેલો હોય. આ સ્તરનું જેમ નાના નાના સ્તરમાં વિઘટન કરવામાં આવે તો આ વિધાન વ્યવસ્થિત સમજાઈ શકે. અગ્નિના મધ્યમાં સ્થિત અગ્નિનું આવરણ તો અગ્નિ જ છે પણ અગ્નિના સૌથી બહારના ભાગનું આવરણ અગ્નિ દ્વારા પ્રભાવિત હવાના આવરણ સ્વરૂપે હોય છે. આ અતિ ઉષ્ણ તાપમાન વાળી હવા અગ્નિનું જ સ્વરૂપ છે. આવું જ દરેક તત્ત્વ માટે કહી શકાય.

જાણે વરસાદ વરસાદથી ભીનો થાય છે. સૂર્યની ગરમી તડકાથી તપે છે. પવન પવનને ખેંચીને લઈ જાય છે. વજન વજન ને દાબી દે છે. ભૂખ ભૂખને જાગ્રત કરે છે. અન્ન અન્નને તૃપ્ત કરે છે. ગરમ પદાર્થ ગરમીને પામે અને શીતળ પદાર્થ શીતળતાને. ત્રિપુરા રહસ્યના જ્ઞાનખંડમાં પ્રારંભિક તબક્કામાં જ કહેવાયેલી આ વાત છે.

એમ કહેવાય છે કે તમે જે પોષો તેને જ તમે પામો. ક્રોધી પોતાના ક્રોધનો જ ભોગ બને છે. લોભી વ્યક્તિને તેનો લોભ જ હાનિકારક નીવડે છે. કામના ગ્રસ્ત માનવી કામનાથી હંમેશા પીડિત રહે છે. તો શાંત વ્યક્તિ શાંતિને પામે છે. તેની શાંતિ જ તેની અશાંતિને શાંત પાડે છે. કરુણાસભર માનવી પોતાની જ કરુણાથી લાભાન્વિત થતો હોય છે. દાન કરનાર વ્યક્તિને સ્વયં દાન દ્વારા સપ્રમાણ પરત કરાતું હોય છે. નિર્દોષતા નિર્દોષતાને, નિર્વિકલ્પતા નિર્વિકલ્પતાને, સત્ય સત્યને જન્મ આપે છે, આધાર આપે છે, પોષે છે.

ભલે પ્રારંભિક તબક્કામાં આ વાત વિચિત્ર જણાય, પરંતુ ઊંડાણમાં જોતાં જણાશે કે તેમાં તથ્ય છે. જેમ પેટની ઈચ્છા હોય છે કે તેને અન્ન મળે તેમ અન્નની પણ ઈચ્છા હોય છે કે તેને પેટ મળે. પેટની ઈચ્છાને આધીન થઈને જ્યારે અન્ન પેટ તરફ ગતિ કરે ત્યારે અન્નની પણ પેટ પામવાની ઈચ્છા ફળીભૂત થાય અને અન્નને અન્ન તૃપ્ત કરે છે. વરસાદનું કાર્ય પૃથ્વીને ભીંજવવાનું છે પણ આ આખી પ્રક્રિયામાં તે સ્વયં ભીંજાય છે. જ્યારે વર્ષાનું એક બિંદુ બીજા બિંદુને, જમીન પર કે આકાશમાં કોઈ પણ સ્થાને સ્પર્શે ત્યારે બંને બિંદુ પરસ્પરને ભીંજવે છે. સમજવા જેવી વાત એ છે કે તે બિંદુને ભીંજાવવાનું કોઈ પ્રયોજન નથી હોતું. વરસાદનું કોઈ પણ બિંદુ અન્ય કોઈ બિંદુથી નથી ભીંજાવા ઈચ્છતું કે નથી અન્ય કોઈ બિંદુને ભીંજવાની તેની ઈચ્છા. કુદરતની આ સ્વાભાવિક પ્રક્રિયા છે. આ ભીંજવા-ભીંજાવાની પ્રક્રિયાનો અંત નથી.

આ દુનિયાનો વ્યવહાર ક્યારેય એક તરફી નથી. અહીં તો જે દિશામાં જવામાં આવે તે જ દિશા સામેથી તમને મળે. જો ગતિ ઉર્ધ્વ તરફની હોય તો ઉર્ધ્વતા સામેથી મળે અને જો પતનની ઈચ્છા હોય તો પતનતા સ્વયં તમારો હાથ ઝાલી લે. સામે જોનારને સામાપણુ પ્રતીત થાય. શાસ્ત્રનો અભ્યાસ કરનારને શાસ્ત્ર પ્રગટ થાય. ઈશ્વર તરફ એક ડગલું જવાની ભાવનાસભર ચેષ્ટા કરવામાં આવે તો ઈશ્વર એક ડગલું તમારા તરફનું ભરે અને તમને એમ લાગે કે એ ડગલું તમે ભરેલું છે. સામાન્ય સમજ પ્રમાણે એની લોકવાયકાનું ઉદાહરણ લેવામાં આવે તો એમ સમજ પડે કે જેવું વાવો તેવું લણો. વાત પણ સાચી જ છે. દેવતાઓની બાબતમાં પણ આમ જ છે. જે પ્રકારની ભાવના તથા કાર્યને અનુસરવાનું તેમનું ઉત્તરદાયિત્વ હોય તે જ પ્રકારનું તેમનું વ્યક્તિત્વ પાંગરે. પિતૃઓ, યક્ષ, ગાંધર્વ એ બધી યોની માટે પણ આ જ સત્ય છે.

આધ્યાત્મની ભાષામાં કહીએ તો દરેક તત્ત્વ પોતાની આસપાસ એક આભા રચી દે છે. આને કારણે દરેક તત્ત્વ જાણે પોતાના જ વિશ્વમાં રહે છે અને તેમાં માત્ર તેનું જ અસ્તિત્વ હોય છે. દરેક તત્ત્વ દ્વારા પોતાનું પ્રભુત્વ જ સ્થાપવાની આ ચેષ્ટા છે. પૃથ્વીનું દરેક તત્ત્વ, અને દરેક ગુણધર્મ પણ આ જ કરે છે. સાત્વિકતા રજસ અને તમસ પર હાવી થવા પ્રયત્ન કરે, તો રજસ અને તમસ પોતાના પ્રભુત્વવાળા વિસ્તારમાં અન્ય બે પર હાવી થાય.

આ એક અનેરી ઘટના છે જેને કારણે સૃષ્ટિ સ્થિત અને સ્થાયી રહી શકે છે. જો દરેક તત્ત્વ કે દરેક ગુણ અનિચ્છનીય શરણાગતિ કે અન્યનું પ્રભુત્વ સ્વીકારવાનું ચાલુ કરી દે તો ક્યાંક સૃષ્ટિનું સમીકરણ ખોરવાઈ જાય. સૃષ્ટિનો આધાર સંતુલન છે. સૃષ્ટિની શરૂઆતથી જ આ સંતુલન સ્થપાયું છે. અહીં દરેક પરિસ્થિતિ પોતાના ક્ષેત્રની અંદર સ્થિત અને સ્થાયી છે.

જો આ પ્રકારની મર્યાદાની અંદર અન્ય કોઈ બાબત, અન્ય કોઈ પરિસ્થિતિ પ્રવેશે તો અસંતુલિત પરિસ્થિતિ સર્જાવાની સંભાવના રહે. સૃષ્ટિને આ મંજૂર નથી અને તેથી જ દરેક તત્ત્વ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા પોતાનો સહારો લે છે.

અગ્નિ જ અગ્નિનું રક્ષણ કરે છે. અગ્નિ જ અગ્નિને પોષે છે. અગ્નિ દ્વારા જ અગ્નિની પરંપરા જળવાય છે. અગ્નિનું ઉદ્‌ગમ સ્થાન અગ્નિ જ છે. અગ્નિ દ્વારા જ અગ્નિ પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે. અગ્નિ દ્વારા જ અગ્નિ ઢંકાયેલો છે. આ અગ્નિ ક્રોધ સ્વરૂપે હોય કે તપ સ્વરૂપે, દરેક પરિસ્થિતિમાં અગ્નિના મૂળમાં કોઈ ચોક્કસ પ્રકારનો અગ્નિ જ છે. ■

---


શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com

# જીવવા માટે નહિ, જિવાડવા માટે જ જિંદગી જીવો, જીવનપથને અજવાળી શકે નહિ તે ધર્મ નથી

(ગતાંકથી ચાલુ)

માતા શાકંભરી પ્રાગટ્ય બાદ પૃથ્વી ફરી લીલીછમ થઈ ગઈ. અસુર સૈનિકો પૃથ્વી પર આવેલા પરિવર્તનથી આશ્ચર્યચકિત હતા. સંસારના સમગ્ર માનવીઓ ભયમુક્ત થઈ ગયા. માનવોને ભયમુક્ત થયેલા જોઈ સેનાપતિ વિચલ દુર્ગમાસુર સમક્ષ ઉપસ્થિત થાય છે અને કહે છે, સ્વામી મારી એક વિનંતી છે, તમે તુરંત સ્વર્ગલોક પર આક્રમણ કરો અને દેવરાજ ઈન્દ્ર સહિત દેવગણને બંદી બનાવો. સામે પક્ષે સપ્તર્ષિ માતા શાકંભરીને કહે છે કે, 'માતા, આપે બધા લોકોને સંતુષ્ટ કરી દીધાં છે, હવે કૃપા કરીને દુર્ગમાસુર દ્વારા કેદ કરાયેલા વેદ લાવીને અમને આપો જેથી જે વૈદિક ક્રિયાઓ નષ્ટ થઈ ગઈ છે, બ્રાહ્મણો અને દેવતાઓ દુરાચારી થઈ ગયા છે. કોઈ જગ્યાએ નથી દાન દેવાતું કે નથી તપ થતું. નથી યજ્ઞ થતા કે ન હોમ-હવન. દુર્ગમનો વધ જ આ બધી બદીઓને દૂર કરી શકશે.' માતા શાકંભરીઃ 'તથાસ્તુ. હે દેવતાઓ, તમે સૌ વેદગણ તમારે ઘેર જાઓ, હું શીઘ્ર જ સંપૂર્ણ વેદ લાવીને તમને અર્પણ કરીશ.' થોડી જ વારમાં દુર્ગમાસુરે ચારે બાજુથી સ્વર્ગલોકને ઘેરી લીધો. એ જ સમયે દુર્ગમાસુર માતા શાકંભરી સમક્ષ ઉપસ્થિત થાય છે, પછી તો દૈત્ય દુર્ગમાસુર અને માતા શાકંભરી વચ્ચે ઘોર યુદ્ધનો આરંભ થાય છે. દેવી શાકંભરીએ ત્રિશુળની ધારથી દુર્ગમાસુરનો વધ કરી નાખ્યો. દુર્ગમાસુર ખોદાઈ ગયેલા વૃક્ષની જેમ પૃથ્વી પર પડી ગયો. આ રીત દૈત્ય દુર્ગમાસુરનો ખાતમો થતાં ચારે વેદને મુક્ત કરી ફરી સપ્તર્ષિઓને આપી દીધા. ચારે વેદ મુક્ત થતાં દેવતાઓ બોલ્યાંઃ હે દેવી તમે દુર્ગમાસુરનો વધ કર્યો હોવાથી તમને સંસારવાસીઓ 'દુર્ગા' તરીકે ઓળખશે. તમે અમારા જેવા પર હંમેશાં દૃષ્ટિપાત કરીને આવી દયા કરતા રહો, હે દેવી આપ નિરંતર વિઘ્ન-બાધાઓથી તિરસ્કૃત ન થાય અને આપ અમારા શત્રુઓનો આ રીતે જ નાશ કરતો રહો.' પ્રસન્ન માતા શાકંભરી કહે છે, 'તમે જ્યારે જ્યારે મારું આવાહન કરો છો ત્યારે હું હંમેશાં દોડી આવું છું, હું તમને મારાં બાળકોની જેમ સમજું છું, ચિંતા ન કરો, હું તમારી આપત્તિઓનું નિવારણ કરવા માટે સદૈવ તૈયાર છું. જ્યારે જ્યારે પૃથ્વી પર અસુરો તરફથી બાધા ઉત્પન્ન થશે ત્યારે ત્યારે હું અવતાર લઈ પ્રજાજનોનું કલ્યાણ કરીશ.



***

પૃથ્વી પર વેદોના અવતરણ બાદ અરવલ્લીના ડુંગરોમાં આબુની આસપાસ આહુક-આહુઆ નામનું ભીલ દંપતી રહેતું હતું. આ દંપતી ભગવાન શંકરનું પરમ ઉપાસક હતું. શિવભક્ત આહુઆ અતિથિના આદર સત્કાર માટે હંમેશાં તત્પર રહેતો. 'તિથિ' ન હોય છતાં સારે પ્રસંગે કે શુભ પ્રસંગ હોય ત્યારે તો સૌ કોઈ આવે, પરંતુ 'તિથિ' ન હોય છતાં આગંતુક આવીને ઊભો રહે તે 'અતિથિ'. આહુઆનું એક જ ધ્યેય હતું, પોતે ભજન કરે અને બીજાઓને ભોજન કરાવે ! 'જો આપીએ ટુકડો તો પ્રભુ આવે ઢૂકડો' એ સૂત્ર આ દંપતીએ અપનાવ્યું હતું. આ ભીલ-ભીલડીને ત્યાં કોઈ પણ ગમે ત્યારે આવે, પણ આતિથ્યસત્કાર પામ્યા વિના પાછો ન જાય. ઘરમાં જો ભોજન માટે ચીજવસ્તુઓ ઓછી હોય તો બંને ભૂખ્યા રહીને પણ આંગણે આવેલા આગંતુકને ભીલ પરિવાર જમાડે જ.

આ ભીલ દંપતીનો ગૃહસંસાર આનંદ અને સુખશાંતિથી સભર હતો. અન્યોને અનુકૂળ થવું એ એમનું ધ્યેય હતું. ગૃહકલેશને સ્થાન જ નહિ. જીવન સીધું, સાદું, સરળ અને ધર્મપરાયણ હતું. શ્વાસેશ્વાસે જીભ પર બસ શિવનું જ રટણ હોય.

આહુકઃ 'સ્વામી, તમારી શિવભક્તિ જોઈ પોતાને ભાગ્યશાળી સમજું છું, હું મારા જીવનમાં શિવભક્તિ કઈ રીતે આત્મસાત કરી શકું, તે જણાવો.'

આહુઆઃ 'પ્રિયે, તમારે એટલું ધ્યાન રાખવું કે, જીવનમાં જેટલો પરિગ્રહ છે, તેટલો જ વિગ્રહ છે! જીવનમાં જીત માટે પ્રબળ શસ્ત્રો શ્રદ્ધા અને ખંત છે. જીવનને શિવમય બનાવવા માટે વાસનાક્ષય જરૂરી છે, પણ પરિવારની પૂર્તિ માટે વાસના આવશ્યક છે, જેમ કે જીવન માટે ખાવાની જરૂર છે પણ ખાવા માટે જીવવાનું નથી. જીવનનું મુખ્ય સૂત્ર છે 'કમ ખા, ગમ ખા અને નમ જા' જીવન શુદ્ધિ વિના જીવન સિદ્ધિ સાંપડવાની નથી. જિંદગી જીવો તો એવી જીવો કે જ્યારે તમે આ સંસારમાંથી વિદાય લો, ત્યારે દુનિયાની આંખો તમને યાદ કરી રડી ઊઠે. જીવવા માટે નહિ, જિવાડવા માટે જ જિંદગી જીવો. જીવનપથને અજવાળી શકે નહિ તે ધર્મ નથી, અધર્મ છે. જીવનનું અમૃત 'પ્રેમ' છે. જીવનના પાયામાં 'આચાર' અને 'વિચાર'નું ચણતર પાકું હોય તો જ તેની ભવ્યતા બીજાને આકર્ષી શકે છે.'

પતિની વાતોને પોતાના જીવનમાં આત્મસાત કરવા પ્રેરાઈ ગયેલી આહુક પણ દિવસે ને દિવસે પ્રખર શિવભક્ત બની રહી હતી.

***

કૈલાસ ખાતે માતા પાર્વતી અને ભગવાન શિવ ખેલમાં વ્યસ્ત હતાં. ઘણાં સમયથી કોઈ ભક્તનો સ્વર કૈલાસ સુધી પહોંચ્યો નહોતો.

માતા પાર્વતીઃ 'સ્વામી, ઘણો સમય થઇ ગયો તમારા કે મારા ભક્તોમાંથી કોઈનો સ્વર કૈલાસ સુધી પહોંચ્યો નથી, ચાલો આપણે જોઈએ કે આપણાં ભક્તો શું કરી રહ્યા છે.'

માતા પાર્વતીઃ 'જુઓ સ્વામી, અરવલ્લીના આબુ પર્વતની તળેટીમાં રહેતા ભીલ પતિ-પત્ની આહુક અને આહુઆ તો આપનાં પરમ ભક્ત છે. એમનું જીવન ભક્તિમાં ખૂબ જ ઉન્નતિ કરી રહ્યું છે. આવું અનુપમ જીવન વ્યતીત કરનાર દંપતીને તમે કંઈ જ આપ્યું નથી? શું ભીલ જાતિ પ્રત્યે તમને તિરસ્કાર તો નથી આવી ગયો ને?'

માતા પાર્વતીના શબ્દોમાં ભારોભાર ઈર્ષાવૃત્તિ ભરેલો કટાક્ષ હતો. સ્ત્રી સહજ વૃત્તિથી બોલાયેલા એ વેણને શિવજી સમજી ગયા. શિવજી સમજતા હતા કે, માતા પાર્વતીની એક આંખમાં વિશ્વને ભસ્મીભૂત કરવાની શક્તિ છે અને બીજી આંખમાં વિશ્વનું સર્જન કરવાની અમોઘ શક્તિ પણ છે. પાર્વતીજી તો સ્નેહ, સમર્પણ, સહનશીલતા, ત્યાગ અને તપશ્ચર્યાની સાક્ષાતમૂર્તિ પણ છે, તેઓના આવા વેધક કટાક્ષને લીધે ભગવાન શિવ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયાં.

ભગવાન શિવઃ 'હું આ ભીલ-ભીલડી વિશે જ વિચાર કરી રહ્યો હતો, તેમની કસોટી કર્યા વગર તો કેમ ચાલે? ભગવાન ભક્તોની આડકતરી રીતે કસોટી તો કર્યા જ કરે છે. આથી શિવજી પૃથ્વી પર આવ્યા. તેમણે યોગીનું રૂપ ધારણ કર્યું. સંધ્યા સમયે આહુકના બારણે આવીને બૂમ પાડી.

યોગી (ભગવાન શિવ): 'છે કોઈ ઘરમાં?'

આહુક-આહુઆ બહાર આવ્યાં. યોગીને જોઈ પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. યોગીએ જમણો હાથ ઊંચો કરી કહ્યું : 'તમારું કલ્યાણ થાઓ.'

આહુકઃ 'બોલો મહારાજ ! આપની શી સેવા કરું.'

યોગી (ભગવાન શિવ): 'આજે મારે નકરડો ઉપવાસ છે એટલે ભોજન તો નહિ લઉં. આરાસુરી અંબાના દર્શને જવું છે, હું આદ્યશક્તિ અંબાનો પરમ ઉપાસક છું...'

આહુકઃ 'મહારાજ! આપ આરાસુરી અંબાને દર્શને જાઓ એ પહેલાં અમારું આતિથ્ય સ્વીકારો અને અમને 'અંબા' મહાતત્ત્વનું ઐશ્વર્ય સાંભળવાની ઉત્કંઠા છે તો તેમનો મહિમા અને ઐશ્વર્ય કહી સંભળાવો.''

યોગી (ભગવાન શિવ): 'અવશ્ય.'

(ક્રમશઃ) ■


---

વિશેષ

આર.સી. શર્મા
mahendra.punatar@bombay samachar.com

# તમામ ધર્મના ઉપાસક હતા રામકૃષ્ણ પરમહંસ

ભારતમાં રામકૃષ્ણ પરમહંસનો સમાવેશ એક ઉચ્ચકોટિના સંત, આધ્યાત્મિક ગુરુ અને વિચારકના રૂપમાં થાય છે. તેઓ બાળપણથી જ તમામ ધર્મો પર આસ્થા રાખતા હતા. તેમનું માનવું હતું કે દુનિયામાં ભલે અલગ-અલગ ધર્મ હોય અને એના માર્ગ પણ અલગ હોય, પરંતુ જવાનું તો સૌને એક જ સ્થાને છે. તમામ ધર્મ ભગવાનને પામવાનો માર્ગ દેખાડે છે. રામકૃષ્ણ પરમહંસે તમામ ધર્મની એકતા પર ભાર મુક્યો હતો. તેઓ માનવીય મૂલ્યોના ઉપાસક હતા. બાળપણથી જ તેઓ એમ માનતા હતા કે જો તમારામાં દૃઢ આસ્થા હશે તો તમને ઈશ્વરના દર્શન અચુક થશે.



રામકૃષ્ણ પરમહંસનો જન્મ ૧૮૩૬ની ૧૮મી ફેબ્રુઆરીએ બંગાળ પ્રાંતના કામારપુકુર ગામમાં થયો હતો. તેમના પિતા ખુદીરામ ચટ્ટોપાધ્યાય અને માતાનું નામ ચન્દ્રાદેવી હતું. બાળપણથી જ તેમને ધર્મ પ્રત્યે ખૂબ લગાવ હતો. એવી માન્યતા છે કે તેમના જન્મ પહેલાં જ તેમનાં માતા-પિતાને સ્વપ્નમાં જાણ થઈ હતી કે તેમનાં ઘરે એક મહાન વિભૂતિ જન્મ લેવાની છે. તેમનાં પિતા ખુદીરામને સ્વપ્ન આવ્યું કે તેમનાં ઘરે ભગવાન વિષ્ણુએ પુત્રના રૂપમાં જન્મ લીધો છે. એથી ૧૮ ફેબ્રુઆરીએ તેમના ઘરે જ્યારે દીકરાનો જન્મ થયો ત્યારે તેમનું નામ ગદાધર રાખવામાં આવ્યું. ઠીક એ રીતે તેમની માતાને પણ ભગવાન શિવના મંદિરે એવો એહસાસ થયો કે એક તેજસ્વી પ્રકાશે તેમના ગર્ભમાં પ્રવેશ કર્યો છે. તેઓ માત્ર સાત વર્ષના હતા અને તેમણે પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. એથી તેમના કાકા રામકુમાર ચટ્ટોપાધ્યાય તેમને પોતાની સાથે કલકત્તા લઈ આવ્યા. રામકુમાર ચટ્ટોપાધ્યાયને દક્ષિણેશ્વર કાલી મંદિરના મુખ્ય પૂજારી તરીકે નિમવામાં આવ્યા હતા. જ્યાં ગદાધર તેમને પૂજાપાઠમાં મદદ કરતા હતા. બાળ ગદાધરને મૂર્તિઓનો શણગાર કરવો ખૂબ ગમતો હતો. જોકે ૧૮૫૬માં જ્યારે રામકુમારનું અવસાન થયું તો ગદાધરને એ મંદિરમાં પુરોહિત તરીકે નિમવામાં આવ્યા હતા. એવું કહેવાય છે કે કાલી માતાની મૂર્તિને તેઓ પોતાની માતા અને બ્રહ્માંડની માતાના રૂપમાં નિહાળતા હતાં. એક દિવસ તેમને માતાના દર્શન પ્રાપ્ત થયાં. તેઓ દરરોજ ધ્યાનમગ્ન થતાં હતાં. બાળપણથી જ તેમને ભક્તિની લગન હતી.

પોતાના જીવનકાળ દરમ્યાન રામકૃષ્ણ પરમહંસે તમામ ધર્મને એકસમાન સન્માન આપ્યું. તેમણે વેદાંત, સાક્ત સાધના, વૈષ્ણો ભક્તિની સાથે સાથે ઈસાઈ અને ઈસ્લામ ધર્મની પણ સાધના કરી. એનું ગહન અધ્યયન કર્યા બાદ તેમને સમજાયું કે તમામ ધર્મની મંજિલ તો એક જ છે. ■

# મસ્જિદ બંદરની ૧૧ માળની ઈમારતમાં લાગી ભીષણ આગ, બે મહિલાનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં રવિવારે વહેલી સવારે દક્ષિણ મુંબઈમાં મસ્જિદ બંદરમાં એક ૧૧ માળની ઈમારતમાં લાગેલી આગમાં બે મહિલાનાં ગૂંગળાઈ જવાથી મૃત્યુ થયાં હતાં. તો અન્ય ત્રણના શ્વાસમાં ધુમાડો જવાથી તકલીફ થતા તેમના પર જે.જે.હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

મસ્જિદ બંદરમાં રામ મંદિર પાસે વડગાદી નજીક ઈસ્સાજી સ્ટ્રીટ સ્થિત ગ્રાઉન્ડ પ્લસ ૧૧ માળની રહેણાંક ઈમારત પન્ના અલી મેન્શનમાં રવિવારે વહેલી સવારે ૬.૧૧ વાગે આગ લાગી હોવાની જાણ થતા ખળભળાટ મચી ગયો હતો. વહેલી સવાર હોવાથી મોટાભાગના લોકો પોતાના ઘરમાં સૂતેલા હતા.

ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયરબિગ્રેડના જણાવ્યા મુજબ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર કોમન એરિયામાં રહેલા ઈલેક્ટ્રિક વાયરિંગ અને કોમન મીટર બોક્સમાં સવારના આગ લાગી હતી.

વહેલી સવારનો સમય હોવાથી મોટાભાગના લોકો ઘરમાં સૂતેલા હતા. આગની જાણ થતા લોકો બિલ્ડિંગની બહાર નીકળવાના પ્રયાસ કરી રહ્યા હતા.આ દરમિયાન આગને કારણે બિલ્ડિંગના ઉપરના માળ પર પેસેજમાં ધુમાડો ફેલાઈ ગયો હતો અને તેને કારણે લોકોને બહાર નીકળવામાં અડચણ થઈ હતી.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ આગ બુઝાવવાની કામગીરી દરમિયાન બિલ્ડિંગના પહેલા માળા પર કોમન એરિયામાં બે મહિલા જખમી હાલતમાં મળી હતી. ધુમાડો તેમના શ્વાસમાં ગયો હોવાને કારણે તે જમીન પર ગૂંગળામણને કારણે ફસડાઈ ગયેલી હાલતમાં મળી હતી. દાઝેલી હાલતમાં ૪૨ વર્ષની સબિલા ખાતુન શેખ અને ૩૦ વર્ષની સાજીયા આલમ શેખને ભાયખલામાં આવેલી જે.જે. હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં ફરજ પર હાજર રહેલા ડૉક્ટરે બંને મહિલાને મૃત જાહેર કરી હતી.

ફાયર રેસ્ક્યુ દરમ્યાન ફાયરબ્રિગેડને બિલ્ડિંગના છઠ્ઠા માળે એક યુવક અને આઠમા માળા પર એક મહિલા મળી આવી હતી, જેમને ધુમાડાને કારણે શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. બંનેની ઓળખ ૨૦ વર્ષની કરીમ શેખ અને ૨૨ વર્ષની શાહીન શેખ અને ૨૪ વર્ષના અદિલ રાજા શેખ તરીકે થઈ હતી. ત્રણેયને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેમની હાલત સ્થિત હોવાનું ડૉક્ટરે જણાવ્યું હતું. ૨૪ વર્ષના નકીસ સુરતી અને ૪૮ વર્ષના સૌદા આલમ શેખને સારવાર બાદ રજા આપવામાં આવી હતી.



ભૂલ કોની?: મસ્જિદ બંદરની ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોરમાં આગ લાગી હતી.

ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ ૬.૩૧ વાગ્યા સુધીમાં આગને બુઝાવી દેવામાં આવી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. જોકે પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■




**જૂનું તે સોનું જ:** પશ્ચિમ ભારતની ૬,૦૦૦ કિ.મી.ની સફરે ૨૧ વિન્ટેજ અને ક્લાસિક કાર ગઈ કાલે મુંબઈની વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિયેશનની ચર્ચગેટ ખાતેની ઓફિસેથી રવાના થઈ હતી. (અમય ખરાડે)

## નાગપુરમાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ: બે જણનાં મોત

નાગપુર: નાગપુર જિલ્લામાં ફટાકડાની ફેક્ટરીમાં રવિવારે બ્લાસ્ટ થતાં બે જણનાં મોત થયાં હતાં, જ્યારે કેટલાક લોકો ઘવાયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર કાટોલ તહેસીલના કોટવાલબુર્ડી ખાતે એશિયન ફાયરવર્કસમાં બપોરે ૧.૩૦ વાગ્યે બ્લાસ્ટ થયો હતો.

બ્લાસ્ટમાં બે વ્યક્તિનાં મોત થયાં હતાં, જ્યારે કેટલાક લોકો ઘાયલ થતાં તેમને ત્વરિત સારવારાર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

બ્લાસ્ટ બાદ આગ લાગી હતી, જે બુઝાવી દેવામાં આવી હતી. પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હોવાનું અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# પાલિકા ચૂંટણીના મુદ્દે મહાયુતિમાં મહાભારત

**મુંબઈમાં સાથે ને બહાર વેગળા કે બધે જ ત્રણેય પક્ષે અલગ-અલગ ચૂંટણીઓ લડવી? ▸આવી છે અસમંજસ ▸ભાજપ બીએમસી ચૂંટણી એકલેહાથે લડવા માગે છે એવું લાગે છે પણ ભારે મતભેદો છતાં એકનાથ શિંદે સાથે જ મેદાનમાં ઊતરવા માગે છે**

મુંબઈ: મહારાષ્ટ્રની ચૂંટણીમાં જબરજસ્ત એકતા દેખાડીને સોપો પાડી દેનાર મહાયુતિમાં ચૂંટણી પછી સઘળું સમુંસૂતરું નથી. મુખ્ય પ્રધાનપદથી લઈને પાલક પ્રધાનપદ સુધીની મારામારી તો થઈ ગઈ અને એ ખાસ્સી કડવાશ છોડી ગઈ છે. એના પગલે હવે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓ મુદ્દે મહાભારત શરૂ થયું છે. ભાજપ મુંબઈમાં સાથે અને બાકી બધે અલગ-અલગ ચૂંટણી લડવાની તરફેણમાં છે જ્યારે ભગવા પક્ષનો એક વર્ગ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ નોખો ચોકો જ કરવાનો આગ્રહ રાખી રહ્યો છે. બીજી તરફ, એકનાથ શિંદે રાજ્યભરમાં જ સાથે ચૂંટણી લડવા માગે છે.

આની જ પાર્શ્વભૂમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનાં વખાણથી લઇને શિવસેના (યુબીટી)ના નેતાઓની મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથેની મુલાકાત પર ધ્યાન આપવામાં આવે તો આગામી દિવસોમાં મોટી રાજકીય ઊથલપાથલ જોવા મળી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બુધવારે શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે નવી દિલ્હીમાં શિંદેનું સન્માન કરવા અને મરાઠા યોદ્ધા મહાદજી શિંદેના નામે સ્થાપિત એવોર્ડથી સન્માનિત કરવા બદલ એનસીપી (એસપી)ના વડા શરદ પવારની ટીકા કરી હતી. શાસક મહાયુતિ અને વિપક્ષ એમવીએના સાથી પક્ષોમાં અશાંતિ જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીમાં જોરદાર લડાઈ બાદ આ મતભેદો ઊભા થયા હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં છે.

ગયા વર્ષે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓનાં પરિણામો બાદ આગામી સમયમાં મુંબઈ, થાણે અને પુણેમાં પાલિકાની ચૂંટણીઓ મહત્ત્વની બની રહેવાની હોવાથી તમામ પક્ષો અત્યારથી જ તૈયારીમાં લાગી ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે શિવસેના (યુબીટી)ના નેતાઓ છેલ્લા અઢી મહિનામાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ત્રણ વાર મળી ચૂક્યા છે. આદિત્ય ઠાકરે બે વાર, ઉદ્ધવ ઠાકરે એક વાર અને પક્ષના અન્ય નેતાઓ અલગ અલગ સમયે ફડણવીસને મળી ચૂક્યા છે.

અગાઉ ઠાકરેના પક્ષના નેતાઓએ ફડણવીસની આકરી ટીકા કરી હતી અને તેમના પર શિંદે દ્વારા ૨૦૨૨માં અવિભાજિત શિવસેનામાં વિભાજન કરાવવાનો આરોપ મૂક્યો હતો. જોકે આ મહિનાની શરૂઆતમાં ફડણવીસ મનસેના અધ્યક્ષ રાજ ઠાકરેને પણ મળ્યા હતા, જેને કારણે ભાજપ અને મનસે વચ્ચે જોડાણની ચર્ચા શરૂ થઇ હતી.

રાજકીય વિશ્લેષક અભય દેશપાંડેનું માનો તો હાલમાં તમામ પક્ષો તેલ જુઓ અને તેલની ધાર જુઓની નીતિ અપનાવી રહ્યા છે. દરમિયાન શાસક મહાયુતિમાં ફડણવીસ અને શિવસેનાના વડા શિંદે વચ્ચે અસંતોષ હોવાનો વિપક્ષનો દાવો છે. જેમણે ૨૦૨૪માં થયેલી ચૂંટણીઓ બાદ ભૂમિકા બદલી છે. ભાજપ અને શિવસેના ઉપરાંત મહાયુતિનો ત્રીજો ઘટક પક્ષ અજિત પવારની એનસીપી છે.

### ક્યાં ફટક્યું હતું શિંદે-ફડણવીસનું?

ફડણવીસ અને શિંદે વચ્ચે થયેલી ઊભી તિરાડનું સ્પષ્ટ કારણ તાજેતરમાં થયેલી પાલકપ્રધાનની નિમણૂકનું હતું. ભાજપના ગિરીશ મહાજન અને એનસીપીનાં આદિતી તટકરેને અનુક્રમે નાશિક અને રાયગડ જિલ્લાઓના પાલકપ્રધાન બનાવવામાં આવ્યા હતા જ્યારે શિવસેનાના પ્રધાન દાદાજી ભુસે અને ભરત ગોગાવલેનો સમાવેશ નહોતો કરાયો. શિવસેનાએ નારાજગી વ્યક્ત કર્યા બાદ બંને પ્રધાનોની નિમણૂકને મુલતવી રાખવામાં આવી હતી.

### એમવીએમાં પણ અસંતોષ

શાસક પક્ષણાં તડાં ઊડીને આંખે વળગી રહ્યાં છે ત્યારે એનસીપી (શરદ પવાર) અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે)નો સમાવેશ છે એ એમવીએમાં પણ ઘણી સમસ્યાઓ દેખાય છે. પવારે શિંદેની પ્રશંસા કરીને સેના (યુબીટી)ને નારાજ કરી હતી. જોકે બાદમાં તેમને વિશ્વાસઘાતનું સન્માન કરવા સાથે સરખાવી હતી. આ એવા સમયે બહાર આવી રહ્યું છે જ્યાં એમવીએ ખાસ કરીને ઉદ્ધવ ઠાકરેના નેતાઓ શિંદેની સેનામાં જોડાઈ રહ્યા છે. ■

## સૈનિકના યુનિફોર્મમાં જાતીય સંબંધો: એકતા કપૂર સામે તપાસ

મુંબઈ: નિર્માતા એકતા કપૂરના ઓટિટિ પ્લેટફોર્મ અલ્ટ બાલાજી પરના શોમાં સૈનિક અધિકારીને યુનિફોર્મમાં સેક્સ કરતા બતાવવાના મુદ્દે ઘેરાયા છે.

સોશિયલ મીડિયા પર્સનાલિટી વિકાસ પાઠક, ઉર્ફે હિન્દુસ્તાની ભાઉએ નિર્માતા પર તેના શોમાં "ભારતીય સૈનિકોનો અનાદર" કરવાનો આરોપ મૂક્યો હતો અને એક સૈન્ય અધિકારીને તેના યુનિફોર્મમાં જાતીય કૃત્યો કરતા બતાવ્યા હતા. આ આરોપ બાદ એકતા કાનૂની મુશ્કેલીમાં મુકાય તેવી પૂરી શક્યતા છે. સ્થાનિક અદાલતે હવે મુંબઈ પોલીસને આ મામલે તપાસ કરવા કહ્યું છે.

અહેવાલો મુજબ, બાંદ્રાની એક મેજિસ્ટ્રેટ કોર્ટે મુંબઈ પોલીસને હિન્દુસ્તાની ભાઉ દ્વારા ૨૦૨૦માં કરવામાં આવેલા દાવા અનુસાર તપાસ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે પોલીસને ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૨૦૨ હેઠળ ફરિયાદ પર ૯ મે સુધીમાં રિપોર્ટ સુપરત કરવા જણાવ્યું છે.

તમને જણાવી દઈએ કે, આ કેસ ૨૦૨૦નો છે જ્યારે હિન્દુસ્તાની ભાઉએ એકતા, તેના ઓટીટી પ્લેટફોર્મ અલ્ટ બાલાજી અને તેના માતા-પિતા શોભા કપૂર અને જીતેન્દ્ર સામે જવાનોનો અનાદર કરવાનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી હતી. તેની ફરિયાદમાં, તેણે એકતાના પ્લેટફોર્મ પર એક સૈન્ય અધિકારીને તેના યુનિફોર્મમાં "ગેરકાયદે જાતીય કૃત્ય" કરતા દર્શાવવા બદલ નિંદા કરી હતી. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, "આરોપીઓ સસ્તી પ્રસિદ્ધિ માટે નીચલા સ્તરે ઉતરી ગયા છે અને નિર્લજ્જતાથી આપણા દેશની ગરિમાને નિશાન બનાવ્યું છે." ■

## શરદ પવારના ખાસ ક્ષીરસાગર અજિત પવારને મળ્યા

બીડ: છેલ્લા કેટલાક દિવસોથી બીડમાં રાજકારણ ગરમાયું છે અને એનસીપી (શરદ પવાર)ના ધારાસભ્ય સંદીપ ક્ષીરસાગર ગઈકાલે નાયબ મુખ્યપ્રધાન અજિત પવારને મળ્યા હતા. જેના કારણે રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ જાગી હતી. જ્યારે ધારાસભ્ય સંદીપ ક્ષીરસાગર આવ્યા અને જુન્નરમાં અજિત પવારને મળ્યા, ત્યારે જાતજાતના તર્કવિતર્કો શરૂ થઇ ગયા હતા. દરમિયાન નાયબ મુખ્યપ્રધાન અજિત પવારે આખરે મીડિયા સાથે વાત કરતા મુલાકાત બાબતે ખુલાસો કરતા કહ્યું હતું કે, બીડ શહેરમાં પાણીની સમસ્યા અંગે સંદીપ ક્ષીરસાગર મળ્યા હતા. બીડ નગરપાલિકાનું વીજ બિલ બાકી છે. તેથી જિલ્લાના કોઈ સ્થળે ૨૧ દિવસ પછી પાણી મળે તે યોગ્ય નથી. જેથી આમાંથી કોઈ રસ્તો કાઢવા સંદીપ ક્ષીરસાગર ફરિયાદ કરતા હતા. વીજ બિલ બાકી છે અને કનેક્શન શરૂ કરીને અમને તેમાંથી માર્ગ કાઢી આપો એવી તેમની વિનંતી હતી. બીજું કંઈ નથી. જ્યારે હું વિપક્ષનો ધારાસભ્ય હતો, તે સમયે મને કોઈ કામ હોય તો હું પણ પ્રધાનોને મળતો હતો. તેથી મને લાગે છે કે આમાંથી બીજો કોઈ રાજકીય અર્થ કાઢવાની જરૂર નથી. ઉપરાંત, મેં તેમની સાથે અન્ય કોઈ રાજકીય ચર્ચા કરી નથી,એવું સ્પષ્ટીકરણ અજિત પવારે આપ્યું હતું. ■

## મુંબઈમાં ગરમીથી થોડી રાહત મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરા છેલ્લા થોડા દિવસથી ગરમી અને ઉકળાટથી હેરાન થઈ ગયા હતા. ફેબ્રુઆરીમાં જ માર્ચ મહિનાની આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો ત્યારે સોમવારથી ગરમીમાં થોડી રાહત મળવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. દિવસના આકરો ચામડીને ચટકા મારનારો તડકો હોય છે અને રાતના સમયમાં વાતાવરણ થોડું ઠંડું રહેતું હોય છે. જોકે ગુરુવારથી સતત ગરમી અને ઉકળાટ જણાઈ રહ્યો હતો. તાપમાનનો પારો સળંગ ૩૬ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો હતો. રવિવારે પણ મુંબઈમાં કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૬ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૧.૦ ડિગ્રી તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૫.૯ ડિગ્રી અને લઘુતમ ૧૭.૪ ડિગ્રી નોંધાયું હતું.

ફેબ્રુઆરીમાં જ આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. રાતનું લઘુતમ તાપમાન નીચું નોંધાઈ રહ્યું છે પણ દિવસના તાપમાનનો પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે. જોકે હવામાન ખાતાના કહેવા મુજબ સોમવારથી ગરમીમાં હળવો ઘટાડો થવાની શક્યતા છે. દિવસના ગરમી અને રાતના ઠંડક જેવા વિચિત્ર વાતાવરણને કારણે લોકોને આરોગ્યને લગતી સમસ્યા પણ થઈ રહી છે

હવામાન ખાતાના કહેવા મુજબ બપોરના સમયે પૂર્વ તરફથી ગરમ પવન ફૂંકાઈ રહ્યા છે જ્યારે રાતના સમયે ઉત્તર તરફથી ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે તેને કારણે દિવસ અને રાતના તાપમાનમાં ફેરફાર જણાઈ રહ્યો છે. જોકે સોમવારથી તાપમાનમાં ફરી થોડો ઘટાડો જણાશે. ■

## લાડકી બહેનની આવક વિશે સરકાર પૂછશે ઈન્કમ ટેક્સ વિભાગને

મુંબઈ: મુખ્ય પ્રધાન લાડકી બહેન યોજના હેઠળ પાત્ર મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયાનો લાભ આપવામાં આવી રહ્યો છે, પણ આ યોજનાને કારણે અનેક નવી બાબતો સામે આવી રહી છે.

મુખ્ય પ્રધાન લાડકી બહેન, લાડકા ભાઉ, ખેડૂતો માટે મફત વીજળીની જાહેરાતોને કારણે સરકારને હવે કડક વલણ અપનાવવું પડી શકે એવી હાલત ઊભી થઇ છે.

આનું કારણ છે બે લાખ કરોડથી વધુની રાજકોષીય ખાધ અને અપૂરતું ભંડોળ. એવા સમયે લાડકી બહેન યોજના અંગેની મહત્ત્વની અપડેટ સામે આવી છે. એવું કહેવાય છે કે રાજ્ય સરકારે કેબિનેટ બેઠકમાં લાડકી બહેન યોજનામાં કેટલાક ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. એક અહેવાલ અનુસાર લાડકી બહેન યોજનાનો આગામી લાભ દર વર્ષે પહેલી જૂનથી પહેલી જુલાઈ વચ્ચે ઈ-કેવાયસી અને લાભાર્થી જીવંત છે કે નહીં એ તપાસ્યા પછી જ આપવામાં આવશે. આ ઉપરાંત લાડકી બહેન યોજનાનો લાભ લેવા માટે શરત છે કે પરિવારની આવક અઢી લાખ રૂપિયાથી ઓછી હોવી જોઇએ, પણ એવું સામે આવ્યું છે કે ઘણા લોકોએ તેનું ઉલ્લંઘન કરીને તેનો લાભ લીધો છે. આથી રાજ્ય સરકાર (જુઓ પાનું ૪) ▸▸

## બાંદ્રામાં રેસિંગ: બાવન બાઈકર્સ સામે ગુનો

મુંબઈ: બાંદ્રામાં બાંદ્રા રેક્લેમેશન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર વહેલી સવારે બાઇક પર રેસિંગ કરવા બદલ બાવન બાઇકર્સ વિરુદ્ધ બાંદ્રા અને ખેરવાડી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે બાવન ટૂ-વ્હીલર પણ જપ્ત કરી હતી.

બાંદ્રા રેકલેમશન માઉન્ટ મેરી રોડ તથા ખેરવાડી ખાતે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર રવિવારે વહેલી સારે બાઇક પર રેસિંગ શરૂ હોવાની માહિતી આપતો કૉલ પોલીસ કન્ટ્રોલ રૂમને પ્રાપ્ત થયો હતો. આથી કન્ટ્રોલ રૂમ દ્વારા સંબંધિત પોલીસને તેની જાણ કરાઇ હતી.

દરમિયાન બાંદ્રા અને ખેરવાડી પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ઘટનાસ્થળે જઇને કાર્યવાહી કરી હતી. બાંદ્રા પોલીસે ૧૪ ટૂ-વ્હીલર, જ્યારે ખેરવાડી પોલીસે ૩૮ બાઇક જપ્ત કરી હતી અને બંને પોલીસ સ્ટેશનમાં બાવન બાઇકર્સ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

## ખોટી ઓળખ દ્વારા આંતર-જ્ઞાતિય લગ્નો કરીને સંતાનો ત્યજી દેવાના કિસ્સા વધી રહ્યા છે: દેવેન્દ્ર ફડણવીસ

**લવ જેહાદ વિશે કાયદો ઘડવા સંબંધી સવાલોના જવાબ મુખ્ય પ્રધાન આપી રહ્યા હતા**

મુંબઈ: આંતરજ્ઞાતિય લગ્નો કરવામાં કંઇ ખોટું નથી પણ બનાવટી કે પછી ખોટી ઓળખ દ્વારા લગ્ન કરનારાઓની સામે પગલાં લેવાની જરૂર છે, એવું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે કહ્યું હતું. અહીં પત્રકારો સાથે વાત કરતાં તેમણે કહ્યું હતું કે સુપ્રીમ અને કેરળની હાઈ કોર્ટે લવ જેહાદની વાસ્તવિકતા વિશે અવલોકનો કર્યાં છે.

ફડણવીસ રાજ્ય સરકાર દ્વારા બળજબરીથી ધર્માંતરણ અને લવ જેહાદના કેસ સામે નવા કાયદા માટે કાનૂની પાસાઓનો અભ્યાસ કરવા માટે સમિતિ અંગેના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા.

લવ જેહાદ શબ્દનો ઉપયોગ જમણેરી કાર્યકરો અને સંગઠનો દ્વારા મુસ્લિમ પુરુષો દ્વારા હિન્દુ મહિલાઓને લગ્ન દ્વારા ઈસ્લામમાં રૂપાંતરિત કરવાના કાવતરાનો આરોપ લગાવવા માટે કરવામાં આવે છે.

મુખ્ય પ્રધાને આ અંગે વધુમાં કહ્યું હતું કે આ એક વાસ્તવિકતા છે અને મહારાષ્ટ્રમાં લગ્નમાં બનાવટ કે ખોટી ઓળખ ઊભી કરીને બાળકોના જન્મ બાદ ત્યજી દેવાની ઘટનાઓ વધી રહી છે. તેમણે એ પણ સ્પષ્ટતા કરી હતી કે આંતરજ્ઞાતિય લગ્નોમાં કંઇ ખોટું નથી, પણ ખોટું કરીને લગ્ન કરનારાઓ સામે ચોક્કસ પગલાં લેવાની જરૂર છે.

રાજ્ય સરકારે એક જીઆર બહાર પાડીને રાજ્યના પોલીસ વડાની આગેવાની હેઠળ એક સમિતિ લવ જેહાદ અને બળજબરીથી ધર્માંતરણની ફરિયાદોનો સામનો કરવા માટે પગલાં સૂચવશે. ■

## સગીરાના અંગત ફોટા મોકલ્યા: યુવકની ધરપકડ

થાણે: ૧૭ વર્ષની સગીરાના અંગત ફોટા પોતાના મિત્રોને મોકલવા અને તેનો પીછો કરવા બદલ ૨૨ વર્ષના યુવકની મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસે ધરપકડ કરી હતી.

આરોપીની ઓળખ રાજ સિંહ તરીકે થઇ હતી, જેણે ગયા વર્ષે સગીરા સાતે મિત્રતા કરી હતી અને તેને સોશિયલ મીડિયા થકી અંગત ફોટા મોકલવા કહ્યું હતું. સગીરાએ ફોટા મોકલવાનો ઇનકાર કર્યા બાદ આરોપી તેનો પીછો કરવા લાગ્યો હતો. દરમિયાન સગીરાએ તેના અંગત ફોટા આરોપીને મોકલ્યા હતા, જે બાદમાં તેણે મિત્રોને પાઠવ્યા હતા અને તેની બદનામી કરી હતી. સગીરાએ આની જાણ પરિવારને કરી હતી અને બાદમાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરીને પોલીસે સિંહની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)■


## ગૌરક્ષકોએ હુમલો કર્યાનો આક્ષેપ

જાલના: જાલના જિલ્લામાં ઢોરોને કતલ માટે લઇ જઇ રહ્યાનો આરોપ કરીને શંકાસ્પદ ગૌરક્ષકોએ હુમલો કર્યો હોવાનો આરોપ ભરવાડે કર્યો હતો, જેને પગલે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. પોલીસે આ પ્રકરણે ચાર અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો જેમણે જાંબાઝ કુરેશી પર હુમલો કર્યો હતો. કુરેશી એ સમયે દેઉલગાંવની માર્કેટમાંથી પાછો ફરી રહ્યો હતો.

કુરેશીએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે બજરંગ દળ સાથે કથિત રીતે સંકળાયેલા ચાર શખસે તેને રસ્તામાં આંતર્યો હતો અને ઢોરોને કતલ માટે લઇ જઇ રહ્યાનો આરોપ કરીને તેના પર હુમલો કર્યો હતો, જેને તેને ઇજા પહોંચી હતી. કુરેશીની ફરિયાદને આધારે પોલીસે હુમલાખોરો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરાઇ નથી.■

## ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેન્કના ૧૨૨ કરોડની ઉચાપતનો કેસ: કાંદિવલીના ડેવલપરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બેન્કની પ્રભાદેવી તેમ જ ગોરેગામ બ્રાન્ચમાંથી ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત કરવા પ્રકરણે ભૂતપૂર્વ જનરલ મેનેજર અને એકાઉન્ટ્સ હેડ હિતેશ પ્રવીણચંદ્ર મહેતાની શુક્રવારે ધરપકડ કરાયા બાદ ક્રાઇમ બ્રાન્ચની આર્થિક ગુના શાખાએ મોડી રાતે ડેવલપર ધર્મેશ જયંતીલાલ પૌન (૫૮)ની ધરપકડ કરી હતી. આ કુલ ૧૨૨ કરોડના કહેવાતા કૌભાંડમાંથી ૭૦ કરોડ રૂપિયાની ઉચાપત હિતેશ મહેતાએ ડેવલપર ધર્મેશ પૌન સાથે મળી કરી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. આ કેસમાં ઉન્નનાથન અરુણાચલમ ઉર્ફે અરુણભાઇની સંડોવણી પણ સામે આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. આર્થિક ગુના શાખાએ ધરપકડ કરેલો ધર્મેશ (જુઓ પાનું ૪) ▸▸

# આઈપીએલ-૨૦૨૫નું શેડ્યૂલઃ કુલ ૭૪ મૅચ, શુભારંભ કોલકાતામાં, દાયકામાં પહેલી વાર ફાઈનલ ઈડનમાં



| વાર/તારીખ | મૅચ | સ્થળ | સમય |
|---|---|---|---|
| શનિ/૨૨ માર્ચ | કોલકાતા-બેન્ગલૂરુ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| રવિ/૨૩ માર્ચ | હૈદરાબાદ-રાજસ્થાન | હૈદરાબાદ | બપોરે ૩.૩૦ |
| રવિ/૨૩ માર્ચ | મુંબઈ-ચેન્નઈ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| સોમ/૨૪ માર્ચ | દિલ્હી-લખનઊ | વિશાખાપટનમ | સાંજે ૭.૩૦ |
| મંગળ/૨૫ માર્ચ | ગુજરાત-પંજાબ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| બુધ/૨૬ માર્ચ | રાજસ્થાન-કોલકાતા | ગુવાહાટી | સાંજે ૭.૩૦ |
| ગુરુ/૨૭ માર્ચ | હૈદરાબાદ-લખનઊ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| શુક્ર/૨૮ માર્ચ | ચેન્નઈ/બેન્ગલૂરુ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| શનિ/૨૯ માર્ચ | મુંબઈ-ગુજરાત | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| રવિ/૩૦ માર્ચ | દિલ્હી-હૈદરાબાદ | વિશાખાપટનમ | બપોરે ૩.૩૦ |
| રવિ/૩૦ માર્ચ | રાજસ્થાન-ચેન્નઈ | ગુવાહાટી | સાંજે ૭.૩૦ |
| સોમ/૩૧ માર્ચ | મુંબઈ-કોલકાતા | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| મંગળ/૧ એપ્રિલ | લખનઊ-પંજાબ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| બુધ/૨ એપ્રિલ | બેન્ગલૂરુ-ગુજરાત | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| ગુરુ/૩ એપ્રિલ | કોલકાતા-હૈદરાબાદ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| શુક્ર/૪ એપ્રિલ | મુંબઈ-લખનઊ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| શનિ/૫ એપ્રિલ | ચેન્નઈ-દિલ્હી | ચેન્નઈ | બપોરે ૩.૩૦ |
| શનિ/૫ એપ્રિલ | પંજાબ-રાજસ્થાન | મુલ્લાનપુર | સાંજે ૭.૩૦ |
| રવિ/૬ એપ્રિલ | કોલકાતા-લખનઊ | કોલકાતા | બપોરે ૩.૩૦ |
| રવિ/૬ એપ્રિલ | ગુજરાત-હૈદરાબાદ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| સોમ/૭ એપ્રિલ | મુંબઈ-બેન્ગલૂરુ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| મંગળ/૮ એપ્રિલ | પંજાબ-ચેન્નઈ | મુલ્લાનપુર | સાંજે ૭.૩૦ |
| બુધ/૯ એપ્રિલ | ગુજરાત-રાજસ્થાન | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| ગુરુ/૧૦ એપ્રિલ | બેન્ગલૂરુ-દિલ્હી | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| શુક્ર/૧૧ એપ્રિલ | ચેન્નઈ-કોલકાતા | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| શનિ/૧૨ એપ્રિલ | ગુજરાત-લખનઊ | લખનઊ | બપોરે ૩.૩૦ |
| શનિ/૧૨ એપ્રિલ | હૈદરાબાદ-પંજાબ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| રવિ/૧૩ એપ્રિલ | રાજસ્થાન-બેન્ગલૂરુ | જયપુર | બપોરે ૩.૩૦ |
| રવિ/૧૩ એપ્રિલ | મુંબઈ-દિલ્હી | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| સોમ/૧૪ એપ્રિલ | લખનઊ-ચેન્નઈ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| મંગળ/૧૫ એપ્રિલ | પંજાબ-કોલકાતા | મુલ્લાનપુર | સાંજે ૭.૩૦ |
| બુધ/૧૬ એપ્રિલ | દિલ્હી-રાજસ્થાન | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| ગુરુ/૧૭ એપ્રિલ | મુંબઈ-હૈદરાબાદ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| શુક્ર/૧૮ એપ્રિલ | બેન્ગલૂરુ-પંજાબ | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| શનિ/૧૯ એપ્રિલ | ગુજરાત-દિલ્હી | અમદાવાદ | બપોરે ૩.૩૦ |
| શનિ/૧૯ એપ્રિલ | રાજસ્થાન-લખનઊ | જયપુર | સાંજે ૭.૩૦ |
| રવિ/૨૦ એપ્રિલ | પંજાબ-બેન્ગલૂરુ | મુલ્લાનપુર | બપોરે ૩.૩૦ |
| રવિ/૨૦ એપ્રિલ | મુંબઈ-ચેન્નઈ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| સોમ/૨૧ એપ્રિલ | ગુજરાત-કોલકાતા | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| મંગળ/૨૨ એપ્રિલ | લખનઊ-દિલ્હી | લખનઊ | સાંજે ૭.૩૦ |
| બુધ/૨૩ એપ્રિલ | મુંબઈ-હૈદરાબાદ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| ગુરુ/૨૪ એપ્રિલ | બેન્ગલૂરુ-રાજસ્થાન | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| શુક્ર/૨૫ એપ્રિલ | ચેન્નઈ-હૈદરાબાદ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| શનિ/૨૬ એપ્રિલ | કોલકાતા-પંજાબ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| રવિ/૨૭ એપ્રિલ | મુંબઈ-લખનઊ | મુંબઈ | બપોરે ૩.૩૦ |
| રવિ/૨૭ એપ્રિલ | દિલ્હી-બેન્ગલૂરુ | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| સોમ/૨૮ એપ્રિલ | ગુજરાત-રાજસ્થાન | જયપુર | સાંજે ૭.૩૦ |
| મંગળ/૨૯ એપ્રિલ | દિલ્હી-કોલકાતા | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| બુધ/૩૦ એપ્રિલ | ચેન્નઈ-પંજાબ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| ગુરુ/૧ મે | મુંબઈ-રાજસ્થાન | જયપુર | સાંજે ૭.૩૦ |
| શુક્ર/૨ મે | ગુજરાત-હૈદરાબાદ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| શનિ/૩ મે | બેન્ગલૂરુ-ચેન્નઈ | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| રવિ/૪ મે | કોલકાતા-રાજસ્થાન | કોલકાતા | બપોરે ૩.૩૦ |
| રવિ/૪ મે | પંજાબ-લખનઊ | ધરમશાલા | સાંજે ૭.૩૦ |
| સોમ/૫ મે | હૈદરાબાદ-દિલ્હી | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| મંગળ/૬ મે | મુંબઈ-ગુજરાત | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| બુધ/૭ મે | કોલકાતા-ચેન્નઈ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| ગુરુ/૮ મે | પંજાબ-દિલ્હી | ધરમશાલા | સાંજે ૭.૩૦ |
| શુક્ર/૯ મે | લખનઊ-બેન્ગલૂરુ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| શનિ/૧૦ મે | હૈદરાબાદ-કોલકાતા | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| રવિ/૧૧ મે | મુંબઈ-પંજાબ | ધરમશાલા | બપોરે ૩.૩૦ |
| રવિ/૧૧ મે | ગુજરાત-દિલ્હી | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| સોમ/૧૨ મે | ચેન્નઈ-રાજસ્થાન | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| મંગળ/૧૩ મે | બેન્ગલૂરુ-હૈદરાબાદ | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| બુધ/૧૪ મે | ગુજરાત-લખનઊ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| ગુરુ/૧૫ મે | મુંબઈ-દિલ્હી | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| શુક્ર/૧૬ મે | રાજસ્થાન-પંજાબ | જયપુર | સાંજે ૭.૩૦ |
| શનિ/૧૭ મે | બેન્ગલૂરુ-કોલકાતા | બેન્ગલૂરુ | સાંજે ૭.૩૦ |
| રવિ/૧૮ મે | ગુજરાત-ચેન્નઈ | અમદાવાદ | બપોરે ૩.૩૦ |
| રવિ/૧૮ મે | લખનઊ-હૈદરાબાદ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| મંગળ/૨૦ મે | ક્વૉલિફાયર-૧ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| બુધ/૨૧ મે | એલિમિનેટર | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| શુક્ર/૨૩ મે | ક્વૉલિફાયર-૨ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| **રવિ/૨૫ મે** | **ફાઇનલ** | **કોલકાતા** | **સાંજે ૭.૩૦** |

**નોંધઃ** (૧) મુંબઈની તમામ મૅચો વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. (૨) કેકેઆર ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે અને એના હોમટાઉન કોલકાતાના ઈડન ગાર્ડન્સને ઘણા વર્ષે પ્રથમ મૅચ અને ફાઇનલ મળી છે. અગાઉ ૨૦૧૩માં અને ૨૦૧૫માં ઈડનમાં ફાઇનલ રમાઈ હતી. (૩) કુલ ૬૫ દિવસની આઇપીએલમાં ૧૦ ટીમ ભાગ લેશે. ૧૨ ડબલ હેડર છે જેમાં જે તે દિવસે કુલ બે મૅચ રમાશે. (૪) ગ્રૂપ-૧માં ક્રમાનુસાર કોલકાતા, બેન્ગલૂરુ, રાજસ્થાન, ચેન્નઈ અને પંજાબ છે. ગ્રૂપ-૨માં ક્રમાનુસાર હૈદરાબાદ, દિલ્હી, ગુજરાત, મુંબઈ અને લખનઊ સામેલ છે. દરેક ગ્રૂપની પ્રત્યેક ટીમ પોતાના ગ્રૂપની ટીમ સામે બે મૅચ તો રમશે જ, હરીફ ગ્રૂપમાં પોતાની સામેના ક્રમમાં આવતી ટીમ સામે પણ બે મૅચ રમશે જેમ કે ગ્રૂપ-૧ની ચોથા ક્રમની ટીમ ચેન્નઈનો ગ્રૂપ-૨ની ચોથા નંબરની ટીમ મુંબઈ સામે મુકાબલો થશે. એ ઉપરાંત, ગ્રૂપની પ્રત્યેક ટીમ સામેના ગ્રૂપની બાકીની ચાર ટીમ સામે એક-એક મૅચ રમશે. (૫) કુલ મળીને ૧૩ સ્થળે આ વખતની આઇપીએલની મૅચો રમાશે. ■

# મહિલાઓની મૅચની છેલ્લી ત્રણ ઓવરમાં ત્રણ રનઆઉટની અપીલઃ થર્ડ અમ્પાયર વિવાદમાં

વડોદરાઃ શનિવારે અહીં મહિલાઓની આઇપીએલ તરીકે જાણીતી વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં ૨૦૨૩ની ચૅમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચેની મૅચ છેલ્લી પળોમાં રનઆઉટની ઉપરાઉપરી ત્રણ અપીલ થવાને પગલે ચર્ચાસ્પદ થઈ હતી અને થર્ડ અમ્પાયરના નિર્ણયો વિવાદાસ્પદ બન્યા હતા.

હરમનપ્રીત કૌરના સુકાનમાં મુંબઈએ ૧૬૪ રન બનાવ્યા ત્યાર બાદ દિલ્હીએ જીતવા માટે ભારે સંઘર્ષ કર્યો હતો અને ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૬૫ રનના સ્કોર સાથે વિજય મેળવ્યો હતો.

જોકે મૅચની છેલ્લી ત્રણ ઓવરમાં રનઆઉટની ત્રણ અપીલ થઈ હતી અને એમાં ત્રણેય વાર થર્ડ અમ્પાયર ગાયત્રી વેણુગોપાલને દિલ્હીની તરફેણમાં (નૉટઆઉટનો) ફેંસલો આપ્યો હતો. એટલું જ નહીં, એલઇડી લાઇટ્સ સાથેના સ્ટમ્પ્સ પરની ઝિન્ગ બેલ્સને લગતો નિયમ પણ ચર્ચાસ્પદ થયો હતો.

આ વખતની ડબ્લ્યૂપીએલમાં શુક્રવારની પ્રથમ મૅચમાં ગુજરાત જાયન્ટ્સ સામે રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુએ રેકૉર્ડ-બ્રેક સ્કોર્સ સાથે વિજય મેળવ્યો હતો ત્યાર બાદ મુંબઈ-દિલ્હી વચ્ચેની શનિવારની મૅચ છેલ્લા બૉલ સુધી રોમાંચક બની હતી.



દિલ્હીની ખેલાડીઓ એક પછી એક ઓવરમાં રનઆઉટ હોવાના વિવાદ વચ્ચે થર્ડ અમ્પાયરના નિર્ણયને પગલે ક્રીઝમાં ટકી ગઈ હતી અને દિલ્હીની ટીમ જીતી હતી.

## પ્રથમ રનઆઉટનો વિવાદ

૧૮મી ઓવરના ચોથા બૉલમાં સ્ટમ્પ્સ પર સીધો થ્રો થયો ત્યારે દિલ્હીની બૅટર શિખા પાન્ડે ક્રીઝમાં નહોતી પહોંચી એવું લાગ્યું હતું. રિપ્લેમાં જોવા મળ્યું હતું કે એલઇડી લાઇટ્સ ઝબકી ત્યારે શિખાનું બૅટ લાઇન પર હતું.

જોકે થર્ડ અમ્પાયર ગાયત્રીએ વારંવાર રિપ્લે જોયા બાદ શિખાને નૉટઆઉટ જાહેર કરી હતી.

એ નિર્ણય પર મુંબઈની સુકાની હરમનપ્રીત ખૂબ નારાજ હતી.

તેણે મેદાન પરના અમ્પાયર સાથે દલીલ પણ કરી હતી.

## બીજા રનઆઉટનો વિવાદ

૧૯મી ઓવરમાં ફરી રનઆઉટના નવા નિર્ણય પર વિવાદ થયો હતો. એ ઓવરના પાંચમા બૉલમાં થયેલા વિવાદમાં રાધા યાદવ વિવાદના કેન્દ્રમાં હતી અને રાધા તથા તાજેતરમાં જ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપ જીતીને પાછી આવેલી ભારતીય ટીમની કૅપ્ટન નિક્કી પ્રસાદ વચ્ચે ગેરસમજ થઈ એમાં વધુ મૂંઝવણ ઊભી થઈ હતી. સ્ટ્રાઇકરના છેડા પર વિકેટકીપર યાસ્તિકા ભાટિયાએ રાધાને સ્ટમ્પ-આઉટ કરી હોવાની અપીલ કરી હતી. એમાં સ્ટમ્પિંગને પગલે સ્ટમ્પ્સની એલઇડી લાઇટ ચમકી ત્યારે રાધાનું બૅટ હજી અધ્ધર જ હતું એવું રિપ્લેમાં દેખાયું હતું. જોકે આ વખતે પણ થર્ડ અમ્પાયર ગાયત્રીએ નિર્ણય દિલ્હીની બૅટરની તરફેણમાં આપ્યો હતો. તેમની દલીલ એવી હતી કે સ્ટમ્પ્સ પરથી બેલ્સ જ્યારે પૂરેપૂરી નીકળી ગઈ એને આધારે તેમણે નિર્ણય આપ્યો હતો.

## ત્રીજા રનઆઉટનો વિવાદ

રાધાએ એ જીવતદાનનો લાભ લઈને એ ઓવરના છેલ્લા બૉલમાં છગ્ગો ફટકાર્યો હતો જેને પગલે દિલ્હીએ ૨૦મી ઓવરના છ બૉલમાં ૧૦ રન બનાવવાના આવ્યા હતા.

મૅચની ૨૦મી (અંતિમ) ઓવરના આખરી બૉલમાં નવો ડ્રામા થયો હતો. ત્યારે દિલ્હીએ જીતવા બે રન બનાવવાના બાકી હતી. દિલ્હીની બૅટર અરુંધતી રેડ્ડીએ બીજો રન પૂરો કરવા ડાઇવ મારી હતી. જોકે મુંબઈએ ફરી એક વાર રનઆઉટની અપીલ કરી હતી અને સુપરઓવરની સંભાવના જાગી હતી. જોકે થર્ડ અમ્પાયરે મેદાન પરના અમ્પાયરને નૉટઆઉટના નિર્ણયને વળગી રહેવા કહ્યું જેને પગલે દિલ્હીની જીત થઈ હતી અને મુંબઈની ખેલાડીઓ ગમગીન ચહેરે પાછી આવી હતી.

## નિયમોમાં કયો ફરક છે?

અહીં સવાલ એ છે કે થર્ડ અમ્પાયર ગાયત્રીએ બેલ જ્યારે સ્ટમ્પ્સ પરથી પૂરેપૂરી નીકળે એટલે બૅટર રનઆઉટ કહેવાય એવા નિયમને વળગી રહેવાનું પસંદ કર્યું હતું, પરંતુ ડબ્લ્યૂપીએલના નિયમમાં સ્પષ્ટ જણાવાયું છે કે સ્ટમ્પ્સ પરની એલઇડી લાઇટ્સ ઝબકે એ ક્ષણે બૅટર ક્રીઝની બહાર હોય તો તે રનઆઉટ કહેવાય. બીજી ખાસ વાત એ છે કે નિયમ મુજબ બૅટરનું બૅટ જો લાઇન પર હોય અને ત્યારે સ્ટમ્પ્સ પરની બેલ પૂરેપૂરી નીકળી ગઈ હોય તો એ બૅટર રનઆઉટ કહેવાય.

## મિતાલીએ શું પ્રતિક્રિયા આપી?

ભૂતપૂર્વ ક્રિકેટર મિતાલી રાજે પ્રતિક્રિયામાં જણાવ્યું હતું કે શિખા પાન્ડે અને રાધા યાદવને રનઆઉટ આપણી જોઈતી હતી. તેઓ રનઆઉટ હતી જ. રાધાના કિસ્સાની વાત કરીએ તો તેનું બૅટ અધ્ધર હતું એટલે તે આઉટ જ હતી. મિતાલીના વન-ડેમાં ૭,૮૦૫ રન છે જે મહિલા ક્રિકેટમાં હાઇએસ્ટ છે. તે ૨૦૨૨માં નિવૃત્ત થઈ.

## લિસા સ્થલેકરે શું કહ્યું?

ઑસ્ટ્રેલિયાની ભારતીય મૂળની ભૂતપૂર્વ કૅપ્ટન લિસા સ્થલેકરે 'એક્સ' પર જણાવ્યું હતું કે 'નિયમોને ખોટી રીતે સમજવામાં આવ્યા હતા કે શું? એ બે કિસ્સામાં બૅટર રનઆઉટ હતી?' સ્પિન ઑલરાઉન્ડર લિસા સ્થલેકર ઑસ્ટ્રેલિયા વતી કુલ ૧૮૭ આંતરરાષ્ટ્રીય મૅચ રમી હતી. ■

# સ્મૃતિની જેમ હરમનપ્રીતના પણ ટી-૨૦માં ૮,૦૦૦ રન

## વડોદરામાં દિલ્હીએ છેલ્લા બૉલે મુંબઈને માત આપી

વડોદરાઃ અહીં શનિવારે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની ત્રીજી સીઝનની બીજી મૅચમાં દિલ્હી કૅપિટલ્સની ઓપનર શેફાલી વર્મા (૪૩ રન, ૧૮ બૉલ, બે સિક્સર, સાત ફોર)એ ચોક્કા-છગ્ગાનો વરસાદ વરસાવીને પોતાની ટીમને ૨૦૨૩ની પ્રથમ સીઝનની ચૅમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સ સામે વિજય અપાવવા મજબૂત પાયો નાખવાની શરૂઆત કરી એ પહેલાં મુંબઈની કૅપ્ટન હરમનપ્રીત કૌરે તેની ઇનિંગ્સમાં મોટી સિદ્ધિ મેળવી હતી. તેણે ટી-૨૦ ફૉર્મેટમાં ૮,૦૦૦ રન પૂરા કર્યા હતા. આ મૅચમાં દિલ્હીએ મુંબઈને મૅચના છેલ્લા બૉલ પર પરાજિત કર્યું હતું.

ભારતીય ટીમની સુકાની હરમનપ્રીત ટી-૨૦માં ૮,૦૦૦ રનની સિદ્ધિ મેળવનારી સ્મૃતિ મંધાના પછીની બીજી ભારતીય ખેલાડી બની છે.

હરમનપ્રીતે શનિવારે દિલ્હી સામે વડોદરા ખાતેની મૅચમાં બાવીસ બૉલમાં ત્રણ સિક્સર અને ચાર ફોરની મદદથી ૪૨ રન બનાવ્યા હતા.

હરમનપ્રીતે દિલ્હીની ઍનાબેલ સધરલૅન્ડના બૉલમાં સિક્સર ફટકારી એ સાથે તેણે ૮,૦૦૦ રન બનાવનાર ખેલાડીઓની ક્લબમાં પ્રવેશ કર્યો હતો.

મુંબઈની સુકાની હરમનપ્રીતે ઍનાબેલની એ ઓવરમાં ૪, ૪, ૬ અને ૪ના સ્કોરિંગ શૉટ સાથે વડોદરાનું સ્ટેડિયમ ગજાવ્યું હતું. ઍનાબેલની એ ઓવરના પહેલા ચાર બૉલમાં હરમનપ્રીતે ૧૮ રન ઝૂડી કાઢ્યા હતા, પણ પાંચમા બૉલે ઍનાબેલ તેની વિકેટ લેવામાં સફળ થઈ હતી.

આઉટ થતાં પહેલાં હરમનપ્રીતે નૅતાલી શિવર-બ્રન્ટ (૮૦ અણનમ, ૫૯ બૉલ, ૧૩ ફોર) સાથે ૭૩ રનની ભાગીદારી કરી હતી.

મુંબઈની ટીમ મેગ લૅનિંગના સુકાનવાળી દિલ્હીની ટીમ સામે ૧૯.૧ ઓવરમાં ૧૬૪ રનના સાધારણ સ્કોર પર ઑલઆઉટ થઈ હતી. દિલ્હીની ઍનાબેલે ત્રણ તેમ જ શિખા પાન્ડેએ બે વિકેટ લીધી હતી.



બૅટિંગ-લેજન્ડ મિતાલી રાજે પ્લેયર ઑફ ધ મૅચ નિક્કી પ્રસાદને અભિનંદન આપ્યા હતા. (ડબ્લ્યૂપીએલ)

દિલ્હીએ ૨૦ ઓવરમાં આઠ વિકેટના ભોગે ૧૬૫ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. તાજેતરમાં જ ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપ જીતીને આવેલી ભારતીય ટીમની કૅપ્ટન નિક્કી પ્રસાદ દિલ્હીની ટીમની સુપરસ્ટાર હતી. તેણે મિડલ-ઑર્ડરમાં એક છેડો સાચવી રાખીને (ધબડકો રોકીને) ૩૩ બૉલમાં ચાર ફોરની મદદથી બહુમૂલ્ય ૩૫ રન બનાવ્યા હતા. સ્કૉટલૅન્ડની વિકેટકીપર સારા બ્રાઇસે માત્ર ૧૦ બૉલમાં ૨૧ રનનું યોગદાન આપ્યું હતું. દિલ્હીની રાધા યાદવ (અણનમ નવ રન) તથા અરુંધતી રેડ્ડી (અણનમ બે રન)ની જોડીએ છેક સુધી ક્રીઝમાં ટકી રહીને દિલ્હીને દિલધડક વિજય અપાવ્યો હતો. નિક્કી પ્રસાદે મુંબઈની ઇનિંગ્સમાં હરમનપ્રીતનો કૅચ પકડ્યો હતો. નિક્કીને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■

# ફૂટબોલરે ગાળ આપી એટલે રેડ કાર્ડ મળ્યું! જોકે રેફરીએ ખોટું ભાષાંતર કર્યું હોવાનો દાવો




બાર્સેલોનાઃ સ્પેનની લા લિગા લીગમાં શનિવારે ઓસસુના ક્લબની ટીમ સામે રિયલ મૅડ્રિડની ટીમ મૅચ જીતી શકી હોત, પણ બન્યું એવું કે હાફટાઇમની પાંચ મિનિટ અગાઉ એક ઘટનામાં મૅડ્રિડના જાણીતા ખેલાડી જુડ બેલિંગમે રેફરી સામે પાંચ મિનિટ સુધી દલીલ કરી હતી અને એમાં એક તબક્કે બેલિંગમે તેમને ગાળ પણ આપી હતી. પરિણામે, રેફરીએ તેને આ અસભ્ય વર્તન બદલ રેડ કાર્ડ બતાવી દેતાં મૅડ્રિડની ટીમ ૧૦ ખેલાડીમાં ફેરવાઈ ગઈ હતી અને છેવટે મૅચ ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. જોકે બેલિંગમે મૅચ પછી કહ્યું હતું કે 'મારી સાથે રેફરીએ ખોટો વ્યવહાર કર્યો. મેં કોઈ અપશબ્દ કહ્યો જ નહોતો. હું જે કંઈ બોલ્યો એનું રેફરીએ ખોટું ભાષાંતર કરી નાખ્યું.' બેલિંગમે ગઈ સીઝનમાં રેફરીને ગાળ આપી જેને પગલે બે મૅચનો પ્રતિબંધ પણ મૂકવામાં આવ્યો હતો. ■

# આજથી રણજી સેમિ ફાઇનલઃ મુંબઈ વિરુદ્ધ વિદર્ભ અને ગુજરાત વિરુદ્ધ કેરળ

નાગપુર/અમદાવાદઃ રણજી ટ્રોફીની સીઝનમાં ક્લાઇમૅક્સના દિવસો આવી ગયા છે જેમાં આજે પાંચ દિવસીય સેમિ ફાઇનલ શરૂ થઈ રહી છે. ડિફેન્ડિંગ મુંબઈનો મુકાબલો વિદર્ભ સામે થવાનો હોવાથી ગયા વર્ષની ફાઇનલનું રિરન થયું કહેવાશે. યશસ્વી જયસ્વાલ ઈજાને કારણે મુંબઈ વતી નહીં રમે. રહાણે મુંબઈનો અને અક્ષય વાડકર વિદર્ભનો સુકાની છે. મુંબઈએ ખાસ કરીને વિદર્ભના ઇન્ફૉર્મ બૅટર કરુણ નાયરને કાબૂમાં રાખવો પડશે. અમદાવાદની સેમિ ગુજરાત અને કેરળ વચ્ચે રમાશે. ચિંતન ગજા ગુજરાતનો અને સચિન બૅબી કેરળનો સુકાની છે. ■


# ફિલ્મોના શહેનશાહ અને ક્રિકેટના બેતાજ બાદશાહ ક્રિકેટના રણમેદાનમાં



થાણેઃ શનિવારે અહીં ઇન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (આઇએસપીએલ) નામની ક્રિકેટ ટૂર્નામેન્ટમાં માઝી મુંબઈ તથા શ્રીનગર કે વીર નામની ટીમ વચ્ચેની ફાઇનલ વખતે બૉલીવૂડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન તથા ચાહકોમાં ક્રિકેટના ભગવાન તરીકે જાણીતા સચિન તેન્ડુલકર તેમ જ અક્ષય કુમારે મેદાન પર આગમન કર્યું હતું. અમિતાભ-અક્ષય આ સ્પર્ધાની ફાઈનલ ટીમોનાં માલિકો છે, જ્યારે સચિન મુખ્ય કમિટીમાં છે. આ દિલધડક ફાઇનલમાં શ્રીનગરના ૧૨૦/૫ના સ્કોર સામે મુંબઈએ સાત વિકેટના ભોગે ૧૨૧ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. ■

# શું ચહલે છૂટાછેડા માટે ધનશ્રીને ૬૦ કરોડ રૂપિયાનું ધન આપવું પડશે?





નવી દિલ્હીઃ ધનશ્રી વર્મા અને ભારતના સ્ટાર ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલના લગ્ન ઇન્ટરનેટ પર ચર્ચામાં છે. એક સમય હતો જ્યારે સોશિયલ મીડિયા પર આ લવલી કપલની સુંદર તસવીરો જોવા મળતી હતી, પણ પછી... શું થયું અને એવા સમાચાર આવવા લાગ્યા કે આ કપલ ડિવૉર્સ લેવાનું છે.

આ સમાચાર ફેલાયા બાદ લોકો ધનશ્રીની ટીકા કરવા માંડ્યા હતા અને યુઝવેન્દ્ર ચહલ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા હતા. જોકે, બંનેમાંથી કોઇએ હજી સુધી તેમના અલગ થવાની જાહેરાત કરી નથી કે તેનો ઇનકાર પણ કર્યો નથી.

જોકે, આ પોસ્ટમાં ચહલે ધનશ્રીનું નામ તો નથી લીધું, પણ એમ જણાવ્યું છે કે સોશિયલ મીડિયા પર કેટલીક એવી પોસ્ટ ફેલાઇ રહી છે જે સાચી નથી.

જોકે, તેની ક્રિપ્ટીક પોસ્ટ બાદ એવા સમાચાર આવ્યા છે કે ચહલ ડિવોર્સ માટે ૬૦ કરોડ રૂપિયા ચૂકવી રહ્યો છે.

એક મીડિયા હાઉસના અહેવાલ મુજબ યુઝવેન્દ્ર ચહલ તેના ડિવોર્સ બાદ ધનશ્રી વર્માને ભરણપોષણ પેટે ૬૦ કરોડ રૂપિયા ચૂકવશે.

જોકે, આ બાબતે કપલમાંથી કોઇએ સ્પષ્ટતા કરી નથી. યુઝવેન્દ્રએ તેની પોસ્ટમાં ડિવોર્સની અટકળોનો ઉલ્લેખ કર્યો છે અને લખ્યું છે કે દેશ માટે હજી ઘણી ઓવર રમવાની બાકી છે. તેણે પોતાને ગૌરવશાળી ભાઇ, પુત્ર અને મિત્ર ગણાવ્યો હતો, પણ પોતાનો પતિ તરીકે ઉલ્લેખ કર્યો નહોતો.

પોસ્ટમાં તેણે ધનશ્રીનું નામ પણ નથી લીધું. તેણે લખ્યું હતું કે, 'એક પુત્ર,ભાઇ અને મિત્ર તરીકે હું દરેકને નમ્ર વિનંતી કરું છું કે તેઓ અટકળો ના કરે, કારણકે તેનાથી મારા અને મારા પરિવારને ઘણું દુઃખ થાય છે.' ■

# ટ્રમ્પની તગડી ટેરિફને પરિણામે દેશનો સ્ટીલ ઉદ્યોગ જોખમમાં મુકાશે, જોકે વપરાશકારોને લાભની અપેક્ષા

મુંબઈ: અમેરિકા દ્વારા સ્ટીલ તથા એલ્યુમિનિયમ પ્રોડકટસ પર વધારાના ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની કરાયેલી જાહેરાતથી દેશમાં સ્ટીલ ઉદ્યોગના ચાલી રહેલા ક્ષમતા વિસ્તરણ અથવા નવા પ્રોજેકટસ સામે પડકારો ઊભા થયા છે. એક અંદાજ પ્રમાણે ડિસેમ્બરના અંત સુધીમાં કુલ ૩૫૦ જેટલા પ્રોજેકટસ અમલીકરણ હેઠળ જે પાછળ રૂપિયા ૮.૬૦ ટ્રિલિયનનો મૂડી ખર્ચ અંદાજાયો છે.

સ્ટીલ તથા એલ્યુમિનિયમની આયાત પર અમેરિકામાં ૨૫ ટકા વધારાની ટેરિફ વસૂલવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત કરવામાં આવી છે ત્યારે આ જાહેરાતને પગલે ભારતમાં સસ્તા સ્ટીલનો પૂરવઠો ખાસ કરીને ચીન ખાતેથી સ્ટીલનું ડમ્પિંગ વધી જવાની સ્ટીલ ઉદ્યોગને ચિંતા સતાવી રહી છે. સ્ટીલની આયાતમાં વધારાથી ઘરઆંગણેના સ્ટીલ ઉદ્યોગોમાં માલભરાવો થવાની અને વિસ્તરણ કાર્યક્રમો ઘોંચમાં પડવાની શકયતા જોવાઈ રહી છે. દેશમાં પાછલા કેટલાક વર્ષોથી માળખાકીય ક્ષેત્રના વિકાસને લઈને સ્ટીલની માગમાં નોંધપાત્ર વધારો થયો છે જેને પહોંચી વળવા સ્ટીલ ઉત્પાદકોએ ક્ષમતાના વિસ્તરણ માટે કાર્યક્રમો હાથ ધર્યા છે એમ સ્ટીલ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

એલ્યુમિનિયમની સરખામણીએ સ્ટીલ ઉત્પાદકો પર ઊંચા ટેરિફની વધુ અસર જોવા મળશે કારણ કે ભારતમાં અગાઉથી જ સ્ટીલની માગ કરતા પૂરવઠો વધુ જોવા મળી રહ્યો છે.

સ્ટીલના ભાવમાં કોઈપણ ઘટાડાથી સ્ટીલ ઉત્પાદકોના માર્જિન પર દબાણ આવશે પરંતુ સ્ટીલના વપરાશકારોને આ ઘટાડોનો લાભ થશે તેવી ગણતરી મૂકવામાં આવી રહી છે. દેશમાં બાંધકામ, ઓટો, માળખાકીય, રેલવે પ્રોજેકટસ વગેરેમાં સ્ટીલનો મોટો વપરાશ થાય છે.

# ટ્રમ્પ તેજીનું ગળું ટૂપી નાખવા તત્પર, શૅરબજારને કળ વળતા વાર લાગશે

ફોર કાસ્ટ
નિલેશ વાઘેલા

મુંબઇ: શેરબજારમને માથે દશા બેઠી છે. બજાર ચારે તરફથી એવા પરિબળોથી ઘેરાઇ ગયું છે કે મંદીવાળાઓને મોકળું મેદાન મળશે. તઘલખી દિમાગના ટ્રમ્પે સત્તાની ધૂરા હાથમાં લેતાં જ ખાસ કરીને ઇક્વિટી માર્કેટનું ગળુ ટૂપી નાંખવાની હિલચાલ શરૂ કરી દીધી છે. સાવ અતાર્કિક મિજાજ ધરાવતા અમેરિકન પ્રેસિડન્ટ પાસે આમ તો કોઇ જ સકારાત્મક આશા જ ના રાખી શકાય, પરંતુ ભારતના વડાપ્રધાન મોદીની મુલાકાત પહેલા, દરમિયાન અને પાચળથી કરેલી ઘોષણાઓ અને પગલાંઓ દ્વારા ટ્રમ્પે પુરવાર કર્યું છે કે તે ભારતને બિલકુલ નહીં છોડવા માટે લીધેલું પ્રણ પુરુ કરવા તત્પર છે.

વડાપ્રધાન મોદી અને અમેરિકાના પ્રેસિડેન્ટની બેઠકમાં ભારત માટે કોઇ રાહતની જાહેરાત થવાની આશા પર પાણી ફરીવળતા ખરડાયેલા સેન્ટિમેન્ટ વચ્ચે શેરબજારમાં સતત આઠમા સત્રમાં પણ નેગેટિવ ઝોનમાં ગબડ્યું હતું. ટ્રમ્પે ભારપૂર્વક દોહરાવ્યું છે કે વોશિંગ્ટન રેસિપ્રોકલ ટેરિફ બાબતે ભારતને કોઇ રાહત નહીં આપશે. એકધારા આઠ સત્રની પીછેહઠમાં સેન્સેક્સ ૨૬૪૪.૬૦ પોઇન્ટ અથવા તો ૩.૩૬ ટકા ગુમાવ્યા છે અને નિફ્ટીએ ૮૧૦ પોઇન્ટ અથવા તો ૩.૪૧ ટકા ગુમાવ્યા છે.

એકંદરે નિરાશાજનક કોર્પોરેટ પરિણામો, ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘસારો અને ટેરિફ જેવા બાહ્ય પરિબળોને કારણે એફઆઇઆઇની વેચવાલી વધતી રહે એવી સંભાવના સાથે બજાર પણ નિકટ ગાળામાં ઠંડુ જ રહેવાની સંભાવના છે. ટેરિફના પરિણામો અંગે પૂર્ણ સ્પષ્તા ના આવે અને કોર્પોરેટ કામગીરીમાં સુધારો ના થાય ત્યાં સુધી બજારમાં અફડાતફડીનો માહોલ યથાવત રહેશે.

બજારના વિશ્લેષકો અનુસાર ભારતીય બજાર ખૂબ જ ઓવરસોલ્ડ છે. જોકે તેજી માટે કોઇ ટ્રીગર મળવાને સ્થાને મોદી – ટ્રમ્પની મુલાકાતમાં આશાઓ પર પાણી ફરી વળ્યા છે. ટ્રમ્પને ભારત માટે કોઇ કૂણી લાગણી નથી અને તે આ બાબતમાં સ્પષ્ટ પણ છે.

એક અગ્રણી માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, ટ્રમ્પની આર્થિક નીતિઓ અને ઊંચા મૂલ્યાંકનને લગતી અનિશ્ચિતતા ખાસ કરીને ઇમર્જિંગ માર્કેટ્સ પર ટૂંકા ગાળામાં શેરબજાર પર અસર કરી શકે છે. ત્રીજા ક્વાર્ટરના પરિણામો અપેક્ષાઓ સાથે સુસંગત છે પરંતુ બજારને ટેકો આપવામાં નિષ્ફળ રહ્યાં છે. વ્યાપક બજાર દબાણ હેઠળ છે, પરંતુ નિષ્ણાતો માને છે કે લાર્જકેપ શેરોની સ્થિતિસ્થાપકતા એક સકારાત્મક સંકેત છે. ભારતીય બજાર સામે અમેરિકાના ટેરિફ યુદ્ધને કારણે અર્થતંત્ર પર પડનારી નકારાત્મક અસરોથી માંડીને નબળા કોર્પોરેટ પરિણામ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી, અર્થતંત્રની ધીમી પજેલી ગતિ, વ્યાપક બજારમાં ઊંચા વેલ્યુએશન્સ સહિતના પડકારો છે. જોકે નિષ્ણાતોનો એક વર્ગ કહે છે કે બજાર હવે કોન્સોલિડેશનના અંતિમ તબક્કામાં છે. વ્યાપક બજારમાં ૧૪ ટકા સુધીનું કરેકશન થયું હોવાથી વધુ ઘટાડો મર્યાદિત જણાય છે. ભારતનો જીડપી વૃદ્ધિ ૨૦૨૫માં ૬.૪ ટકાથી વધીને ૨૦૨૬માં ૭.૦ ટકા થવાનો અંદાજ છે, લાંબા ગાળાના રોકાણકારો ધીરજ રાખવા સાથે સારા ફંડામેન્ટલ ધરાવતા શેરોનું એક્યુમ્યુલેશન કરી શકે છે.

બજારના સતત ગબડવાના કારણો જોઇએ તો યુએસ પ્રમુખે સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત ટેરિફમાં વધારો ઝીંકીને સત્તાવાર ટ્રેડ વોર શરૂ કરી છે. દેશ-વિશિષ્ટ મુક્તિલાભ અને પ્રોડક્ટ એક્ઝમ્પશન દૂર કરવા સાથે આગામી દિવસોમાં તમામ દેશ સામે પારસ્પરિક ટેરિફની જાહેરાત કરવાનું ઉચ્ચારણ કર્યું છે. ભારત આમાંથી બાકાત નથી એવું સ્પષ્ટ કથન પણ ટ્રમ્પે કર્યું છે. આ તમામ બાબતો ચિંતાપ્રેરક છે. અલબત્ત ભારત સાથે દ્વીપક્ષીય વેપાર ૨૦૩૦ સુધીમાં ૫૦૦ અબજ ડોલર સુધી લઇ જવાની પરસ્પરના દેશની બજારોનો પ્રવેશ સુગમ બનાવવા તથા અન્ય વેપાર સંબંધિત મુદ્દાની વાત પણ છે, જોકે રોકાણકારોને ટ્રમ્પની કોઇ વાત પર ભરોસો નથી.

ઉપરાંત અમેરિકામાં રેટ કટની આશા ધૂંધળી બની છે. યુ.એસ. ફેડના ચેરમેને જણાવ્યું હતું કે જ્યારે અર્થવ્યવસ્થા સારી સ્થિતિમાં છે, ત્યારે ફુગાવો ફેડના બે ટકાના ટાર્ગેટ કરતાં વધુ સારી રીતે રહે છે, જે કેન્દ્રીય બેંકને વધુ દર ઘટાડા અંગે સાવચેત રહેવા માટે પ્રેરિત કરે છે. યુ.એસ. કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ દોઢ વર્ષની ઊંચી સપાટીએ પહોંચતા ફેડરલને વ્યાજદરનો ઘટાડો ટાળવાનું વધુ એક કારણ મળ્યું છે. ઉપલબ્ધ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ આ વર્ષે અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડના મૂલ્યની ભારતીય ઇક્વિટીઓ ઑફલોડ કરી છે, જે બજારની નબળાઇમાં ફાળો આપે છે. મજબૂત ડોલરને કારણે ભારત જેવા ઊભરતાં બજારોમાંથી મૂડીના બાહ્યપ્રવાહમાં વધારો થયો છે.

નોંધવું રહ્યું કે ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરી ત્યારથી ખાસ કરીને સ્મોલ કેપ શેરોમાં વેચવાલીનું દબાણ ખૂબ જ વધી ગયું છે અને ૪૫૦થી વધુ સ્મોલકેપ શેરમાં દસથી ૪૧ ટકા જેવું ધોવાણ થઇ જવા સાથે બીએસઇ સ્મેલ કેપ ઇન્ડેક્સમાં રેકોર્ડ ઊંચી સપાટી સામે ૨બાવીસ ટકા જેવા કડાકો બોલી ગયો છે. આ અઠવાડિયે તમામ ક્ષેત્રીય શેરઆંક રેડ ઝોનમાં બંધ થયા છે, જેમાં નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ ૯.૪ ટકા, નિફ્ટી મીડિયા આઠ ટકા, નિફ્ટી એનર્જી ઇન્ડેક્સ સાત ટકા, નિફ્ટી ઓટો ઇન્ડેક્સ છ ટકા, નિફ્ટી ફાર્મા ૫.૭ ટકા અને નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સ ૫.૨ ટકા તૂટ્યો છે.

દરમિયાન કોર્પોરેટ પરિણામ ચાલુ રહયાં છે અને તેને આધારે બજારમાં શેરલક્ષી કામકાજ જોવા મળે છે. નેટકો ફાર્માએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૩૭.૭૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૩૨.૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ઇરકોન ઇન્ટરનેશનલના ચોખ્ખા નફમાં ત્રીજા ક્વાર્ટરમાં ૬૫ ટકાનો કડાકો નોંધાયો છે. ભારત ફોર્જનો ત્રીજા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૧૬.૩૮ ટકા ઘટીને રૂ. ૨૧૨.૭૮ કરોડ થયો છે. કલ્પતરુ પ્રોજેક્ટ્સ ઇન્ટરનેશનલનો ચોખ્ખો નફો ત્રણ ટકા ઘટ્યો છે. અશોક લેલેન્ડનો ત્રીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૩૬ ટકા, જ્યારે આવક આઠ ટકા વધી છે.

ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઇક્વિપમેન્ટ ઉદ્યોગમાં પ્રવૃત્ત પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરના અનઓડિટેડ પરિણામમાં ૧૨૦.૩૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૪.૧૪ કરોડની કુલ આવક, ૨૭૭.૭૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૧૨ કરોડનો ચોખ્ખો નફો, ૧૦૪.૧૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪.૪૭ કરોડનો એબિટા નોંધાવ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન ૯.૧૪ ટકા રહ્યું છે.

# બજારની અસ્થિરતા વચ્ચે આર્બિટ્રેજ ફંડ્સમાં એફડીથી વધુ વળતર

નવી દિલ્હી: શેરબજારમાં નોંધપાત્ર અસ્થિરતા અને અફડાતફડી હોવા છતાં, આર્બિટ્રેજ ફંડ્સે ગયા વર્ષે બેંકોની ફિક્સ્ડ ડિપોઝિટની તુલનામાં વધુ વળતર આપ્યું છે. અર્થલભના ડેટા દર્શાવે છે કે આ ફંડ્સે એક વર્ષમાં સાત ટકાથી વધુ વળતર આપ્યું છે, જ્યારે મોટાભાગની મોટી બેંકોએ તે જ સમયગાળા દરમિયાન એફડી પર સાત ટકાથી ઓછા વ્યાજ દર ઓફર કર્યા છે.

ડેટા અનુસાર, પાછલાં ત્રણ વર્ષમાં એક્સિસ આર્બિટ્રેજ ફંડે ૬.૨૫ ટકા વળતર આપ્યું છે, જ્યારે ટાટાના આર્બિટ્રેજ ફંડે ૬.૨૯ ટકા, આદિત્ય બિરલાની યોજનાએ ૬.૩૧ ટકા, યુનિયન મ્યુચ્યુઅલ ફંડની આર્બિટ્રેજ યોજનાએ ૬.૧૮ ટકા અને એચએસબીસી તથા બરોડા પીએમબી પરિબા મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓએ ૬.૧૯ ટકા વળતર આપ્યું છે. જ્યારે આર્બિટ્રેજ ફંડ્સનું એક વર્ષનું વળતર જોઇએ તો રોકાણકારોને એક્સિસમાં ૭.૩૨ ટકા, ટાટામાં ૭.૨૮ ટકા, આદિત્ય બિરલામાં ૭.૨૮ ટકા અને ઇન્વેસ્કોમાં ૭.૩૧ ટકા વળતર મળ્યું છે. એક્સિસ આર્બિટ્રેજ ફંડ મુખ્યત્વે એક્સિસ મની માર્કેટ ફંડમાં રોકાણ કરે છે. આ ફંડ એકથી નવ મહિનાની પાકતી મુદત સાથે હાઇ રેટેડ મની માર્કેટ સાધનો ધરાવે છે. બજાર વિશ્લેષકો જણાવે છે કે ૨૦૨૫ની શરૂઆતમાં ભારતીય ઇક્વિટી બજારમાં ભારે વેચાણ દબાણ જોવા મળ્યું હતું, જેના કારણે જાન્યુઆરી એક પડકારજનક મહિનો બન્યો હતો.

૨૦૨૪માં સારું પ્રદર્શન કરનારા મિડકેપ અને સ્મોલકેપ શેરો જાન્યુઆરીમાં વેલ્યુએશન્સની ચિંતા, નબળી કોર્પોરેટ કમાણી અને રોકાણકારોના સાવચેતીનૂણઈ અભિગામને કારણે વેચવાલીનું દબામ જોવા મળ્યું છે. બજારની નબળાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની ભારે વેચવાલી છતાં, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)ના મજબૂત રોકાણથી કેટલાક ક્ષેત્રોને ફાયદો થયો છે. શ્રેષ્ઠ કામગીરી સુનિશ્ચિત કરવા માટે ફંડ હાઉસિસ આખા મહિના દરમિયાન તેમના રોકાણનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરે છે.

# રોકાણકારોની સંપત્તિમાં ₹ ૨૫.૩૧ લાખ કરોડનું ધોવાણ

મુંબઇ: વૈશ્વિક અને સ્તાનિક પરિબળોને કારણે શેરબજારમાં હાલ સતત મંદીનો માહોલ જામ્યો છે. દલાલ સ્ટ્રીટ પર મંદીવાળાની પકડ સતત મજબૂત બનતી જાય છે. એકધારી પીછેહઠને કારણે રોકાણકારોને પાછલા આઠ સત્રમાં રૂ. ૨૫.૩૧ લાખ કરોડનું સંપત્તિ ધોવાણ થયુ છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલીને કારણે સર્જાયેલી ચિંતા, કોર્પોરેટ ક્ષેત્રના અપેક્ષા કરતા નબળા ત્રિમાસિક પરિણામ અને વૈશ્વિક ટ્રેડ વોર વકરવાના સંકેતને કારણે શેરબજાર માટે સર્જાયેલી અનિશ્ચિતતાને કારણે બેન્ચમાર્ક સેન્સેક્સમાં ત્રણ ટકાથી મોટો કડાકો જોવા મળ્યો છે.

પાછલા આઠ ટ્રેડિંગ દિવસોમાં બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૨,૬૪૪.૬ પોઈન્ટ અથવા ૩.૩૬ ટકા તૂટ્યો હતો અને એનએસઇના બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સમાં ૮૧૦ પોઈન્ટ અથવા ૩.૪૧ ટકાનો જોરદાર કડાકો જોવા મળ્યો હતો.

સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહ દરમિયાન રિયલ્ટી, હેલ્થકેર અને કંઝ્યુર ડ્યુરેબ્લસ ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યા હતા અને માર્કેટ કેપમાં તોંતિંગ રૂ.૨૩.૭૪ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. ૧૪ ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૭,૮૬૦.૧૯ના બંધથી ૧,૯૨૦.૦૮ પોઈન્ટ્સ (૨.૪૭ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૧૦ ફેબ્રુઆરી અને સોમવારે ૭૭,૭૮૯.૩૦ ખૂલી એ જ દિવસે ઊંચામાં ૭૭,૮૪૯.૫૮ અને ૧૨ ફેબ્રુઆરી અને બુધવારે નીચામાં ૭૫,૯૩૯.૨૧ સુધી જઈ અંતે ૭૫,૯૩૯.૨૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૦૦.૧૯ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ.૪૨૩.૯૩ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં માત્ર રૂ.૨૩.૭૪ લાખ કરોડનો ઘટાડો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૩.૫૧ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૩.૯૭ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૪.૬૫ ટકા ઘટ્યા હતા. બીએસઈ મિડકેપ ૭.૭૧ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૯.૪૭ ટકા ઘટ્યો હતો. બીએસઈ આઈપીઓ ૧.૬૯ ટકા વધ્યો અને એસએમઈ આઈપીઓ ૮.૩૦ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં સપ્તાહ દરમિયાન બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં રિયલ્ટી ૯.૩૯ ટકા, હેલ્થકેર ૭.૫૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૭.૪ ટકા, ઈન્ફ્રાસ્ટ્રકચર ૭.૩૧ ટકા, પાવર ૬.૯૯ ટકા, પીએસયુ ૬.૬૨ ટકા, ઓટો ૬.૩૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૬.૨૫ ટકા, કેપિટલ ગુડ્સ ૬.૧ ટકા, મેટલ ૪.૪૭ ટકા, એફએમસીજી ૪.૦૮ ટકા, આઈટી ૩.૯૨ ટકા, ટેક ૨.૫૮ ટકા અને બેન્કેક્સ ૧.૬૮ ટકા ઘટ્યા હતા

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા માત્ર ચાર શેરમાં બજાજ ફિન સર્વ ૨.૩૩ ટકા, ભારતી એરટેલ ૨.૨૯ ટકા, કોટક બેન્ક ૦.૮૨ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૧૨ ટકા આગળ વધ્યો હતો.

જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ કંપનીઓમાંથી સૌથી અધિક ઘટેલી પાંચ શેરોમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૮.૭૪ ટકા, ઝોમેટો ૮.૨૬ ટકા, પાવર ગ્રીડ ૮.૧૪ ટકા, અદાણી પોર્ટ્સ ૭.૮૭ ટકા અને ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૬.૬૦ ટકા ગબડયો હતો. નએથ ગ્રુપની ૭૧૭ કંપનીઓમાંથી ૨૯ કંપનીઓના ભાવ વધ્યા, ૬૮૮ કંપનીઓના ભાવ ઘટ્યા હતા. જ્યારે નબીથ ગ્રુપની ૧૨૬૯ કંપનીઓમાંથી ૫૭ કંપનીઓના ભાવ વધ્યા, ૧,૨૧૧ કંપનીઓના ભાવ ઘટ્યા અને એકનો ભાવ સ્થિર રહ્યો હતો.

બીએસઈ ૧૦૦માં ૮ કંપનીઓ વધી, ૯૨ કંપનીઓ ઘટી. બીએસઈ ૨૦૦માં ૧૨ કંપનીઓ વધી, ૧૮૮ કંપનીઓ ઘટી. બીએસઈ ૩૦માં ચાર કંપનીઓ વધી, ૨૬ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૨ કંપનીઓ વધી, ૪૭૮ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. મિડકેપની ચાર કંપનીઓ વધી, ૧૨૮ કંપનીઓ ઘટી હતી. સ્મોલ કેપની ૨૯ કંપનીઓ વધી, ૯૦૮ કંપનીઓ ઘટી હતી.

સપ્તાહરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ. ૧૯,૧૯૯.૨૨ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૧૧૯,૪૭૪.૪૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

# શૅરબજારની અફડાતફડી વધતાં જાન્યુઆરીમાં ૬૧.૩૩ લાખથી વધુ એકાઉન્ટ બંધ, રોકાણકારોમાં ગભરાટ

મુંબઇ: શેરબજારમાં અફડાતફડી અને ખાસ કરીને એકધારી પડતી વધવાથી રિટેલ રોકાણકારોમાં ગભરાટ વધ્યો હોવાના સંકેત છે. જાન્યુઆરીમાં ૫૬ લાખ નવા એસઆઈપી એકાઉન્ટો ખુલ્યા સામે ૬૧ લાખથી વધુ એકાઉન્ટ બંધ કરવામાં આવ્યા છે. નવા એસઆઇપી રજીસ્ટ્રેશનની તુલનાએ બંધ થયેલા એકાઉન્ટોની સંખ્યા વધુ છે. ડિસેમ્બરમાં રૂ. ૨૬,૪૫૯ કરોડના ઇન્ફ્લોની સામે જાન્યુઆરીમાં રૂ. ૨૬૪૦૦ કરોડનું રોકાણ નોંધાયું છે.

શેરબજારોમાં પાછલા કેટલાક મહિનાઓથી થઈ રહેલા ધોવાણના પરિણામે રોકાણકારોનો વિશ્વાસ ડગમગવા લાગ્યો છે. મ્યુચ્યુઅલ ફંડોમાં ઈક્વિટી ફંડોમાં જાન્યુઆરીમાં રોકાણ પ્રવાહ એકંદર જળવાઈ રહ્યા છતાં ૩.૬ ટકાનો ઘટાડો નોંધાયા સાથે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) થકી થતાં રોકાણમાં રોકાણકારો સાવચેત બન્યા છે.

જાન્યુઆરીમાં એસઆઈપી એકાઉન્ટો બંધ થવાનો આંક, નવા રજીસ્ટર્ડ થયેલા એકાઉન્ટોના આંકથી વધી ગયો છે. જાન્યુઆરીમાં ૫૬ લાખ નવા એસઆઈપી એકાઉન્ટો ખુલ્યા સામે ૬૧ લાખથી વધુ એકાઉન્ટ બંધ કરવામાં આવ્યા છે. આમ નેટ ધોરણે એસઆઈપી એકાઉન્ટમાં સતત છઠ્ઠા મહિને ઘટાડો થયો છે. બંધ થયેલા એકાઉન્ટનોની સંખ્યા જે ડિસેમ્બર ૪૪.૯૦ લાખ હતી, એ જાન્યુઆરીમાં ૬૧.૩૩ લાખ થઈ છે.

જ્યારે નવા એસઆઈપી રજીસ્ટ્રેશન ડિસેમ્બરમાં ૫૪.૨૭ લાખ એકાઉન્ટ થયા હતા, એ જાન્યુઆરીમાં ૫૬.૧૯ લાખ થયા છે. જ્યારે એસઆઈપી થકી રોકાણ પ્રવાહ જે ડિસેમ્બરમાં રૂ.૨૬,૪૫૯ કરોડનો નોંધાયો હતો, એ જાન્યુઆરીમાં રૂ.૨૬,૪૦૦ કરોડ નોંધાયો હોવાનું એસોસીયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના આંકડામાં દર્શાવાયું છે.

બજારના જાણકારોનું માનવું છે કે, રોકાણકારો એસઆઈપીઝ કેન્સલ કરી રહ્યા હોય સંકટનો પ્રથમ સંકેત અને ચિંતા છે. આ એસઆઈપી રદ થવાનો ટ્રેન્ડ ફેબ્રુઆરીમાં વેગ પકડે તો નવાઈ ન પામશો.

એસેટ મેનેજમેન્ટ કંપનીઓનું કામ માત્ર ફંડના સંચાલન અને બેન્ચમાર્કને આઉટપર્ફોર્મ કરવાનું માત્ર હોતું નથી, પરંતુ રોકાણકારો અને ઈન્ટરમીડિયરીના હેન્ડહોલ્ડિગનું પણ હોય છે, રોકાણકારો સાથે સતત વાતચીત કરવાનું અને દીર્ઘાયુષ્યના સંદેને આગળ વધારવાનું પણ છે. અલબત અમુક સમીક્ષકોનું માનવું છે કે, આ હજુ ટ્રેન્ડ ન કહી શકાય. છેલ્લા બે ત્રિમાસિકમાં ઓટો અને કન્ઝયુમર ડયુરેબલ્સના વપરાશમાં ઘટાડા સાથે માંગમાં ઘટાડો જોવા મળ્યો છે. ફુગાવો અને ઉપભોક્તાનો ઓછો વિશ્વાસ કદાક ઊંચા ખર્ચ તરફ દોરી જાય છે, જે ટૂંકાગાળા માટે એસઆઈપીની સંખ્યાને અસર કરે છે. બજાર કરેકશન સેન્ટિમેન્ટને પ્રભાવિત કરી શકે છે, તે સ્વિકારતા તેમનું કહેવું છે કે, એસઆઈપી પ્રવાહ મજબૂત રહે છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના સંગઠન એમ્ફીએ હકીકતને હાઈલાઈટ કરતાં કહ્યું છે કે, એસઆઈપી પ્રવાહમાં ઘટાડો નજીવો હતો અને એકાઉન્ટોમાં ઘટાડો મુખ્યત્વે એક્સચેન્જો અને આરટીએઝ વચ્ચેના સમાધાનને કારણે થયો હતો. જેના કારણે લગભગ ૨૫ લાખ એકાઉન્ટનું કરેકશન-ઘટાડો જોવાયો છે.

## રિટેલ ઇન્ફ્લેશન પાંચ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યું

નવી દિલ્હી: જાન્યુઆરીમાં ખાદ્ય પદાર્થોના ભાવમાં ઘટાડો થતાં ભારતનો રિટેલ ફુગાવો ૪.૩૧ ટકાના સ્તરે પહોચ્યો છે, જે પાંચ મહિનાનું નીચલું સ્તર દર્શાવે છે. રિઝર્વ બેન્કને આ ડેટા થોડી નાણાંકીય સ્થિતિસ્થાપકતા આપશે. જાન્યુઆરીમાં ખાદ્ય પદાર્થોના ભાવમાં ઘટાડો થતાં ભારતનો છૂટક ફુગાવો ૪.૩૧ ટકાના પાંચ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો છે, જે ડિસેમ્બરમાં ૫.૨૨ ટકા હતો. ફુગાવામાં ઘટાડો થવાથી ભારતની મધ્યસ્થ બેંક દ્વારા ફરીથી દર ઘટાડાની શક્યતા વધી જાય છે. ફેબ્રુઆરીમાં, લગભગ પાંચ વર્ષમાં પહેલી વાર, તેણે તેના મુખ્ય નીતિ દરમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરીને ૬.૨૫ ટકા કર્યો હતો, જે અર્થતંત્રને વેગ આપવાનો પ્રયાસ હતો, જે ચાર વર્ષમાં સૌથી ધીમી ગતિએ વૃદ્ધિ પામવાની અપેક્ષા છે.

ભારતનો છૂટક ફુગાવો ઓક્ટોબરમાં ૧૪ મહિનાના ઉચ્ચતમ સ્તર ૬.૨ ટકા પર પહોંચી ગયો હતો, જ્યારે ખાદ્ય ફુગાવો પંદર મહિનાના ઉચ્ચતમ સ્તર ૧૦.૯ ટકા પર પહોંચ્યો હતો. ખાદ્ય ફુગાવો, જે કુલ ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઇ) બાસ્કેટનો અડધો ભાગ બનાવે છે, તે જાન્યુઆરીમાં ઘટીને ૬.૦૨ ટકા થયો હતો જે ડિસેમ્બરમાં ૮.૩૯ ટકા હતો અને તે ઓગસ્ટ, ૨૦૨૪ પછીનું સૌથી નીચું સ્તર છે.

## ઓદ્યોગિક ઉત્પાદન ત્રણ મહિનાને તળિયે

નવી દિલ્હી: ડિસેમ્બરમાં ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ ધીમી પડીને ૩.૨ ટકાના ત્રણ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગઈ છે. બુધવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ખાણકામ અને ઉત્પાદન ક્ષેત્રોના નબળા પ્રદર્શનને કારણે, ડિસેમ્બર ૨૦૨૪માં ભારતનો ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ ધીમી પડીને ૩.૨ ટકાના ત્રણ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો.

સરકારે નવેમ્બર ૨૦૨૪ના ઔદ્યોગિક ઉત્પાદનના આંકડાને પણ સુધારીને ૫ ટકા કર્યો છે જે અગાઉના મહિનામાં જાહેર કરાયેલા ૫.૨ ટકાના કામચલાઉ અંદાજથી પાંચ ટકા છે. સપ્ટેમ્બરમાં ફેક્ટરી ઉત્પાદન વૃદ્ધિનો દર ૩.૨ ટકાના સમાન સ્તરે રહ્યો હતો અને ઓગસ્ટ ૨૦૨૪માં સ્થિર રહ્યો હતો. ઓક્ટોબર ૨૦૨૪માં આ વૃદ્ધિ ૩.૭ ટકા નોંધાઈ હતી.

# પેસેન્જર કારનું વેચાણ જાન્યુઆરીમાં સૌથી વધુ વધ્યું, યુટિલિટી વ્હીકલ્સનું ડિસ્પેચ ૨,૧૨,૯૯૫ યુનિટ નોંધાયું

નવી દિલ્હી: દેશમાં ઓટો કંપનીઓ દ્વારા ડીલર્સને પેસેન્જર વ્હીકલનું ડિસ્પેચ જાન્યુઆરી મહિનામાં ૧.૬ ટકા વધીને ૩,૯૯,૩૮૬ યુનિટ થયું હતું. યુટિલિટી વ્હીકલની મજબૂત માંગ જોવા મળી હતી. સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સએ ગુરુવારે આ ડેટા જાહેર કર્યા હતા. તેણે કહ્યું કે પેસેન્જર વ્હીકલનું ડિસ્પેચ જાન્યુઆરીમાં અત્યાર સુધીમાં સૌથી વધુ રહ્યું હતું. ગત વર્ષે આ ગાળામાં હોલસેલ્સ ૩,૯૩,૦૭૪ યુનિટ હતું.

કંપનીઓ દ્વારા યુટિલિટી વ્હીકલ્સનું ડિસ્પેચ જાન્યુઆરીમાં ૬ ટકા વધીને ૨,૧૨,૯૯૫ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૨,૦૦,૯૧૭ યુનિટ હતું. પેસેન્જર કારનું ડીલર્સને વેચાણ ફ્લેટ ૧,૨૭,૦૬૫ યુનિટ થયું હતું, જે ગત વર્ષે જાન્યુઆરીમાં ૧,૨૬,૫૦૫ યુનિટ હતું. વેનનું ડિસ્પેચ ૬.૪ ટકા ઘટીને ૧૧,૨૫૦ યુનિટ થયું હતું, જે જાન્યુઆરી-૨૦૨૪માં ૧૨,૦૧૯ યુનિટ હતું.

દેશની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયાનું ડીલર્સને વેચાણ જાન્યુઆરીમાં ૪ ટકા વધીને ૧,૭૩,૫૯૯ યુનિટ થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૧,૬૬,૮૦૨ યુનિટ હતું. હ્યુન્ડઈનું ડિસ્પેચ ૫ ટકા ઘટીને ૫૪,૦૦૩ યુનિટ થયું હતું, જે ગત વર્ષે જાન્યુઆરીમાં ૫૭,૧૧૫ યુનિટ હતું. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનું ડીલર્સને ડિસ્પેચ ૫૦,૬૫૯ યુનિટ થયું હતું, જે જાન્યુઆરી-૨૪માં ૪૩,૦૬૮ યુનિટ હતુ.

# ભારતમાં જેનેરિક દવાઓની બજારમાં વૃદ્ધિ: બ્રાન્ડેડ દવાઓથી વધુ માગ નીકળશે

મુંબઇ: ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગએ તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોઈ છે, ખાસ કરીને જેનેરિક દવાઓનું બજાર મુખ્ય ફાળો આપનાર તરીકે ઉભરી આવ્યું છે. આ દવાઓમાં એ જ બધી સામગ્રી હોય છે, જે બ્રાન્ડેડ દવાઓમાં હોય છે પણ તે તેનાથી ઘણી ઓછી કિંમતે વેચાય છે.

વ્યાજબી દરમાં આરોગ્યની કાળજી લેવાની વધતી જતી માંગની સાથોસાથ સરકાર પણ ફાર્માસ્યુટિકલ ક્ષેત્રને સહયોગ આપી રહી છે, જેથી તેમના વિકાસ માટે તેઓ અનુકૂળ વાતાવરણ ઉભું કરી શકે તેમ કાશ્મિક ફોર્મ્યુલેશનના એમડી નિલેશ પટેલે દર્શાવ્યો હતો. આઇબીઇએફની દ્રષ્ટિએ ભારતીય ફાર્માસ્યુટિકલ બજારમાં ૨૦૩૦ સુધીમાં ૧૩૦ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જેમાં જેનેરિક દવા આ વૃદ્ધિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભારત એ વૈશ્વિક સ્તરે જેનરિક દવાનો સૌથી વધુ પૂરવઠો પૂરો પાડે છે, વોલ્યુમની દ્રષ્ટિએ વૈશ્વિક બજારનો ૨૦ ટકા હિસ્સો ધરાવે છે. ગરીબ લોકોને આરોગ્ય વિમો પૂરો પાડતી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેએવાય) જેવી સરકારી પહેલથી સસ્તી દવાઓને સરળતાથી મેળવી શકાય છે. ભારતનું મજબૂત ફાર્માસ્યુટિકલ ઉત્પાદકિત ક્ષેત્ર પણ હંમેશા એ વાતની ખાતરી કરે છે કે, તેઓ ઉચ્ચ-ગુણવત્તાવાળી અને મૂલ્ય-અસરકારક દવાઓનો સ્થિર પૂરવઠો પૂરો પાડી શકે. દેશનું નિયમનકારી માળખું પણ એ વાતની ખાતરી આપે છે કે, આ દવાઓ બ્રાન્ડેડ દવાઓ જેટલી જ સલામત અને અસરકારક ધોરણો પૂરા કરે. જેને પરિણામે સ્થાનિક અને આંતરરાષ્ટ્રિય બજાર ભારત પર મોટેપાયે આધાર રાખે છે. તો આઇબીઇએફના આંકડા અનુસાર, ૨૦૨૧માં ભારતની નિકાસ મૂલ્યની દ્રષ્ટિએ ૧૬ બિલિયન ડોલરે પહોંચી હતી.

એનપીપીએના મતે જેનેરિક દવાઓની કિંમત ૮૫ ટકા જેટલી નીચી હોય છે. જેનેરિક દવાનો સૌથી મોટો ફાયદો છે. તેનું વ્યાજબી હોવું. બ્રાન્ડેડ દવાઓ સાથે સંકળાયેલા પ્રારંભિક સંશોધન તથા વિકાસ ખર્ચ ઉત્પાદકોએ કરવાનો રહેતો નથી, તેથી તેઓ નોંધપાત્ર રીતે ઓછી કિંમતે દવાઓ ઓફર કરી શકે છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઇઝીંગ ઓથોરિટી (એનપીપીએ) અનુસાર, આ દવાઓની કિંમત ૮૫ ટકા જેટલી ઓછી આંકી શકાય છે, જેનાથી તે મોટી જનસંખ્યા સુધી પહોંચી શકે છે. સરકારના પ્રોત્સાહન અને વધતી જાગૃતિથી ગરીબ દરદીઓને લાભ મળી રહ્યો છે.

ભારતનું ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની મજબૂત ઉત્પાદન ક્ષમતાઓ અને સહાયક સરકારી નીતિઓ દ્વારા સતત વિકાસ પામી રહ્યું છે. જેનેરિક દવાઓ વધતા આરોગ્ય સંભાળ ખર્ચ માટે એક સસ્તો ઉકેલ પૂરો પાડે છે, જેનાથી ગ્રાહકો અને આરોગ્ય સંભાળ પ્રણાલી બંનેને ફાયદો થાય છે. જેમ-જેમ ભારત ઉદ્યોગમાં વૈશ્વિક નેતા તરીકે પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે, તેમ તેમ બજાર વધુ વિસ્તરવાની અપેક્ષા છે.

# જાપાનની કંપનીઓ હોન્ડા, નિસાન, મિત્સુબિશીનું મર્જર નહીં થાય

ટોકિયો: જાપાનની અગ્રણી ઓટોમોબાઈલ કંપનીઓ હોન્ડા, નિસાન અને મિત્સુબિશીએ પરસ્પર મર્જર અંગેની વાટાઘાટ સમાપ્ત કરી દીધી હોવાની જાહેરાત કરી છે. નિસાનના ચીફ એક્ઝિક્યુટિવ મકોતો ઉચિડાએ કહ્યું હતું કે મંત્રણાનું ફોકસ એક સંયુક્ત હોલ્ડિંગ કંપની બનાવવાનું હતું, પરંતુ ફોકસ બદલાઈને નિસાનને હોન્ડાની સબસિડરી બનાવવા તરફ વળી ગયું. આથી નિસાનને તે સ્વીકાર્ય નથી. હોન્ડાના ચીફ એક્ઝિક્યુટિવ તોશિહિરો માઈબે કહ્યું હતું કે હોન્ડાએ ઝડપી નિર્ણય માટે સ્ટોક સ્વેપનું સૂચન કર્યું હતું, પરંતુ તે સ્વીકારાયું નથી, તેથી હોન્ડા નિરાશ થઈ છે. એવા પણ અહેવાલ હતા કે તાઈવાનની ફોક્સકોન નિસાનને ખરીદવાની તૈયારીમાં છે. ગુરુવારે નિસાને ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામ જાહેર કર્યા હતા.



રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ફરજ બજાવતી પોલીસે સામાજિક સેવા પ્રદાન કરી માનવતા મહેકાવી હતી. નવયુવાન પોલીસકર્મીએ એક વૃદ્ધાને ઊંચકીને મતદાન કરાવ્યું હતું. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભાવનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય અને પેટાચૂંટણીનું શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં આજરોજ મતદાનનો પ્રારંભ થતા સંબંધિત મતદાન મથકો ખાતે મતદારોએ મતદાન કર્યું હતું. ભાવનગર જિલ્લામાં રવિવારે સવારના ૭ કલાકથી સાંજના ૬ કલાક સુધી મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂરી થઇ હતી. સ્થાનિક ચૂંટણી તંત્ર દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ, પારદર્શી રીતે સમ્પન્ન થાય તેની વિશેષ તકેદારી જાળવી રાખી હતી. સમગ્ર દિવસ દરમિયાન જિલ્લામાં સંબંધિત મતદાન મથકો ઉપર શાંતિપૂર્વક મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઇ હતી. નોંધનીય છે કે, મતગણતરી તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ થશે.મતદાતાઓએ સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કર્યું હતું. ભાવનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ માં ૩૩.૫૧ ટકા, અને શિહોર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૬૧.૨૭ ટકા, ગારિયાધાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૫૬.૭૭ ટકા તથા તળાજા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ૫૭.૩૦ ટકા મતદાન થયું હતું. જ્યારે તળાજા તાલુકા પંચાયતના ઉંચડી ખાતે ૨૭.૮૬ ટકા, નવા-જૂના રાજપરા ખાતે ૧૭.૧૫ ટકા, ભાવનગર (ગ્રા) ના લાખણકા ખાતે ૩૯.૬૦ ટકા, શિહોર તાલુકા પંચાયતના વળાવડ ખાતે ૩૭.૫૯ ટકા અને સોનગઢ ખાતે ૩૬.૪૮ ટકા મતદાતાઓએ પેટા ચૂંટણીમાં મતદાન કર્યું હતું.

## કચ્છના લુણવા ગામે ટોળાએ પોલીસના કાફલા પર કર્યો જીવલેણ હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છના ભચાઉના લુણવા ગામે પોલીસ કાફલા પર પથ્થરમારો, હત્યાનો પ્રયાસ કરાયો હોવાની ઘટના બની હતી. શનિવારે રાત્રે જાનથી માર નાખવાની ધમકી મળતા ફરિયાદીની મદદ માટે પીએસઆઈ, મહિલા પોલીસ સહિતનો કાફલો ગામે પહોંચ્યો હતો. આ દરમિયાન આરોપીઓ સહિત ૯૦ જેટલા શખ્સના ટોળાએ પોલીસ કાફલાને ઘેરીને હુમલો કર્યો હતો. સમગ્ર ઘટના મામલે ભચાઉ પોલીસે ૨૨ શખ્સ વિરુદ્ધ નામજોગ અને અન્ય ૬૦-૭૦ ટોળા સામે હત્યાના પ્રયાસ, ફરજમાં રૂકાવટ, સરકારી વાહનમાં તોડફોડ કરી જાહેર સંપત્તિમાં નુકસાન સહિતની વિવિધ ભારેખમ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, ભચાઉ તાલુકાના લુણવા ગામ ખાતે રહેતા પ્રવિણ ખેતાભાઈ કોલીએ શનિવારે રાજેશ સામત કોલી, શાંતિ ખેતા કોલી અને રમેશ મનજી કોલી વિરુદ્ધમાં જાનથી મારી નાખવાની ધમકી આપી હોવા મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ઘટના એમ છે કે, ગામમાં આરોપીઓ દ્વારા બનાવવામાં આવેલા મોટા બમ્પના કારણે વાહનોને નુકસાની ન થાય તે માટે ફરિયાદી પ્રવિણે બમ્પને થોડો તોડી નાખવા કહ્યું હતું. તેને લઈને આરોપીએ પ્રવિણને માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સમગ્ર મામલે પ્રવિણે પોલીસમાં ફરિયાદ નોંધાવીને ઘરે પરત ફર્યા હતા, ત્યારે આરોપી સહિતનું ટોળું હથિયાર સાથે આવી પહોંચ્યું હતું, અને પછી પ્રવિણના ઘરને સળગાવી દેવાની અને તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેને લઈને પ્રવિણે ભચાઉ પોલીસને જાણ કરતાં પીએસઆઈ સહિતનો પોલીસ કાફલો લુણવા ગામે પહોંચ્યો હતો.

## રાજકોટમાં સાઇકલ ખરીદી પર ૧૦૦૦ની સબસિડી છતાં વેચાણ ૬૦ ટકા ઘટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કોરોનાની મહામારીના સમયમાં લોકો સાઇકલને પરિવહનના સાધન તરીકે વાપરતા થાય તે માટે રાજકોટ મહાનગરપાલિકાએ સાઇકલ ખરીદીને પ્રોત્સાહન આપવા અર્થે સાઇકલ પ્રમોશન યોજના જાહેર કરી હતી. આ યોજના અંતર્ગત રાજકોટ મહાનગર પાલિકા પ્રત્યેક સાઇકલ ખરીદી પર રૂ.૧૦૦૦ ની સહાય આપતી હતી. આ માટે બજેટમાં કરોડો રૂપિયાની ફાળવણી પણ કરવામાં આવતી હતી, પરંતુ ગત વર્ષે સાઇકલ ખરીદીમાં ૬૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૯ના કોરોનાના સમયથી સાઇકલની ખરીદીને પ્રોત્સાહન આપવા માટે સાઇકલની ખરીદી પર પ્રતિ વ્યક્તિને ૧૦૦૦ રૂપિયાની સબસિડી આપવાની શરૂઆત કરી હતી. મનપાની આ યોજનાનો ખૂબ મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો, પરંતુ, યોજનાના પ્રારંભના ગાળાની સરખામણીએ ગયા વર્ષે સાઇકલની ખરીદીમાં ૬૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૩૪૧૪ સાઇકલનું વેંચાણ થયું હતું, જ્યારે મનપા દ્વારા ૧૦૦૦ની સબસિડી આપવામાં આવતી હોવા છતાં વર્ષ ૨૦૨૩-૨૪માં આ વેંચાણની સ્થિતિ ૧૩૪૦ સુધી પહોંચી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ મનપા દ્વારા શરૂ કરવામાં આવેલી આ યોજના માટે વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ સુધીમાં રાજકોત મનપાએ ૧૧,૮૬૦ અરજીઓને મંજૂર કરીને ૧.૧૮ કરોડ રૂપિયાની સબસિડી ચૂકવી છે. યોજનાના પ્રારંભિક ગાળામાં વોર્ડ ઑફિસમાં સાઇકલ સબસિડીના ફોર્મ ભરવા પડતા હતા, પરંતુ યોજનાને પ્રતિસાદ મળતા તેના માટે ઓનલાઈન અરજી પ્રક્રિયાની પણ સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## ગાંધીધામની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનારાને ૨૦ વર્ષની સખત કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: એક સગીરાનું અપહરણ કરી તેની ઉપર દુષ્કર્મ ગુજારવાના જે-તે સમયે ભારે ચર્ચાસ્પદ બનેલા કેસમાં ગાંધીધામની કોર્ટે નરાધમ શખ્સને તકસીરવાર ઠેરવી, તેને ૨૦ વર્ષની સખત કેદની સજા ફરમાવતો ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો.

આદિપુરના મણિનગર ઝૂંપડા વિસ્તારમાં રહેતા આરોપીએ અસલમ જાનમામદ સુણા સગીરવયની કિશોરીનું તેણીના ઘરમાંથી અપહરણ કરી પિડીતા ઉપર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગે ગત ૨૨મી માર્ચ,૨૦૨૨ના રોજ આદિપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીધામના સ્પેશિયલ પોકસો અને એડી.સેશન્સ ન્યાયાધીશ બી.જી.ગોલાણી સમક્ષ ચાલી ગયો હતો, જેમાં બંને પક્ષે રજૂ થયેલી દલીલો તથા સાહેદો અને દસ્તાવેજી પુરાવા તેમ જ મેડિકલ પુરાવાને ધ્યાનમાં રાખી અદાલતે આરોપીને તકસીરવાર ઠરાવીને ૨૦ વર્ષની સખત કેદ તથા ૨૭ હજારનો દંડ ફટકાર્યો હતો અને જો દંડની રકમ ન ભરે તો વધુ ત્રણ માસની કેદનો હુકમ કર્યો હતો. દંડની રકમમાંથી ભોગ બનનારને રૂા.૨૫ હજાર ચૂકવવા આ ચુકાદામાં ઠરાવવામાં આવ્યું હતું.વધુમાં વિકટીમ કમ્પેન્સેશન યોજના તળે ભોગ બનનારને રૂા.એક લાખ ચૂકવી આપવા ભલામણ કરાઈ હતી.

## આર્થિક ભીંસથી કંટાળી શિક્ષકની ઝેરી દવા પી લઇ આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના સાધુ વાસવાણી રોડ પરના પાટીદાર ચોકમાં સિલ્વર આઇકોનમાં રહેતા શિક્ષક રજનીકાંત લાલજીભાઈ કાલરિયા (ઉં.વ.૫૭)એ ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી. આર્થિક સંકડામણને કારણે આ પગલું ભરી લીધાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ રજનીકાંતભાઈ સામાકાંઠે આવેલી માસૂમ વિદ્યાલયમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. સાથોસાથ ભાગીદારીમાં બાંધકામનું કામ પણ કરતા હતા.

બપોરે તેમણે રતનપર ગામે આવેલા મંદિરના બગીચામાં ઝેરી દવા પી લેતાં બેભાન હાલતમાં સિવિલમાં ખસેડાયા હતાં, જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યા હતાં. કુવાડવા રોડ પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ કરી હતી. રજનીકાંતભાઈને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. આ પગલું ભરી લેતા પરિવારમાં કલ્પાતં સર્જાયો હતો.

## અંજારના મેઘપર ખાતે ભૂગર્ભ ટાંકામાંથી ૯.૨૪ લાખનો શરાબ જપ્ત

### ૩૧૨ બોટલ સાથે ચાલક રાજસ્થાનથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાની ટુકડીએ અંજાર તાલુકાના મેઘપર બોરીચી વિસ્તારમાં દરોડો પાડીને અન્ડરગ્રાઉન્ડ ટાંકામાં યુક્તિપૂર્વક છુપાવેલા રૂા.૯.૨૪ લાખની કિંમતનો અંગ્રેજી દારૂના જથ્થા સાથે ત્રણ શખસને ઝડપી પાડવામાં આવ્યા હતા, જયારે રાજસ્થાનના બાડમેરથી ભુજ તરફ આવતી ટ્રાવેલ્સ બસમાંથી નાની-મોટી ૩૧૨ જેટલી શરાબની બોટલ સાથે બસ ચાલકને સ્થાનિક પોલીસે ઝડપી પાડ્યો હતો. મેઘપર બોરીચી ખાતે બાતમીના આધારે દરોડો પાડીને પોલીસે છાનબીન આરંભી હતી. આ દરમ્યાન અહીં જમીનમાં બનાવેલા ટાંકામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.ની ૧૨૮૪ નંગ બોટલ મળી આવી હતી.

આરોપી હિંગળાજદાન ગોરૂદાન ગઢવી પોતાના કબજાના પ્લોટમાં વિદેશી દારૂનો જથ્થો સંગ્રહ કરવા માટે આ પ્રકારે જમીનમાં ટાંકો બનાવ્યો હતો. પોલીસે દારૂના જથ્થાનું ધ્યાન રાખવા માટે ઉપસ્થિત આરોપી સ્વરૂપસિંહ નારાયણસિંહ ચૌહાણ અને સવાઈસિંહ જોગસિંહ ચૌહાણની ધરપકડ કરી હતી. દરોડાની ચાલતી કામગીરી દરમ્યાન રેઈડથી અજાણ દારૂની પેટીઓ લેવા આવેલો મુખ્ય આરોપી હિંગળાજદાન પણ કાયદાના સંકજામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં ત્રણેય આરોપીની ધરપકડ સાથે કુલ રૂા.૧૪,૫૪,૧૬૮નો મુદ્દામાલ હસ્તગત કરી,વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

બીજી તરફ ભુજની ભાગોળે આવેલા કુકમા ગામ ત્રણ રસ્તેથી રાજસ્થાનના બાડમેરથી ભુજ આવી રહેલી બસને અટકાવી હતી. બસની ગહન તપાસ દરમ્યાન ડીકીમાંથી અલગ-અલગ બ્રાન્ડની નાની-મોટી શરાબની રૂપિયા ૯૮,૪૨૮ના મૂલ્યની ૩૧૨ બોટલ તથા બે મોબાઇલ કિં. રૂા.૫૫૦૦ અને ૧૫ લાખની બસ સહિત રૂા. ૧૫,૯૮,૪૨૮ના મુદ્દામાલ સાથે બસના ચાલક મોહનસિંહ ઉર્ફે મનસિંહ રાયસિંહ ચૌહાણ (રહે. તુંબડી જિલ્લો બાડમેર-રાજસ્થાન)ને ઝડપી લીધો હતો.

## મુંદરાના લુણીમાં ગાંજો વેચતા સહોદર ઝડપાયા



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં માદક પદાર્થની બદી સતત વધી રહી છે. સમયાંતરે દેશી દારૂની ભઠ્ઠીઓ, વિદેશી શરાબના જથ્થા ઉપરાંત ચરસ, ગાંજા જેવા ડ્રગ્સ પકડાવા હવે એક આમ બાબત બની ચૂકી છે તેવામાં લુણીમાંથી એક કિલો ગાંજા સાથે સહોદરને દબોચી લેવામાં આવ્યા હતા.

મુંદરા મરિન પોલીસ મથકના એ.એસ.આઇ.એ માહિતી આપતાં જણાવ્યું હતું કે, લુણીના અકબરીપીર મસ્જિદની બાજુના મકાનમાં માદક પદાર્થ ગાંજાનું વેચાણ થઇ રહ્યું હોવા અંગે મળેલા ઇનપુટના આધારે મુંદરા મરિન પોલીસે દરોડો પાડી બે સહોદર આરોપી સુલતાન મામદ ઉનડ અને મજીદ મામદ ઉનડ (રહે. બંને લુણી)ને ઝડપી તેમના કબજામાંથી રૂા. ૧૦,૭૩૦ની કિંમતનો ૧.૦૭૩ ગ્રામ ગાંજો, ૧૧૦૦૦ના ત્રણ મોબાઇલ, રોકડા રૂા. ૧૬૪૦ અને ડિજિટલ વજનકાંટો,માદક પદાર્થને પેક કરવાની પ્લાસ્ટિકની કોથળીઓ સહિત કુલ્લે રૂા. ૨૩,૩૭૦ના મુદ્દામાલ સાથે બંને આરોપીને ઝડપી એનડીપીએસ એકટ તળે ગુનો દાખલ કરી પોલીસે તજવીજ આદરી હતી.

## કુદરતી ઘાસચારાની અછત વચ્ચે લખપતના માલધારીઓની પશુધન સાથે હિજરત શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના લખપત તાલુકાનો માલધારી સમુદાય હાલ ગંભીર સંકટનો સામનો કરી રહ્યો છે. સતત વરસેલા કમોસમી વરસાદને કારણે કુદરતી ઘાસચારાનો સંપૂર્ણ નાશ થતાં મજબૂર પશુપાલકો તેમનાં ગૌધન સાથે અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે.

વર્તમાન સ્થિતિમાં ઘાસચારો કિલોદીઠ રૂ. ૧૦ અને પરિવહન ખર્ચ રૂ.૨ મળી કુલ રૂ.૧૨ની કિંમતે ખરીદવો પડે છે, જે માલધારીઓ માટે પરવડે તેમ નથી. લખપતના બરંદા, ચામરાઈ, ચામરા, ભેખડો, છેલ્લા વાંઢ અને ખડક જેવા છેવાડાના ગામોમાંથી હજારોની સંખ્યામાં પશુધન સાથે પશુપાલકો નખત્રાણા, ભુજ અને આસપાસના વિસ્તારોમાં સ્થળાંતર કરી ચૂક્યા છે.

કમોસમી વરસાદે સમગ્ર વિસ્તારના ઘાસચારાનો સોથ વાળી દીધો હતો. કમોસમી વરસાદે લીલા દુષ્કાળની સ્થિતિ સર્જી હતી, જેમાં ભેદી બીમારીને કારણે ૨૦ જેટલા લોકોએ જીવ ગુમાવ્યા હતા.

હાલ બાકી રહેલા પશુપાલકો પણ હિજરત માટે તૈયારી કરી રહ્યા છે. સ્થાનિકો સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ પાસે પશુધન માટે ચારિયાણની વ્યવસ્થા કરવાની માંગ કરી રહ્યા છે.



જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન થયું હતું, જેમાં યુવાન અને વૃદ્ધ તમામ મતદારોમાં ગજબનો ઉત્સાહ જોવા મળ્યો હતો. (તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

## ભાવનગરમાંથી રૂ. ૨.૫૧ લાખના વિદેશી દારૂ સહિત કુલ રૂ. ૭.૮૧ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાંથી એલસીબી પોલીસે ઇંગ્લિશ દારૂની બોટલ નંગ-૧૬૮ કિ.રૂ.૨,૫૧,૮૩૨/- સહિત કુલ કિ. રૂ.૭,૮૧,૮૩૨/- ના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ આજ રોજ ભાવનગર, એલ.સી.બી. પોલીસ સ્ટાફ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે દરમ્યાન બાતમી મળેલ કે, એક ગ્રે કલરની કારમાં બહારથી ભારતીય બનાવટનો પરપ્રાંત ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરી ચાવડીગેઈટથી નિલમબાગ તરફ જનાર છે. જે બાતમી આધારે વોચમાં રાખતા ભારતીય બનાવટ તથા ફોરેન મેડનાં ઇંગ્લિશ દારૂની કંપની સીલપેક બોટલો સાથે રાજદીપસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ ઉ.વ.૩૫ (રહે.કુમારશાળા પાસે, ગામ અવાણીયા,તા.ઘોઘા જી. ભાવનગર હાલ રહે.ગૃપ-૦૮, ગોંડલ ) ઝડપાયો હતો.

જ્યારે રામદેવસિંહ ગુમાનસિંહ ગોહિલ રહે. ઘોઘારોડ, શીતળામાતાના મંદિર સામે, ભાવનગર તથા મુકેશ ઉર્ફે મેક્સી બુધાભાઈ બારૈયા રહે.બાપા સીતારામ સોસાયટી, તરસમીયા રોડ, ભાવનગર ને ઝડપી લેવા પોલીસે તજવીજ હાથ ધરી છે. પોલીસે ઝડપેલ શખ્સ પાસેથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની બોટલ નંગ-૧૬૮ કિ.રૂ.૨,૫૧,૮૩૨/- સહીત કુલ કિ.રૂ.૭,૮૧,૮૩૨/- ના મુદ્દામાલ કબજે કરી હતી.

## અમરેલીના ભાડ ગામમાં છ સાવજો ગામમાં ઘુસી બે પશુનું મારણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીરકાંઠાના ખાંભા પંથકમા અવારનવાર સાવજો શિકારની શોધમા છેક ગામમાં આવી ચડે છે. તાજેતરમાં અહીના ભાડ ગામે પણ એકસાથે છ સાવજો રાત્રીના સમયે ગામમા ઘુસી આવ્યા હતા અને બે પશુનું મારણ કરતા ગ્રામજનોમા ફફડાટ ફેલાયો હતો.

સાવજોએ બે પશુનું મારણ કર્યાની આ ઘટના ખાંભા તાલુકાના ભાડ ગામે બની હતી. અહીં શિકારની શોધમા એકસાથે છ સાવજો આવી ચડયા હતા.

સાવજોએ ગામની બજારમા આંટાફેરા માર્યા હતા. બજારમા સાવજો એક ગાયની પાછળ શિકાર કરવા પણ દોડ્યા હતા જે ઘટના સીસીટીવીમા કેદ થઇ હતી.

અહીં સાવજોએ બે પશુનું મારણ કર્યુ હતુ. ગામમાં સાવજોની ડણકથી ગ્રામજનોમા ભય ફેલાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ખાંભાના ગ્રામ્ય વિસ્તારમા અનેક ગામોમાં સાવજો આવી ચડે છે અને દુધાળા પશુનુ મારણ કરવાની ઘટના અવારનવાર બનતી રહે છે.

## પાટણમાં ૧૦૫૯ કિલો શંકાસ્પદ ઘી અને ૮૬ કિલો તેલનો જથ્થો ઝડપાયો

અમદાવાદ: પાટણ શહેરમાં ત્રણ દરવાજા નજીક ઘી બજાર પાસે સાંકડી શેરીમાં વેપારી ભાવેશ જેસંગભાઈ મોદીનાં ગોડાઉનમાં ભેળસેળવાળું શંકાસ્પદ ઘી બનાવતા હોવાની આશંકાએ એક જ મહિનામાં એસઓજી પોલીસે સાંજે રહેણાંક ઘરમાં બીજી રેડ કરીને શંકાસ્પદ ૬.૩૫ લાખનો કિલો જથ્થો પકડ્યો હતો. ઘીમાં હળદર તેલ અને કલરનો મિક્સ કરી બજારમાં વેચાણ થતું હોવાની આશંકા હોય પોલીસે રેડ કરીને હાલમાં સ્થળ ઉપર જ તમામ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે. પોલીસે એફએસએલ અને ફૂડ વિભાગને જાણ કરતાં શંકાસ્પદ ઘીના ચાર અને તેલનાં બે સેમ્પલ લઇ લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા.

ઘરમાં ચાલી રહેલ મિની ફેક્ટરી સમાન ગોડાઉનમાં પોલીસ દ્વારા સ્થળ તપાસ કરતા કેટલા ઘીમાં કરવાના હળદર કલર, તેલની સામગ્રી મળતા પોલીસને ઘીમાં ભેળસેળ થતી હોવાની આશંકાએ સ્થળ ઉપર જ ૬,૩૫,૪૦૦નું (૧૭૨ ડબ્બા) ૧૦૫૯ કિલો શંકાસ્પદ ઘી અને ૧૬૭૭૦નું (વનસ્પતિ ઓઇલનાં ત્રણ અને ફોર્ચ્યુન સોયા હેલ્થ ઓઈલનાં ત્રણ ડબ્બા)૮૬ કિલો તેલનો જથ્થો સિઝ કર્યો હતો.